જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૯
માર્ચ-એપ્રિલ ૨૦૦૯
વર્ષ ૩ અંક ૧-૨

# ખોજ

જીવન એક અવિરત ખોજ

## આર્થિક કટોકટી



आ नो भद्रा क्रतव: यन्तु विश्वत: ।

–ऋग्वेद

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*–Xenophanes*
*A Greek bard, 570–475 B.C.*

# ખોજ

## જીવન એક અવિરત ખોજ

જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૯
માર્ચ-એપ્રિલ ૨૦૦૯
વર્ષ ૩, અંક ૧-૨

| | | |
|---|---|---|
| સંપાદકીય | | ૪ |
| પત્રો | | ૫ |
| તળિયેથી . . . . | | |
| - મોડાસા હીપેટાઈટીસ બી ઘટના | રાજેશ મિશ્રા | ૯ |
| - વિપદ સામેનો મરણિયો મોરચો | વર્ષા ચૌધરી | ૧૨ |
| - નૈતિકતાના સૈનિકો, એક નઝર... | અશ્વિન કારીઆ | ૧૪ |
| - સ્વાતના થીજી ગયેલા અધિકારો | મુર્તઝા રઝવી | ૧૫ |
| - મઝહબ નહીં સિખાતા... | ઈસ્માઈલ ગાંધી | ૧૭ |
| - સદ્‌ભાવના પર્વ | રાજેશ મિશ્રા | ૧૮ |
| - આર્થિક કટોકટી | અંબરીષ મહેતા | ૨૧ |
| - ડૉ. જ્હોન ટેલર સાથેનો વાર્તાલાપ | પીટર રોબિન્સન | ૩૧ |
| - The Present Economic Crisis | Mukesh Adenwala | ૪૦ |
| - ગરીબ, પણ છૈયે કેટલાં બધાં ! | ઈલા ર. ભટ્ટ | ૫૨ |
| - વડોદરાનું શુક્રવારી બજાર | ચિરાગ કાયસ્થ | ૫૭ |
| - સ્લમડોગ મિલિયોનેર | તૃપ્તિ પારેખ | ૫૮ |
| - આ પણ શહેરનો જ ભાગ છે, દોસ્તો | તૃપ્તિ પારેખ | ૬૦ |
| - લોકસભાના ઉમેદવારો- | રોહિત/તૃપ્તિ | ૬૧ |
| - ચૂંટણી ટાણે | તૃપ્તિ પારેખ | ૬૫ |
| - ગુજરાતની અસ્મિતા : મારી નજરે | | ૬૬ |

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુકલ
પાર્થ શાહ
ચ.અ. પ્રિયદર્શી

**આલેખન-સજાવટ**
જરીન જોષી

લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષ રૂા. ૬૫૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com
truptiparekh1@hotmail.com

‘ખોજ’માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

અમેરિકાની નાણાંકીય કટોકટીએ ત્યાંના અર્થતંત્રને તો જાણે મંદીમાં ધકેલી જ દીધું છે, પરંતુ સાથે સાથે આખા વિશ્વમાં ઘણા મોટા પ્રત્યાઘાતો પાડ્યા છે. વૈશ્વિક સ્તરે અર્થતંત્ર મંદીની પકડમાં આવી જાય એવો ખતરો પેદા કરી દીધો છે. છેલ્લાં કેટલાંયે વર્ષોથી ઝડપથી આર્થિક વિકાસ પામી રહેલા આપણા અને ચીન જેવા ઊભરતા દેશોમાં પણ એણે આર્થિક વિકાસની પ્રક્રિયાને ધીમી પાડી દીધી છે.

આ કટોકટીએ અર્થતંત્રના નિયમનમાં 'બજાર' અને 'રાજ્ય'ની ભૂમિકાનો સવાલ ફરીથી ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે. મોટાભાગના લોકો આ કટોકટીને 'મુક્ત બજાર'ના વિચારની ઘોર નિષ્ફળતાના ઉદાહરણ તરીકે જ જુએ છે. ૧૯૮૦ પછી દુનિયાભરમાં 'મુક્ત બજાર'નો જે વાવર ચાલ્યો તેમાં આ તો વહેલું મોડું થવાનું જ હતું એમ માને છે. બીજી બાજુ કેટલાક એવા લોકો પણ છે જે આવું કંઇક થાય કે તરત જ એ માટે 'સરકાર'ને જ જવાબદાર ઠેરવી દે છે. અને ચર્ચા બહુ ઝડપથી 'આઇડોલોજીકલ' તૂ તૂ મેં મેં માં સરી પડે છે. એમ ન થાય તે માટે જરૂરી છે કે ખરેખર શું થયું, ક્યા કારણસર થયું, એની હકીકતોના આધારે વિગતવાર જાંચ પડતાલ કરવામાં આવે.

જાણીતા અર્થશાસ્ત્રી જ્હોન ટેલર તેમજ અન્ય બીજા કેટલાક અર્થશાસ્ત્રીઓએ આવી જ વિગતવાર જાંચ પડતાલ કરી છે અને આ કટોકટી કેમ પેદા થઈ, કેમ આટલા લાંબા સમય સુધી ચાલી અને પછી કેમ આટલી ઘેરી બની તેની સિલસિલાબંધ હકીકતો રજૂ કરી છે અને એના અંતે એ તારણ પર પહોંચ્યા છે કે આ ત્રણે બાબતોમાં સરકારી નિર્ણયો અને હસ્તક્ષેપોએ ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવી છે. 'આર્થિક કટોકટી - બજારનો અતિરેક કે સરકારી અતિરેક ?' લેખમાં એમનાં મુખ્ય તારણો અને એના સમર્થનમાં એમણે જે સિલસિલાબંધ હકીકતો રજૂ કરી છે તેનો સાર આપવાની કોશિશ કરી છે. આ ઉપરાંત, આ કટોકટી અને તેના ઉપાય અંગે જ્હોન ટેલરે હુવર ઇન્સ્ટીટ્યુટના પીટર રોબીન્સનને જે એક લાંબો ઇન્ટરવ્યુ આપેલો તેનો ભાવાનુવાદ પણ આપ્યો છે. સાથે સાથે મુકેશભાઇ એડનવાલાનો આ કટોકટી અંગેનો એક અંગ્રેજી લેખ પણ આપીએ છીએ. આ લેખ તેમણે ઘણા સમય પહેલાં મોકલી આપ્યો હતો અને એમાં તેમણે આ કટોકટીને જુદા પરિપ્રેક્ષ્યથી તપાસી છે અને કેટલીક સંકુલ બાબતો અંગે ઘણી ઉપયોગી માહિતી પણ આપી છે.

આ ઉપરાંત, મુ. ઇલાબેન ભટ્ટના પુસ્તક 'ગરીબ, પણ છૈયે કેટલાં બધાં'માંથી ફેરિયાઓ સંબંધી લેખ પણ આપીએ છીએ. શહેરી વિકાસના નામે પરંપરાગત બજારો અને ફેરિયાઓને હટાવવાનો સિલસિલો જે વર્ષોથી ચાલતો આવ્યો છે અને આજે તો પૂરજોશમાં ચાલી રહ્યો છે તે કેટલો અન્યાયી અને આત્મઘાતી છે અને તેના બદલે ખરેખર શું કરવાની જરૂર છે તેનો સચોટ ખ્યાલ આપણને એમાંથી મળે છે.

**- સંપાદક**

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦

'ખોજ' નિયમિત મળે જ છે. નવે ડિસે.ના અંકમાં શ્રીમતી કવિતાબેન કરકરેનો 'એમનું મૃત્યુ . .' વાળો લેખ છાપ્યો તે સરસ કામ થયું. બીજાં સામયિકો Repeat કરે તેવી અપેક્ષા કરીને તંત્રીઓને વિનંતી કરી છે.

તમારી પ્રગતિથી આનંદ જ આનંદ છે.

*- જ્યોતિભાઈ દેસાઈ, વેડછી*

ખોજ' નવે-ડિસે ૨૦૦૮ના અંકમાં પ્રો. (ડો.) મહેબૂબ દેસાઈનો લેખ ''ઈસ્લામ અને (ઓમ) શાંતિ'' લેખ વાંચી આ લખવા પ્રેરાયો છું. પ્રસ્તુત લેખમાં કોઈ વૈચારિક ઊંડાણ નથી. અતિ સામાન્ય કક્ષાનો, છાપાની પૂર્તિઓ ભરવા માટે લખાતા લેખ જેવો, ઈસ્લામની વાહ વાહ કરતો લેખ છાપી 'ખોજ'નું સંપાદક મંડળ કયું લક્ષ્ય હાંસિલ કરવા માગે છે? જીવન એક અવિરત 'ખોજ' જેવું સૂત્ર ટાંકતા વૈચારિક સામયિકમાં આ કક્ષાના લેખો સામયિકની ગુણવત્તાને નીચી ઉતારે છે અને બહુમતી હિંદુઓમાં બૌદ્ધિકો, રેશનાલિસ્ટો, માનવવાદીઓ અને સેકયુલરો પ્રત્યેના અણગમાની તીવ્રતા વધારે છે કારણ કે ઉપર લખેલા વર્ગના માણસો કોઈ ભણેલો કે હોદ્દો ધરાવતો અથવા ઉદ્યોગ-ધંધા ધરાવતો મુસ્લિમ સંપ્રદાયનો માણસ મળે કે તેને અછોવાનાં કરવા માંડે છે. પણ ભલે તે તેના ધર્મગ્રંથ અને ધાર્મિક ક્રિયાકાંડમાં ચુસ્ત આસ્થા ધરાવતો હોય તે બાબત આંખ આડા કાન કરે છે અને આવા કોઈ હિન્દુ હોય અને ધાર્મિક ગ્રંથ કે ક્રિયાકાંડમાં ચુસ્ત શ્રદ્ધાળુ હોય તો તેને ઉતારી પાડે છે. 'ખોજ'માં શ્રી મહેબૂબ દેસાઈનો લેખ તેની સાબિતી છે. જો આવો જ કોઈ લેખ ગીતા કે ઉપનિષદ કે શિક્ષાપત્રીને આધારે તે સંપ્રદાયના અનુયાયીએ લખ્યો હોય તો તેને 'ખોજ' કે નિરીક્ષક જેવા વિચારપત્રો સ્થાન ન જ આપે અને આપવું પણ ન જોઈએ. પણ આવા કોઈ પંથ-સંપ્રદાયની વાહવાહ અને કેવળ પ્રશંસા કરતાં લખાણ ફક્ત હિંદુ નથી એટલે જ વિચારપત્રોમાં છાપવાં તે બાબત બિલકુલ અયોગ્ય છે. શ્રી મહેબૂબ દેસાઈ ઈતિહાસના પ્રાધ્યાપક અને અધ્યક્ષ છે. તેઓએ તો શોધ- સંશોધન કરી વૈચારિક લેખો લખવા જોઈએ (આ સૂચન નથી મારો મત છે).

ઈસ્લામમાં સમાનતા ને બંધુતા છે તે સારું છે પણ તેમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે ભારે ભેદભાવ છે તેનું શું? વળી ગુલામી પ્રથાને પણ માન્યતા આપી જ છે. યુદ્ધમાં પકડેલા પુરુષો અને બાંદીઓનું શું કરવામાં આવતું? આવા બીજા ઘણા પ્રશ્નો ઉદ્ભવે તો તેના વિશે કેમ કોઈ મુસ્લિમો ચર્ચા કે સંવાદ નથી ગોઠવતા? આવા હિંદુ કે ખ્રિસ્તી ધર્મગ્રંથો બાબત વિવાદ-સંવાદ થતો જ રહે છે. તો ઈસ્લામિક બાબતોમાં અંધારાં ઉલેચવા કોઈ બીજા પંથના લોકો તો નથી જ આવવાના પણ ઈસ્લામના જે આગળ પડતા કહેવાતા ઉદારમતવાદીઓ જે વાસ્તવમાં ચુસ્ત ધાર્મિક જ છે તેઓ કેમ પ્રયત્નો નથી કરતા ? કારણ કે તેઓની ધાર્મિક ચુસ્તતા અને શ્રદ્ધાળુતા સાથે તેઓના બૌદ્ધિકો, સેક્યુલરો, માનવતાવાદીઓ, રેશનાલિસ્ટો અને 'નિરીક્ષક' અને 'ખોજ' જેવા વિચારપત્રો પણ તેમનો સ્વીકાર કરે છે!!

અને આ જ પાયાની ભૂલ છે અને ઈરાદાપૂર્વક કરવામાં આવતી ભૂલ-ગુનો છે. ભારતમાં જાવેદ અખ્તર, શબાના આઝમી, અસગરઅલી એન્જિનિયર, દિલીપકુમાર જેવા જાણીતા અને બૌદ્ધિકો-સેક્યુલરો વગેરેએ સ્વીકારેલા બધા જ મુસ્લિમો પોતાની ધાર્મિક માન્યતામાં મૂળતત્ત્વવાદીઓ (ફંડામેન્ટલીસ્ટ) છે. પ્રો.જે.એસ બંદૂકવાલા તો કોઈ માનવઅધિકાર જેવી સંસ્થામાં હાલ પ્રમુખપદે બિરાજે છે!

શું આપણે એવી કલ્પના કરી શકીએ કે ધમેન્દ્ર મહારાજ, પ્રવીણ તોગડિયા જેવા કોઈ

મૂળતત્ત્વવાદીઓ માનવઅધિકાર જેવી સંસ્થામાં પ્રમુખ થાય?

મારા આ પત્રમાં નામોલ્લેખ સાથે દાખલા આપીને સમજાવવાની જરૂરિયાતને લીધે બધાનાં નામ લખ્યાં છે. તે આવશ્યક છે બાકી, અંગત રીતે કોઇ વિરોધ કે દ્વેષ નથી જ અને આ વિચારવલોણું ચાલે અને બીજા કોઇ આગળ વધારે તો જ જીવન એક અવિરત ખોજ સાર્થક થાય.

મિત્રો અને વિચારકોને એમ લાગશે કે ધર્મેન્દ્ર મહારાજ કે પ્રવીણ તોગડિયા સાથે આ લોકોની સરખામણી ન કરાય, તો વિચારવું જોઇએ કે તેઓ પણ ચુસ્ત ધાર્મિક અને ચુસ્ત ક્રિયાકાંડી છે અને અને ધર્મગ્રંથના અક્ષરે અક્ષરના પાલન ઉપર અને તેની ઇશ્વરી વાણી પર શ્રધ્ધા ધરાવે છે. એટલે જો કાલ ઊઠીને આ લોકોની સત્તા હોય તો તેઓ તેમના ગ્રંથ અને તેમની શ્રધ્ધા પ્રમાણે જ વર્તન કરશે. એટલે આજે બહુમતી ધરાવતા વર્ગના બની બેઠેલા પ્રતિનિધિની જેમ જ તેમનું વર્તન રહે તે સ્વાભાવિક છે. તેઓ તેમના ધર્મગ્રંથોમાં લખેલી બધી જ બાબતો વૈજ્ઞાનિક છે અને અમુક બાબતો દેખીતી રીતે જ ખરાબ લાગતી હોય તેવી બાબતોને મારી મચડીને સારી સાબિત કરે છે અને ઐતિહાસિક હકીકતોને પણ ઊલટાવી નાખે છે; જેમ કે હિન્દુવાદીઓ કહે છે કે આપણે ત્યાં સતીપ્રથા હતી જ નહીં. અમુક અપવાદો એવા બનેલા એટલે અંગ્રેજોએ આપણને ઉતારી પાડવા આવું બધું ઇતિહાસમાં લખેલું અને રાજા રામમોહન રાય જેવા અંગ્રેજોના દલાલો હતા! તેવી રીતે ઔરંગઝેબે પ્રજા પર જે જુલમો કર્યા અને રાજધર્મ ચૂકયો તે વાત કરવાને બદલે એક રાજયના વહીવટકર્તા તરીકે ઔરંગઝેબ કેટલો પ્રામાણિક અને નિસ્વાર્થ હતો તેવી વાતો મુસ્લિમવાદીઓ કરશે. મુખ્ય મુદ્દો એ છે કે શ્રી મહેબૂબ દેસાઇ, અસગરઅલી એન્જિનિયર કે જે.એસ. બંદૂકવાલા વગેરે કોઇપણ શ્રદ્ધાળુ મુસ્લિમનું તેમના પોતાના ક્ષેત્રમાં જે સ્થાન છે તે માટે તેઓ અધિકારી છે જ, પણ સેક્યુલરો, રેશનાલિસ્ટો અને માનવઅધિકાર વગેરે ક્ષેત્રોમાં તેઓનું સ્થાન કેટલું યોગ્ય છે? મારા મતે તો બિલકુલ અયોગ્ય જ છે. ખેર, આગળ જતાં આ વિષયમાં નિષ્ણાતો વિચારપ્રક્રિયાનો દોર સંભાળી મંથન કરે તો આજના સમયની જરૂરિયાત સંતોષાય પણ ખરી! ઇકબાલના એક શેરથી હું મારી વાત પૂરી કરીશ.

‘અગર હિંમત હૈ તો અપના ખુલ્દેબરી ખુદ પેદા કર, માંગી હુઇ જન્નત સે તો દોઝખ કા અજાબ અચ્છા હૈ.’

તા. ક.
‘ખોજ’ ના છેલ્લા કવર પર રવીન્દ્રનાથનું કાવ્ય છાપો છો તે કાવ્યના પ્રતિકાવ્ય જેવું જ કાવ્ય ભાવનગરના શ્રી નાથાલાલ દવેએ લખેલું, જે Free press Journalમાં ૯મી ઑગસ્ટ ૧૯૪૨ (૯ મી ઑગસ્ટ ૧૯૪૨ એ ‘ભારત છોડો’ લડતનો પ્રથમ દિન હતો.) ના સંદર્ભમાં છપાયેલું (જુઓ બાજુનો બોક્ષ), તેનો ઉતાર એક નિવૃત શિક્ષકની અંગત ડાયરીમાંથી મેળવીને મોકલુ છું. ‘ખોજ’ માં છાપવા જેવું છે, અને આજે પણ અસરકર્તા છે જ તે તમો જોઇ શકશો. શ્રી હરુભાઇ ત્રિવેદી સાથે શિક્ષણમાં સંકળાયેલા હાલ ૮૩ વર્ષના શ્રી સાલેહભાઇ વ્હોરા પાસેથી આ મેળવેલું છે.

***- રંગવાલા હકીમ. એચ., ભાવનગર***
*(મો. : ૯૮૨૪૯૫૭૬૦૯)*

[શ્રી હકીમ રંગવાલાએ આ પત્રમાં અગત્યનો મુદ્દો ઊભો કર્યો છે, પરંતુ એ કરતી વખતે ‘ધાર્મિક’ હોવું અને ‘ધર્મઝનૂની’ હોવું - એ બે વચ્ચેનો ભેદ કરવાનું ચૂકી ગયા છે. પરિણામે, એમની ટીકા અને સરખામણીમાં વિવેક ચૂક

## The prayer of youth

Where mind is suppressed into
silence by the arrogant might;

Where the soul shrinks back
while the body obeys orders;

Where the conscience is afraid
of the clang of fearful fetters;

Where power raises the
insolent whirlwind of lies to
defeat the truth;

Where frown crushes the
flower of healthy doubt;

Where empty authority treads
like spectre inspiring terror;

Where the dull routine
dreadens the living heart in the
name of discipline;

Where beauty shivers under
the cold glare of compulsion;

Against that Hell of Slavery,
O Father!
Give me strength to revolt

***- Nathalal Dave, Bhavnagar***
***(1942)***

થઈ છે. સેકયુલર કે માનવ-અધિકાર માટેની સંસ્થાઓમાં ધાર્મિક વ્યક્તિઓને સ્થાન નહીં હોવાનો કોઈ સવાલ જ ઊભો ન થઈ શકે - પછી એ હિન્દુ હોય કે મુસ્લિમ હોય, ખ્રિસ્તી હોય કે અન્ય કોઈ પણ ધર્મમાં માનનાર હોય. એમ કરવા જઈએ તો અનીશ્વરવાદીઓ કે નાસ્તિકો સિવાય કોઈ આવી સંસ્થાઓમાં રહી જ ના શકે. બીજા ધર્મોને ઊતારી પાડનાર અને ધર્મ-ધર્મ વચ્ચે વૈમનસ્યનું ઝેર ફેલાવનાર ધર્મઝનૂની લોકોને આવી સંસ્થાઓ-સંગઠનોમાં તો સ્થાન ન જ હોઈ શકે. એટલે પ્રો. બંદૂકવાલા, અઝગરઅલી એન્જિનીયર વગેરેની પ્રવિણ તોગડિયા કે ધર્મેન્દ્ર મહારાજ સાથે એમણે જે સરખામણી કરી છે તે સાવ ખોટી છે.

રહી વાત પોતાના ધર્મની નબળાઈઓ દૂર કરવા માટે આ મુસ્લિમ આગેવાનો શું કરી રહ્યા છે તેની. તે અંગે તો એટલું જ કહેવાનું કે એ માટે તો તેઓએ ઘણું કર્યું છે અને ઘણું કરી રહ્યા છે એ સૌ કોઈ જાણે છે. શ્રી હકીમભાઈની આ અંગેની જાણકારીના અભાવમાં ગેરસમજ હોય એમ લાગે છે. એક રીતે જોઈએ તો પ્રો. મહેબૂબ દેસાઈના જે લેખ સામે એમણે ઉપાડો લીધો છે એ લેખ પણ પોતાના ધર્મની નબળાઈઓ દૂર કરવાની - શુદ્ધિકરણની પ્રક્રિયાનો જ એક ભાગ ગણાય. નબળાઈઓ છતી કરવાની સાથે સાથે એના સારા અંશોને ઉજાગર કરીને તેના પર ભાર મૂકવાનું કામ પણ કરવું જ પડે. 'ખોજ'ના આ જ અંકમાં શ્રી ઈસ્માઈલ ગાંધીનો 'આતંકવાદ કે જેહાદના નામે બરબાદી ?' લેખ પણ આપ્યો જ છે. એની પણ શ્રી હકીમભાઈએ નોંધ લીધી હશે.

તા. ક. 'ખોજ'માં બને ત્યાં સુધી વ્યક્તિની ચર્ચા કે ટીકાને બદલે વિચારોની ચર્ચા કે ટીકા પર જ ભાર મૂકીએ છીએ એની નોંધ લેવા વિનંતી.]

**-સંપાદક**

નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૮નો અંક મળતાં આભારની લાગણી વ્યક્ત કરું છું.

'આતંકવાદ : સમસ્યા અને પ્રત્યુત્તર' જયંતી પટેલનો રસપ્રદ અને માહિતીસભર લેખ પ્રગટ થયો તે વાંચી ધન્યવાદ પાઠવું છું. વિજ્ઞાન-અધ્યાત્મ-૭ (બ) અનિલ પટેલનો વૈજ્ઞાનિક જ્ઞાનની માહિતી દર્શાવતો લેખ ગમ્યો. જ્ઞાનમાં સતત વૃદ્ધિ અને પ્રગતિનો મુદ્દો ગમ્યો.

'દબાણ ચાલુ રાખો. આ વખતે વિશ્વ પાકિસ્તાનને માફ ના કરી શકે' શશી થરૂરનો લેખ ગમ્યો.

સમગ્ર અંકનું સંકલન ખૂબ જ ગમ્યું. ધન્યવાદ.

***-રસિકલાલ વ્યાસ, ભાવનગર***

*(મો. : ૯૭૧૪૭૭૫૮૦૦)*

નવ મહિનાના પરદેશવાસ પછી ઘર ઉઘાડ્યું અને 'ખોજ'ના અંકો ઉપર ઉપરથી જોયા. એ જોતાં ખ્યાલ આવ્યો કે 'ખોજ'માં બે જાતના લેખો આવે છે. એક સમજાય એવા અને બીજા અનિલભાઇના.

બેય જાતના લેખો વાંચતાં દુઃખ થાય છે. અનિલભાઇના લેખ વાંચીએ ત્યારે લાગે કે આમાં કાંઇક સમજવા જેવું છે પણ આપણને સમજાતું નથી. અને તેથી દુઃખ થાય છે. સમજાય એવા લેખો દુઃખી જ હોય છે. એટલે દુઃખ થાય છે.

અનિલભાઇના લેખો ઉપરથી લાગ્યું કે એમની અને શ્રી અરવિંદ વચ્ચે કાંઇક સામ્ય છે. લખાણની ઘનતા એ પહેલું સામ્ય છે. બીજું સામ્ય એ લાગ્યું કે શ્રી અરવિંદ અતિમનસને ઉપરથી નીચે ઉતારવા મથ્યા. અનિલભાઇ વિજ્ઞાનને પશ્ચિમમાંથી ભારતમાં નહીં તો ગુજરાતમાં 'ખોજ'ના વાચકો સુધી ઉતારવા મથે છે. આપણે માટે તો વિજ્ઞાન પણ અતિમનસના ભાગ જેવું જ લાગે છે.

સમજાય એવા 'ખોજ'ના લેખકો ભગવાન બુદ્ધના પાયાના વિધાન પાસે બેસી પડ્યા હોય એમ લાગે છે. જીવન દુઃખમય છે, એ વાત 'ખોજ'નો વાચક એક મહિના માટે ય ન ભૂલે એની આ લેખકો તકેદારી રાખતા હોય એવું લાગે છે. આ પરિસ્થિતિ કે સંજોગમાં તંત્રી-સંપાદક નિર્દોષ નહીં તો અસહાય હશે.

મને યાદ નહોતું કે પરદેશ જતાં પહેલાં મેં વિચાર-વલોણું સામયિકનું લવાજમ ભરેલું. ગેરહાજરીના નવ મહિનામાં એના પણ ઘણા અંકો આવીને પડ્યા હતા. એ અંકો જોતાં લાગ્યું કે, 'વિચાર-વલોણા'માં ય ખોજ તો હોવી જોઇએ. પણ ''વિચાર વલોણું'' ના અંકો-પુસ્તિકાઓ વાંચતાં તો લાગ્યું કે એના લેખકો સંપાદકોને જીવન દુઃખમય હોય એવો ખ્યાલ આવ્યો નથી. એ જોતાં આશા બંધાય છે કે 'ખોજ'ની ઘેરી ઉદાસી હળવી કરવા હોઇ જિજ્ઞાસુ લેખક બીડું ઝડપે ખરો. 'ખોજ'નું કવર અને ગેટઅપ તો ચીયરફુલ છે જ.

તા. ૬. જુલાઇ-ઑક્ટોબરના કવર પરનો ડાર્વિનનો ફોટો Impressive અને બહુ સરસ છે અને ખરી કાળજીથી છાપ્યો છે એ માટે અભિનંદન.

***- કુમાર ભટ્ટ, અમદાવાદ***

'ખોજ' નવે-ડીસે.નો અંક મળ્યો. એ બદલ આભાર. તેમાનું કેટલુંક લખાણ પૂ. મોરારિબાપુએ ઉઠાવેલ સર્વધર્મ સંવાદના નવતર અવાજ જેવું છે. તમારો પ્રયત્ન પણ સર્વ-ધર્મ સંમેલનમાંથી ઉઠેલ યજ્ઞની ધુમ્રસેર જેવો છે, જે સતત બ્રહ્માંડની આરપાર હોજો.

***- સવજી છાયા, દ્વારકા***

''જીવન એક અવિરત ખોજ'' એ ઘણું વિશાળ ક્ષેત્ર છે, છેક પાતાળથી આકાશ સુધી 'જીવન' જોવા મળે છે. પરંતુ મનુષ્યજીવન પૃથ્વી પર જ છે. તેમાં સેંકડો પ્રકારના વિચારો-આચારોવાળા મનુષ્યો છે. ભારતમાં પણ વિવિધ વાણી ને વેશ, વિવિધ રંગો ને કેશ. આ બધામાં થોડોક સંકોચ કરીને ફક્ત ગુજરાત માટે વિચારીએ, તો પણ ગુજરાતની ચારે દિશાઓમાં અલગ-અલગ રહેણીકરણી, અલગ પાડે તેવા ભાષાના ઉચ્ચારો, તેમાં પણ કચ્છી ભાષા તો હજુ પણ સમજાતી નથી, છતાં તે ગુજરાતનો ભાગ છે. આવી વિવિધતામાં આપણે 'ખોજ' કરવાની છે. શેની ખોજ કરીશું? વિવિધતામાં 'એકતા' કયાં છે તેની ખોજ કરવી જરૂરી છે. આ કાર્ય ઘણું મુશ્કેલ છે, છતાં તે કરવા જેવું છે.

આપણા સૌ વચ્ચે એકતા સધાય એવો સેતુ ''આઝાદી''નો હતો, ૧૯૪૭ માં આઝાદી મળ્યા પછી 'લોકશાહી' આવી, બંધારણે તમામ પુખ્ત વયના લોકોને સરકારના પ્રતિનિધિઓ ચૂંટવાનો 'મત અધિકાર' આપ્યો, બધાને સરખો. કારણકે, પ્રયત્ન હતો વિવિધતામાં એકતા ઊભી કરવાનો.

તે છતાં, વાસ્તવિકતા બહુ બિહામણી હતી. એક ધર્મમાં માનનારાઓમાં જાતિવાદ હતો, તે જાતિવાદમાં પાછો સંપ્રદાયવાદ હતો, તેમાં પણ પેટા વિભાગો હતા. આઝાદી જંગમાં જેઓ સાથે હતા, તેઓ પણ આઝાદી પછી જુદીજુદી છાવણીઓમાં વહેંચાતા ગયા. રાજકારણે તેઓને જુદીજુદી છાવણીઓમાં જતા કર્યા, ગાંધીજીએ જે સમાજવ્યવસ્થાને એક કરવા પોતાના આશ્રમ જીવન મારફતે પ્રયત્નો કરેલા, તે સમગ્ર વાતો આઝાદી પછીનાં ફક્ત દશ વર્ષમાં જ ભૂંસાતી ગઈ. સમાજનું એકીકરણ થવાને બદલે વિઘટન થતું ગયું. એટલે આપણી સામે 'ખોજ' કરવા માટે વિશાળ પ્રશ્નો છે. તે બધામાંથી આપણે કયી દિશા પકડીએ તે નક્કી કરીએ અને તે અંગે 'ખોજ' કરીએ.

એક વાચક તરીકે અને એક સામાજિક કાર્યકર તરીકે પહેલી પસંદગી 'ગરીબી કેમ વધે છે' તે અંગે 'ખોજ' કરવાની છે, કારણ કે ગરીબી જ્યાં અથડાયા કરતી હોય ત્યાં સુખી-સંપન્ન લોકોનાં મનમાં પણ તે પ્રશ્નો અથડાતા જ હોય. યુરોપ અને અમુક અંશે અમેરિકામાં ઊંચ-નીચની આર્થિક અવસ્થાઓ હોવા છતાં ત્યાં ગરીબી રસ્તા પર કે સમાજજીવનના વિવિધ ભાગોમાં અથડાતી નથી. માટે ભારતમાં ૬૦ વર્ષની આઝાદી પછી આર્થિક રીતે ગરીબ અને સામાજિક રીતે પણ પછાત એવા પ્રશ્નો આપણી વચ્ચે છે. તે કેમ ઓછા થાય તે માટેની 'ખોજ' મારે મન વધુ જરૂરી છે.

હું એ વાત જાણું છું કે, તમારા વર્તુળમાંથી ભાઈ અનિલ પટેલ અને મિત્રો એક જિલ્લાના છેવાડાના ગામે લોકચેતના મારફતે છેક નીચેથી વિકાસ થાય તે માટે વર્ષોથી કાર્ય કરે છે. આવા મોડેલ ગુજરાતમાં કેટલેક ઠેકાણે છે કે જેનાથી સત્તા-સંચાલન કરનારાઓને વિકાસની રીતો જાણવા મળે. અફસોસ એ છે કે પ્લાનિંગની પ્રક્રિયામાં જેઓ નીચેના સ્તરથી લોકશક્તિનો વિકાસ કરે છે તેઓને સામેલ કરવામાં આવતા નથી, એટલે આપણી 'ખોજ' એવા મિત્રોને જાગૃત કરવા માટે કરવાની છે.

'ખોજ'નું પ્રકાશન 'દરેક ક્ષેત્રમાં ખોજ થાય છે' તે દર્શાવે છે. તેના નામ સાથે તે સાર્થક છે.

લેખકો-વાચકોનાં સરનામાં જો છાપો તો 'ખોજ' વાંચતાં જે પ્રતિભાવો જાગે તે સાથે સીધા લખવાનો આનંદ કેટલાકમાં જાગશે. કેટલાંક સામયિકો તે આપે છે. વિચારજો.

***- સૂર્યકાન્ત પરીખ, અમદાવાદ***

*( ફોન ૦૭૯ ૨૫૫૦૩૯૯૬)*

**પ્રિય વાચકો,**

અમને આશા છે કે 'ખોજ'ના અંક આપને નિયમિત અને સારી સ્થિતિમાં મળતા હશે. જો એમ ના હોય તો, અથવા લવાજમ અંગે અન્ય કોઈ પ્રશ્ન હોય તો અમારી ક્ષમાયાચના સ્વીકારશો અને નીચે આપેલાં અગત્યનાં સૂચનો ધ્યાનમાં રાખશો.

- ❖ મેઈલિંગ લેબલ પર આપના ગ્રાહક ક્રમાંકની સાથે લવાજમ પૂરું થતું હોય એ મહિનો/વર્ષ આપ્યાં હોય છે, જે ધ્યાનમાં રાખી ફેરલવાજમ મોકલવાનું ચૂકશો નહીં.
- ❖ લવાજમ ભરતી વખતે પૂરું સરનામું, પીનકોડ, ટેલિફોન નંબર લખી મોકલશો.
- ❖ લવાજમની રસીદ સામાન્ય રીતે 'ખોજ'ના એ પછીના અંક સાથે મોકલીએ છીએ. લવાજમ મળ્યાનું પોસ્ટકાર્ડ જોકે તુરંત લખી દઈએ છીએ. જો આપને રસીદની તાત્કાલિક જરૂર હોય તો લવાજમ ભરતી વખતે એની સ્પષ્ટ સૂચના લખશો.
- ❖ જો આપનું સરનામું બદલાયું હોય તો અમને એની જાણ કરશો.
- ❖ કોઈ અંક ના મળ્યો હોય તો જણાવશો. અમે બીજી નકલ મોકલી આપશું.
- ❖ જો ભૂલથી આપના સરનામે બે નકલ આવતી હોય તો અમને જાણ કરશો.
- ❖ શરૂઆતનાં બે વર્ષના જૂના અંકોનો બાઈન્ડિંગ કરાવેલો પૂરો સેટ 'આર્ચ'ના વડોદરા તથા માંગરોળના સરનામેથી મળશે. એની કિંમત (પોસ્ટેજ ખર્ચ સહિત) રૂ. ૨૫૦/- છે અને બહારગામના ચેકમાં રૂ. ૪૦/- ઉમેરવા વિનંતી છે.

## તળિયેથી . . . . .

# મોડાસા હીપેટાઈટીસ બી ઘટના ના અનુસંધાનમાં

**- રાજેશ મિશ્રા**

'વકીલ સાહેબ, સુરત જઇને લોહી ટેસ્ટ કરાવી જ આવો, મને શંકા છે. ગોળી લો તો સારું લાગે છે પણ ટેસ્ટ તો કરાવો જ.' વકીલ સાહેબ ટેસ્ટ કરાવી આવે છે. રિપોર્ટ જોઇને, 'પંદર વીસ દિવસથી ફાલ્સીપેરમ મેલેરિયા લઇને ફરો છો. સુરત જઇ કોઇ હોસ્પિટલમાં દાખલ થઇ જાવ.' વકીલ સાહેબ કહે, અહીં જ કરોને. તો તેઓ કહે, 'દવા કરું ખરો પણ એક શરતે. દસ દિવસ દોડધામ નહીં. વધારેમાં વધારે ઘરથી ઓફિસ સુધી. ચોમાસાના દિવસો છે, ઝેરી મેલેરિયા હોય અને કયારે ન્યુમોનિયા થઇ જાય તે કહેવાય નહીં.' વકીલમિત્ર સંમત થયા. ઝેરી મેલેરિયાની દવા મેફ્લોક્વીન, ગ્લુકોઝ બાટલા અને એન્ટીબાયોટીક ચાલુ કરવામાં આવે છે. વકીલમિત્ર દસેક દિવસમાં સાજા થઇ જાય છે. કુલ મળી રૂપિયા છસોની આસપાસ ખર્ચ થયો. તે ડોકટર ડીગ્રી વિનાનો કે જેને લેભાગુ ઓળખાવાય છે તે હતો!

એક વાર નસવાડી મુખ્ય મથકથી દૂરના ડુંગરાળ અંતરિયાળ ગામે જવાનું થયેલ. આખા દિવસની મિટિંગ પછી સાંજે ડુંગર પર ફરવા પણ ગયો. કલાકેક પછી ભારે માથું ચઢયું. કંઇ ખબર જ ના પડે કે શું કરું. જેના ઘરે ઊતરેલ તે આદિવાસી પણ ચિંતામાં પડી ગયો. એક આદિવાસી ઘેર જઇ તેણે નહીં લીધેલી ગોળીઓનું પડીકું લઇ આવ્યો. પણ કઇ ગોળી હતી તે ખબર ના પડી એટલે લીધી નહીં. થોડી વારે એક જણે કહ્યું, દુકાને ડોકટર આવે છે. મને ખૂબ નવાઇ લાગી ! દુકાને ડોકટર આવે છે એટલે શું? પણ વિચારવાના હોંશ જ કયાં હતા. સીધો ત્યાં ગયો. દુકાનદાર તો બહારગામ ગયેલો. ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના જયસ્વાલ વરસોથી અહીં દુકાન કરે છે. તેને ત્યાં એકાંતરે દિવસે સ્કુટર પર ડોકટર આવે. ભેગા થઇ રાહ જોતા દર્દીઓને દવાઓ આપી જાય. દુકાનદારનાં પત્ની હતાં. તે કહે ટેબલમાં જોઇ લો, દવાઓ પડેલી છે. "વો (તેમના પતિ) હોતે તો દવા દે દેતે, ઉનકો સબ આતા હૈ. એક તાવ કી ગોલી ભી હોગી વો ડોકટર એક સાથ દો લેને કો બોલતા હૈં." ટેબલમાં પેરાસીટામોલ અને જાતજાતની દવાઓ પડેલી હતી. પણ મને પેલી બે ગોળીની શોધ હતી. તે બે ગોળી મેલોસાઇડની જ નીકળી અને બ્રુફેન પણ મળી. તે જોઇ મારા જીવમાં જીવ આવ્યો. દવાઓની એકસપાયરી ડેટ તો આમ પણ વંચાતી નથી તેથી તે માથાકૂટમાં પડયા વિના અને સાદો મેલેરિયા કે ફાલ્સીપેરેમ, જે હશે તે, ગોળીઓ લઇ જ લીધી. બીજા દિવસની મિટિંગો પતાવી સ્કુટર પર ઘેર પહોંચી શક્યો.

વરસો પહેલાં આંખ આવવાનો ચેપ ફેલાયેલો હતો. નર્મદાનાં ડુબાણ ગામોની આસપાસનાં ગામોમાં દુકાન કરતા દુકાનદારોએ હજારોની સંખ્યામા આંખનાં પોપટાં -ક્લોરમફેનીકોલ એપ્લીકેપ- તરીકે ઓળખાતી ટયુબ ખરીદી લાવીને ઊંડાણનાં ગામડાંઓમાં પહોંચાડેલી. આંબાડુંગર ખાતે દુકાન કરતા શેઠ કહે કે ચામડીના કે એવા કોઇ રોગ ફાટી નીકળે તો તેની કઇ દવા આવે તે તો ખબર પડી જ જાય પછી ખરીદી લાવીએ અને ડુંગરપટ્ટીમાં પહોંચાડીએ. અહીં ડોક્ટર થોડા જ આવે?

છેલ્લા કેટલાય દિવસથી છાપાં ખોલું છું અને હેડલાઇનો પર નજર ફરે છે. આખા ગુજરાતમાં બંગાલી ડોકટર કે લેભાગુ તરીકે પ્રખ્યાત આર.એમ.પી. ડોક્ટરો ગામડે ગામડે ફેલાયેલા છે. હમણાં હમણાં તેમની પર શાસન તૂટી પડયું છે કેમ કે ઉત્તર ગુજરાતના મોડાસામાં હીપેટાઈટીસ બી નો રોગચાળો ફેલાયો છે. આ હેડલાઇનો જોઉં છું અને મનમાં વિચાર આવી જાય છે કે પેલા વકીલમિત્રને કંઇક છે તેની શંકા કરી જબરદસ્તીથી લેબોરેટરી કરાવનાર અને પછી દસ દિવસના કંપલીટ રેસ્ટની શરતે છસો રૂપિયામાં ઝેરી મેલેરિયાની દવા કરનાર તે ડોકટર આવી જ કોઇ હેડલાઇનનો આરોપી બની ગયો હશે! અને તેની સામે કદાચ કેસ થઇ ગયો હશે. ગામડે ગામડે એલોપથી દવાનાં ડબલાં લઇ સ્કુટર પર ફેરી કરવા નીકળનાર એમ.બી.બી.એસ. કેટલાં?

મોડાસા રાજસ્થાનની હદ પાસેનું વેપારી મથક છે. ટ્રાન્સપોર્ટનો મોટો ધંધો છે. શહેરના દાકતરી ધંધામાં કુલ પૈકી ૩૦ ટકા જેટલાં દર્દીઓ રાજસ્થાનનાં છે. મોડાસાના સરકારી ડોક્ટર આર.એલ. ઝપરકરે સગાંસંબંધીઓમાં ચાલી રહેલી એક સામાન્ય વાતચીત સાંભળી. તેમને શંકા ગઇ. મોડાસાનાં દવાખાનાઓમાં ફર્યા અને ચોંકી ઊઠયા. તરત જ ઉપલા અધિકારીઓને માહિતી પાઠવી કે કંઇક વિચિત્ર બની રહ્યું છે. આરોગ્ય વિભાગના અધિકારીઓએ દર્દીઓના લોહીના HbsAg અને SGPT રિપોર્ટ કઢાવવાની સૂચના આપી. જોતજોતાંમાં ઝેરી કમળો - હીપેટાઈટીસ બી - હોવાનું સમર્થન ઠેકઠેકાણેથી મળવા માંડયું. છેલ્લી માહિતી મુજબ ૮૧ લોકોએ જાન ખોયા છે. નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજીનાં ડો. વિદ્યા અરાલકર માહિતી આપે છે કે સામાન્યતઃ હીપેટાઈટીસ બીનો ફેલાવો લોહી મારફતે થાય છે. દર્દીઓને અપાતાં ઇન્જેકશન, બાટલામાં કાળજી ના રખાય, વપરાયેલ સોય-સીરીંજ ફરી બીજા દર્દી પર વપરાશમાં લેવાય તેવા સંજોગોમાં આ રોગ ફેલાય છે. વિગતે તપાસ કરતાં જાણવા મળે છે કે આવું કરનારાઓમાં મોડાસાના બે પટેલ પિતાપુત્ર એમબીબીએસ ડોકટરો છે. હીપેટાઈટીસ બી થયો અને મૃત્યુ પામ્યા હોય તેવા દર્દીઓમાં પટેલ ડોકટરોને ત્યાંથી ઇન્જેકશન કે બાટલા લીધેલ તેવા દર્દીઓનું મોટું પ્રમાણ નોંધાયું છે. આ પિતાપુત્ર ડોકટરો સામે ફોજદારી કેસો નોંધાયા છે. તે સિવાય

અન્ય કોઇ સામે આ બાબતે કેસો થયા નથી. તે પરથી કહી શકાય કે લેભાગુ કે બંગાલી કે આર્યુવેદીક કે આર.એમ.પી. ગણાતા ડોક્ટરોને ત્યાંથી રોગ ફેલાયો હોય તેવા કિસ્સા કદાચ નહીં હોય.

મોડાસા હિપેટાઇટીસ બી ઘટનાનું  એક બીજું પાસું પણ છે. ડો. વિદ્યા અરાલકર કહે છે કે હિપેટાઇટીસ બી નું વાયરસ ફેરફાર -મ્યુટેટ- થઇને ફેલાયું છે, અને આક્રમક બનેલ છે. હીપેટાઈટીસ-બીનું વાયરસ ચીન અને એશિયાના બીજા અમુક દેશોમાં કાયમી endemic જોવા મળે છે પણ મોડાસામાં જે જોવા મળે છે તે કંઇક જુદું જ છે. અહીં દર્દીને તાવ આવે, પેટમાં દુઃખે, ઝડપથી તબિયત લથડવા માંડે, બેભાન થઇ જાય અને બે ત્રણ દિવસમાં મૃત્યુ પામે. રાજ્ય સરકારે વ્યાપક ઝુંબેશ હાથ ધરી છે. મોડાસા એકલામાં જ હીપેટાઈટીસ બી ની ૭૭૦૦૦ જેટલી રસીઓ અપાઇ છે. પણ સવાલ એ થઇ રહ્યા છે કે હીપેટાઈટીસ-બીની  રસી તો નોર્મલ હીપેટાઈટીસ બી માટેની છે ત્યારે મોડાસામાં જોવા મળે છે તે તો ફેરફાર થયેલ વાયરસ છે.

સવાલ ચિંતાજનક છે.  મોડાસામાં ચેપ ફેલાયો અને તેના કારણભૂત તરીકે જે ઓળખાયા તે એમ.બી.બી.એસ. ડોકટરો છે છતાં મોડાસા ઘટના બાદ ગામડે ગામડે પથરાયેલા અને તાત્કાલિક સારવાર કરી આપનાર લેભાગુ તરીકે ઓળખાતા આર.એમ.પી. ડોકટરો પર સીધી તવાઇ આવી છે, દવાખાનાઓ પર સીલ વાગી ગયા છે અને તેઓ રાતોરાત ઉચાળા કરી ગયા છે. ઉપર જણાવેલ વકીલ મિત્રને ઝેરી મેલેરિયા થયો તે જ અરસામાં શહેરમાં એક સંબંધીને ઝેરી મેલેરિયા થયેલો. સોસાયટી નજીકના એક એમ.ડી. ફીજીશીયનના દવાખાને દાખલ કર્યો.  ઝેરી મેલેરિયાની દવા તો એની એ જ હોય પણ ગ્લુકોઝ બાટલા દરરોજના પાંચ સાત લગાતાર ચાર દિવસ સુધી. છેલ્લે બીલ થાય છે બાર હજારનું. બાટલા ચઢાવવાના બાટલા દીઠ ત્રીસ રૂપિયા તો ખરા જ પણ બાટલામાં જ શકિતનાં (વીટામીનનાં) ઇંજેકશન ઉમેરી દે તેના પણ વીસ અલગથી ગણે. નવાઇ લાગે તેવા ચાર્જીસ ચઢાવાય અને નવાઇ લાગે તેવી દવાઓ. સામાન્ય રોગ માટે વીસ વીસ દવાના પ્રિસ્ક્રીપ્શન લખાયેલાં પણ જોયાં છે. એક મિત્રના સગા અમેરિકાથી વડોદરા આવેલા. સહેજ ગભરામણ થઈ અને ફેમીલી ડોકટરે હાર્ટની ખ્યાતનામ હોસ્પિટલમાં મોકલી આપ્યા. અનેક રીપોર્ટ થયા. છેવટે ડોકટરે તારણ કાઢયું. લોહી લઇ જતી નળીઓ ૯૦% બ્લોક છે પણ દસેક દિવસમાં ઓપરેશન કરાવશો તો વાંધો નહીં. આ વાતથી મિત્ર ચોંકયા અને ભારે ગભરાયા. સગાંવહાલાં ભેગાં થઇ ગયાં. એક મિત્રે સૂચન કર્યું કે સેકન્ડ ઓપીનીયન લઇએ. હાર્ટના બીજા એક ડોકટરને મળ્યાં. બીજા ડોકટરે જોઇ તપાસી ગોળીઓ લખી આપી. ૯૦ ટકા હાર્ટ બ્લોક હોવાની અગાઉના ડોકટરની વાત પર તો સીધો સવાલ જ કર્યો કે બ્લોક છે જ કયાં? બે ત્રણ દિવસની દવા બાદ તેમને સારું થઇ જાય છે. એક બાજુ રોગો જટિલ થતા જાય છે અને બીજી બાજુ ડોકટર અને દર્દી વચ્ચે શંકાનાં જાળાં થતાં જાય છે.

મોડાસામાં હીપેટાઈટીસ બી નું વાયરસ ફેરફાર થઇ આક્રમક બન્યું છે અને સાવ ક્ષુલ્લક ગણતરીએ કે સાવ જ બેપરવાઇથી મોડાસાના પિતાપુત્ર ડોકટરો તબીબી વિજ્ઞાનના પ્રાથમિક પાયાના સિદ્ધાંતો વિરુધ્ધની પ્રેકટીસ કરી તે વાયરસને હાથવગા બન્યા. મેલેરિયાની થોડી વાત કરીએ.  અત્યાર સુધી મચ્છરની એક ઓળખ હતી. તેઓ એરોપ્લેન, તમરાં જેવા અવાજની રીંગ ટોન લઇને આવતા અને આપણે એલર્ટ થઇ જઇએ. પણ હવે તેઓ રીંગ ટોન ઓફ કરીને સાયલન્ટ મોડમાં આવે છે.  મેલેરિયાના મચ્છર શીખ્યાં છે કે શું છે એ તો વિજ્ઞાનીઓની તપાસનો વિષય બને છે પણ એક વાતનો પાકો અનુભવ છે કે આજકાલના આ મચ્છર મરણિયા defiant છે. જે કાન આપણને સાવચેત કરે તે કાન પર જ સીધા કરડે છે! મેલેરિયાનાં લક્ષણો પણ સાવ જુદાં જ દેખાય છે. તાવ આવે તો આવે, ના પણ આવે. ઠંડી લાગે તો લાગે, ના પણ લાગે. સાવ જ વિચિત્ર ફરિયાદ હોય. પેટમાં કે હાથ કે પગના તળિયે દુઃખાવો થાય, ખભો કે ઘૂંટણ પણ દુખે કે મગજ સુન્ન થઇ જાય - બાઘા દેખાવા માંડે. સાવ જ અસ્પષ્ટ ફરિયાદ/ચિહ્નો હોય. લોહી તપાસ કરવામાં આવે તો મેલેરિયા નીકળે. અમારા - આર્ચ માંગરોલના - દવાખાને એક ભાઇ આવેલા. ડાબો ખભો દુખવાની ફરિયાદ. અમારા આરોગ્ય કાર્યકરોએ વિગતવાર હિસ્ટ્રી લેવાની આરંભી. મેલેરિયા તરફ વાત જતી લાગે એટલે દર્દી અકળાઇ જાય, તાવ નથી ઠંડી નથી લાગતી, મેલેરિયા શેનો હોય? ઊંડે ઊંડે તેમને હૃદયની બીમારીની શંકા અને અપેક્ષા એવી કે કાર્ડિયોગ્રામ વગેરે થાય તો સારું. પણ આરોગ્ય કાર્યકરોએ સવાલ કર્યે રાખ્યા, હિસ્ટ્રી કઢાવી, લોહીનો ટેસ્ટ કરાવવા સેમ્પલ અપાવ્યું. કલાક પછી લોહીનો રિપોર્ટ આવ્યો કે તેમને તો મેલેરિયા હતો!

હિપેટાઇટીસ બી નું વાયરસ મ્યુટેટ થઇને કે મેલેરિયા મચ્છર ટકી રહેવાની મથામણમાં વધારે સશક્ત બનતું હશે અને તેની જાતને ટકાવી રાખવાની કોશિશમાં સફળ રહેતું હશે. પણ આપણે શું કરીએ છીએ? સુરતમાં રાવ સાહેબે સાબિત કરી બતાવ્યું કે મચ્છરને જન્મતાં જ ડામી દેવાનું આપણા હાથમાં છે અને આપણે તે કરી શકીએ તેમ છીએ. રાવ સાહેબની સફળતા અને સમર્થતાની આ વિશિષ્ટતાનું trait  દેશની સર્વોત્તમ બુદ્ધિશક્તિ અને દેશની કરોડરજ્જુ એવી તેમની બિરાદરી - વહીવટીતંત્ર -માં તો ના જ ફેલાયું, ગુજરાતના સુજ્ઞ શાસક વર્ગને પણ ના કળાયું અને સમાજ તો ક્યારનોય  બધું સારું ભૂલતા જવાની trait  ધારણ કરીને જ બેઠો છે, પછી તે કોમી સંવાદિતાનો સુદૃઢ વારસો હોય કે સ્વચ્છ ઘરઆંગણાં, શેરીઓ કે લત્તાઓ! વિષાણુ- જીવાણુઓના મુકાબલે આપણી એક આગવી ખાસિયત સંપૂર્ણ નકારની છે તે વ્યકિતગત સ્તરે તો જોવા મળે જ છે પણ શાસન

વહીવટના સ્તરે તો વિશેષ જ અને તે આખા સમાજને જીવલેણ પણ થઇ પડે. મોડાસા હીપેટાઇટીસ બીના પગલે પગલે ઠેર ઠેર દવાખાનાંઓમાં બાયોમેડીકલ કચરાના નિકાલમાં બેદરકારીના મુદ્દે કેસો થઇ રહ્યા છે. આ કામગીરી યથાર્થ હોય તો પણ સવાલ તો ઊભો થાય જ કે અત્યાર સુધી કેમ કશું ના થયું ? અચાનક જ ફેબ્રુઆરી- માર્ચમાં બાયો મેડીકલ કચરા નિકાલના કેસ કેમ વધી ગયા. જ્યારે પણ રોગચાળો કે એવું કંઇ થાય - બે વરસ અગાઉ ચીકનગુનિયા - ત્યારે સરકારીતંત્રની ડ્રીલ કવાયત ચાલુ થઇ જાય. આરએમપી, આયુર્વેદિક, હોમિયો બંગાલીઓ પર ત્રાટકી પડવાનું. થોડા દિવસ ધમાલ ધમાલ થઇ રહે પછી બેઠાં જ છીએ ! આયુર્વેદિક, હોમિયો કે આર.એમ.પી. કે બંગાલી કે તેવા દાક્તરો એલોપથી સારવાર કરી શકે કે નહીં તે સવાલ કરતાં અગાઉ એ સવાલ પણ કરવો જ પડે કે ઊંડાણનાં ગામડાઓ સુધી આવા ડોક્ટરો એકલા જ કેમ પહોંચે છે અને એવું તે એ લોકો શું કરે છે કે દર્દીઓ તેમની સારવાર લે છે ? સીધી જ વાત છે કે આઝાદીનાં સાઠ વરસે પણ સરકારી આરોગ્ય વ્યવસ્થા ઊંડાણનાં ગામડાં સુધી પહોચવામાં નિષ્ફળ રહી છે. જ્યાં પહોંચી છે તેમાં પણ અનેક ખામીઓ છે જેથી ખૂબ ઓછાં દર્દીઓ સરકારી આરોગ્ય વ્યવસ્થામાં કવર થાય છે અને ઘણો ઓછો ભરોસો આ વ્યવસ્થા પર લોકોને રહ્યો છે. રાજ્યની કોલેજોમાં ભણેલા એમ.બી.બી.એસ. ડોક્ટરોએ હમણાં હમણાં તાલુકા/ ટાઉન સ્તરે જવાનું શરૂ કર્યું છે અને તેમાંય એક આંખ તો મોટા શહેર ભણી જ તકાયેલી હોય છે. આ કોઇ નવો મુદ્દો નથી. દાયકાઓથી આવા સવાલો માત્ર પુછાયા જ કર્યા છે. નાગરિકોની નાની મોટી, ગંભીર સામાન્ય એવી અલગ અલગ દાકતરી સેવાઓની માંગ - જરૂરિયાત - છે અને તેને ધ્યાનમાં લઇ તબીબી વિજ્ઞાનના પાયાના સિદ્ધાંતો જળવાય અને લોકોની આરોગ્ય જરૂરિયાતો પણ સચવાઇ રહે તે રીતની વિચારપૂર્વકની નીતિ ઘડાવી જોઇએ. રાજ્યના આયુર્વેદિક કે હોમિયો ડોકટરો એલોપથી દવાઓ આપે જ છે અને આપવાના જ છે. તેને સરકાર રોકી શકે તેમ નથી અને તે બંધ થઇ જાય તો ગામડાં ગામના અને શહેરોના પણ સામાન્ય મધ્યમવર્ગી ગરીબ લોકોની આરોગ્ય જરૂરિયાતોને પહોંચી વળવાનું સરકારી તંત્રને ભારે પડી જાય. આ ભીંત પર લખાયેલી હકીકતો છે તેને સ્વીકારી આગળ વધવાને બદલે જ્યારે પણ રોગચાળા વગેરે કંઇ થઇ જાય તો તેમના પર ત્રાટકવાનાં નાટક થાય છે!

વાસ્તવિકતા જટિલ છે. મહાનગરો, નાનાં શહેરો, તેમાં પાછાં હાઇ પ્રોફાઇલ વિસ્તારો. મધ્યમવર્ગી સોસાયટીઓ, નીચલા મધ્યમવર્ગીઓની ચાલીઓ, ગરીબ શહેરીઓની ઝૂંપડપટ્ટીઓ, ગામડાંઓ અને છેક ઊંડાણનાં ગામોની વસ્તી, દરિયાકાંઠાની આબાદી એમ અનેક પ્રકારે વહેંચાયેલ માનવ વસ્તીઓમાં ક્યાં શું થઇ રહ્યું છે, કેમ થઇ રહ્યું છે તેની નાજુક માહિતીઓ - ક્રિટીકલ ફીડબેક - કેવી રીતે મેળવાય તે પાયાનો સવાલ છે. પણ અત્યારે તો આપણે નકાર ભણીએ છીએ. અત્યારે મેલેરિયાના મચ્છર માટે ડીડીટી જ એકમાત્ર કારગાર ઉપાય છે. પણ માનવ સમુદાયની આપણી પર્યાવરણીય બિરાદરીએ ચારે કોરથી હલ્લો બોલાવીને તેના વપરાશ સામે સંપૂર્ણ પ્રતિબંધો જીત્યા. અને મેલેરિયા અટકાવવા માટે ડીડીટી છંટકાવ પર સંપૂર્ણ પ્રતિબંધ આવી ગયાં. આ જોઇ મચ્છરો ભારે હરખાયાં હશે! તે પછી ઘણાં વરસો બાદ દક્ષિણ આફ્રિકાના અમુક દેશોએ પહેલ કરી અને ડીડીટીનો ઉપયોગ મચ્છર નિયંત્રણ માટે શરૂ થયો છે. આપણે ત્યાં ડીડીટી નહીં પણ તેના જેવી બીજી દવાનો છંટકાવ શરૂ થયો છે. પણ કયા ગામે દવા છાંટવી તે માટે તો સરકારના રેકર્ડ જ આખરી ! સરકારી દવાખાનામાં જે ગામે મેલેરિયાના કેસ નોંધાયા હોય તે ગામમાં જ દવા છાંટવાની, બાકીના ગામોમાં નહીં! પણ સરકારી દવાખાને કુલ રોગના માંડ બે ચાર ટકા જ કેસો જાય છે તે સરકાર શું નથી જાણતી? મહાનગરથી લઇ ઊંડાણનાં ગામેગામ સુધી ફેલાયેલા ખાનગી સારવાર કરનારાઓ સાથે કોઇ જીવંત અને સરખેસરખા હોય તેવી ભાગીદારીનો સંબંધ સરકારી ખાતું કેળવી શકે ખરું? ગ્રામ્ય વિસ્તારોમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને દાકતરો વરસોથી કહે છે કે ઈજેકશન બાટલા બિનજરૂરી છે અને તે ડોકટરોની કમાણીનાં નાટકો જ છે. તે જ વાત મોડેમોડે પણ મોડાસાના હિપેટાઇટીસ બી વાયરસના દબાણે હવે સરકારે લોકશિક્ષણની ઝુંબેશ રૂપે ઉપાડી છે. દર્દીઓ ઇન્જેકશન કે બાટલા નહીં પણ દવા ગોળીઓ માંગતા થાય તે માટે રેડિયો ટીવી પર અસરકારક જાહેરાત થઇ રહી છે. વધુમાં, સરકાર ખાનગી ડોકટરોની સારવાર પદ્ધતિ સંબંધી એક કાયદો પણ ઘડી રહી છે, જેમાં દરેક દર્દીના કેસપેપર ફરજિયાત રાખવા તેવી જોગવાઇઓ છે. આશા રાખીએ કે સરકારનો આ પ્રયત્ન ફક્ત કાયદા બનાવી સત્તાની ચાબુક વીંઝવા પૂરતો નહીં હોય. પણ લોક આરોગ્યનો સર્વાંગી પરિપ્રેક્ષ્ય - ચિંતા ધરાવતું પ્રથમ પગલું હશે.

આતંકવાદ સામેનું હોય કે વિષાણુ-જીવાણુઓ સાથેનું યુદ્ધ હોય, તળેથી ઉપર સુધીના અને સમાજના વિવિધ વર્ગોના અરસપરસના તીક્ષ્ણ-વેધક - Intelligent -, ગુણદોષ બતાવનાર-critical- અને ચાવીરૂપ -vital feedback- વિના માણસજાત કેવી રીતે ટકી જશે તે સવાલ છે. સુરતના ડોક્ટર મિત્ર કમલેશ પારેખે 'ખોજ'ના સૂરત પૂર પરના અંકમાં એક પ્રસિદ્ધ ઉક્તિ ટાંકી છે : 'હવે પછી ત્રીજું વિશ્વયુદ્ધ માણસજાતિ અને જીવાણુઓ વચ્ચે હશે, જેમાં છેલ્લું હાસ્ય જીવાણુઓનું હશે !' જીવાણુઓ અને વિષાણુઓ સાથેના આ યુદ્ધમાં હાસ્ય માણસના પક્ષે રહે તે માટે ડાર્વિન શતાબ્દીએ આપણે સચેત થઇએ, પ્રામાણિક રહીએ. ■

***(મોડાસા હિપેટાઇટીસ વિષેના ઈંડિયન એક્ષપ્રેસના આયેશા ખાનના એહવાલો વાંચતાં આવેલ વિચારો)***

# વિપદ સામેનો મરણિયો મોરચો

**- વર્ષા ચૌધરી**

છેલ્લા અઢી-ત્રણ મહિનાથી દક્ષિણ ગુજરાતની પૂર્વ પટ્ટીમાં દારૂની બદી મિટાવવા બહેનોએ મોરચો શરૂ કર્યો, સ્થાનિક છાપાંઓએ ઘણી મદદ કરી. અમુક ગામના સખીમંડળે આમ કર્યું, એવા સમાચારોએ ગામે ગામ જુસ્સો પ્રેર્યો અને નવાં નવાં સખીમંડળો બનાવવાની પ્રેરણા આથી. આંગણવાડી કાર્યકરોએ સખીમંડળો બનાવવાનાં જ હતાં તેમાં મદદ મળી.

બેનોએ આટલી હિંમત બતાવી તેથી ગામમાંથી દારૂ બહુ જ ઓછો થયો છે. રાત-દિવસ દારૂમાં રત રહેનાર ભાઇઓ-બેનોના થોથરાઇ ગયેલાં મોં હવે સારાં લાગે છે. મોતની છાયાને બદલે નૂર દેખાય છે. અઠંગ દારૂડિયાને પણ 'હું આખો રોટલો ખાઇ શકું છું' એવો વિશ્વાસ આવ્યો છે. આ એક વાત થઇ. હવે બીજી વાત.

ગામમાં દારૂ બહુ જ ઓછો થયો છે એવું કહું છું ત્યારે પણ ૧૫૦-૨૦૦ લીટર જેટલો દારૂનો કાચો માલ હાથ લાગી જાય છે. ઈંગ્લીશ દારૂની ખાલી બાટલી આપો તો તરબૂચની એક ચીરી કાપી આપતો લારીવાળો બે કોથળા ભરાય તેટલી ખાલી બાટલીઓ ભેગી કરી આ અઠવાડિયામાં જ લઇ ગયો. દરેક ગામમાં સખીમંડળોની ચાંપતી નજર છે તોય આ પરિસ્થિતિ છે! પોલીસતંત્રનું દબાણ પણ વધ્યું છે ત્યારે પણ આ પરિસ્થિતિ છે તો બેરોકટોક ધંધો ચાલતો હતો ત્યારે તો તમે હાલત જોઇ હોત તો!!

વિદેશી દારૂ ક્યાંક ને કયાંક પગ કરતો જ રહે છે. જેમ ધુમાડો નીકળતો હોય તો કોઇપણ દિશામાં ફેલાતો જ રહેવાનો તેમ ફેકટરીઓ ચાલુ હોય તો બાટલીઓનું વિતરણ થતું જ રહેવાનું. દરેક ગામની ૧૫ થી ૨૦ ટકા બેનો અને પંદર-વીસ ગામ વચ્ચે એક જમાદાર આ આસુરી શક્તિને ક્યારે નાથી શકશે તે તો સમય જ કહેશે. આજ સુધીમાં કેટલાય કૂવા, તળાવ, નદીઓ સુકાયા જાણ્યાં છે પરંતુ દારૂનો પ્રવાહ સુકાયો જાણ્યો નથી. આજકાલ પ્રવાહનો વેગ ધીમો પડયો છે. એને સૂકવવો કે વધારવો તે માણસના હાથમાં છે.

વર્ષોથી દારૂ બંધ કરાવવા માટે છૂટા-છવાયા પ્રયત્નો થતા રહ્યા છે. લાંબી અસર મૂક્યા વિના એવા પ્રયત્નો ભૂંસાતા રહ્યા. આ વખતે ૨૦-૨૫ ગામની બેનો એકસાથે લાગી પડી ત્યારે સ્વામી આનંદે 'ધરતીનું લૂણ' પુસ્તકમાં લખેલ વાત યાદ આવી.

''માનવીની માનવતાની ગરિમા ઉપર જ્યારે ઉપરા-ઉપરી વસમા આઘાત થાય, એના જીવનનું હીર-ખમીર, હૈયાબળ તમામ જ્યારે ખવાઇ-ચવાઇ જવા બેઠું હોય, એનો અંતરાત્મા ડઘાઇ, કચડાઇ, દુણાઇ-દુભાઈ જતો હોય ત્યારે આત્મતત્ત્વનાં ગંભીર ઊંડાણોમાં સૂતેલો માનવઆત્મા ઝબકીને જાગી ઊઠે છે. પોતાનું તમામ બળ એકજોર કરીને એના દેહ-આત્માને ગ્રસી જવા મથતી વિપદ્ સામે મંડાય છે. એનું તમામ તેજ-ઓજ અને ગૌરવ એકટીપે આવીને મરણિયો મોરચો લડી કાઢવા ધસે છે. તમામ વિપદની સાડીસાતીને પગ તળે છૂંદી મહિમામય માનવ વેંત ઊંચો ઊભો રહે છે.''

વિપદની સાડીસાતીને પગ તળે છૂંદી કાઢવાની તાકાત દરેક મનુષ્યમાં છે. અહીં શોષિત, પીડિત, વંચિત સમાજ એકજૂથ નથી, તેથી વિપદ છુંદાઇ જવાને બદલે દર્ભની જેમ નવા નવા પીલા કાઢે છે. રાતની સૂસવતી ઠંડી કે બપોરની કાળઝાળ ગરમીમાંથી દારૂની ખોજ કરીને ઘરે આવતી બેનો સામે જ્યારે ઘરેથી ત્રાસ શરૂ થાય ત્યારે તેવા દિવસો બેનો માટે બહુ ખરાબ જાય છે. ''ઉજાગરો અને ગરમીને કારણે થયેલી પોતાની લાલ આંખો, ઘરમાં પતિ કે અન્ય વડીલની લાલ આંખો, કામે રાખનારને ત્યાં રજા પાડી હોય એટલે કામે રાખનારની લાલ આંખો, વેળાસર રાંધ્યું નહીં હોય એટલે અકળાયેલાં ગુસ્સે થયેલાં બાળકોની ઠપકાભરી આંખો - આ બધાં સામે હવે તો અમે એકબીજા સામે આંખ માંડવાની હિંમત જ નથી કરતાં''.

દારૂની શોધખોળ કરવા નીકળેલી બેનો વગડે ફરતી હોય ત્યારે એમનું વાક્ચાતુર્ય સોળે કળાએ ખીલ્યું હોય. વાત વાતમાં એવા એવા મુદ્દા ઊભા કરે જે વિચારતા કરી મૂકે. જાહેરમાં મુકાય તેવી થોડીક વાતો અહીં લખું છું.

૧. ''દારૂમાં વપરાતો પાવડર (કેમિકલ), ખાઈ ન શકાય તેવો ગોળ, ઈંગ્લીશ દારૂ બનાવનારા તો મોટા શેઠિયા હશે નાના નાના દારૂના વેચાણકારો પાસે યે ગાડી ને મોબાઇલ ફોન છે. પાકાં ઘર પણ બાંધી શકે છે. શેઠિયા લોકો પાસે તો કેટલો રૂપિયો હશે? તોય આપણને ભાજીપાલો ને જુવાર-ચોખાના રોટલા નિરાંતે નહીં ખાવા દેનારા માણસો કેવા હશે?''

૨. ''ખેતરવાળા ૩૦-૩૫ રૂપિયા રોજ આપે તે છોડીને, આપણી નદી-કોતર ઝાડીમાં દારૂ તો બનતો નથીને કે હંતાડ્યો નથી ને? એવું જ શોધતા ફરવાનું હોય તો આપણે તો ભૂખે મરવાના પણ સારામાં સારો દાણો જે સુખી લોકો પાસે જાય છે તેને હે ઓછા જ થઇ જાહે ને?'' હું મનમાં ને મનમાં જવાબ આપું છું: લૂ ઝાળ ગરમીમાં પણ તમને સુખી લોકોના સારા દાણાનો વિચાર આવે છે, A.c. માં સૂતેલાને કે ટી.વી. સીરીયલોમાં ડૂબેલા માટે તો આપણે બીજે દિવસે પસ્તીમાં નાંખી દેવા માટેના સમાચાર માત્ર છીએ. ધરતીના ઢેફામાં આપણો પગ ઠેરવીએ છીએ ત્યારથી આપણે સ્વીકારી લઇએ છીએ કે ઉત્પાદિત થયેલ સારો ને ભારે દાણો પેલા સુખી લોકોને ને હલકો-ચગદાયેલો કાણો દાણો આપણો. કેટલીક કહેવતો ભણવામાં આવે છે. એમાંની એક 'અન્ન તેવો ઓડકાર' એનો ગૂઢાર્થ તો મને સાચો પડતો જણાયો નથી.

૩. ''હે રે, બધા કે'તા છે કે ચૂંટણી આવતી છે એટલે દારૂ તો બનહે જ. દારૂ પીવડાવી પીવડાવીને મત લઇને તો આપણને આ દશામાં રાખેલા છે. આપણે બધા આ વખતે મત જ ની આપીએ.''

જે કોતરમાં અમે દારૂનો કાચો માલ શોધીને પોલીસની રાહ જોઇને બેઠા છીએ, ત્યાં જૂના જમાનામાં જોગણીઓ રહેતી એમ કહેવાતું. તેથી આ કોતરનું નામ જોગણી કોતર છે. અર્જુન સાદડના છાયામાં આ બેનોએ તો વિદ્યાપીઠ ખોલી દીધી છે. દુનિયાનું અગાધ જ્ઞાન ભલે ન હોય, પણ સૂઝ ને સમજ પર તો એમનો જબરો કમાન્ડ છે. તેથી જ હું એમ કહેવાનું ટાળું છું કે, ચૂંટણી જીતવા માટે તો રૂપિયાઓની પેટીઓ ભરાઇને પડી હશે, આપણા મુઠ્ઠીભર મતની કોઇને ખેવના થોડી હશે? અહીંથી માત્ર ૬૦ કિ.મી. દૂર આવેલ સુરતનું મોઢું જોનારા અમે માત્ર ૪ જણ છીએ. જે લોકો વાતે ચડયા છે તેમણે સુરત નથી જોયું પણ દેશની સૂરત બદલવાની વાત કરે છે. આ વાતમાં પણ દમ તો છે જ. શોષિતો-વંચિતોની તો આ દેશમાં બહુમતી જ છે. આ અસંગઠિત લોકો જો સારું ને સાચું પ્રસ્થાપિત કરવા પોતાના અધિકારનો ઉપયોગ કરતા થઇ જાય તો તંત્ર બદલાય. દારૂ કાંઇ આદિવાસી બેનોને જ કનડતો હશે? માત્ર ગુજરાતમાં જ એની રાક્ષસી માયાજાળ થોડી છે! દેશ આખામાં દારૂ નહીં હોય એવા દિવસો ક્યારે આવશે? તે માટે જોઇએ છે માત્ર સહિયારી નિસબત.

તા.ક. બેનો પર બુટલેગર્સનો અત્યાચાર શરૂ થઇ ગયો છે. પોલીસ જે આરોપીઓને પકડે છે તેમને નાના બાળકની જેમ પટાવીને છોડી મૂકે છે. એકાદ પ્રામાણિક અધિકારીના હાથનો જેણે જેણે ઢોરમાર ખાધો છે તે ફરી આ ધંધો કરવાની હિંમત કરી શક્યા નથી. પોલીસ સ્ટેશનથી ઊંચા માથે આવેલ બુટલેગર્સનો રૂઆબ વધે છે ને ફિલ્મોની જેમ હવે તો ખુલ્લેઆમ મારામારી પર ઊતરી આવે છે.

આ લખતાં લખતાં ગાંધીકથાનું એક ગીત સતત મનમાં રટાયા કરે છે.

વ્યાધિનાં લખ્ખણ ભૂંડાં રે!
મન, રોગનાં મૂળિયાં ઊંડાં રે! ■

*(બોરખડી, તા. વ્યારા, જિ. તાપી ૩૯૪૬૯૧)*


**'ખોજ'નું લવાજમ નીચેનાં સ્થળોએ પણ સ્વીકારાય છે**

| | |
|---|---|
| **ડૉ દક્ષાબેન /રશ્મિભાઈ** | : આર્ચ દવાખાનું, નગરિયા, ધરમપુર. ફોન: ૦૨૬૩૩-૨૯૩૨૩૨. |
| **શ્રી રાહુલ દવે** | : ૫૮, સહજધામ રો હાઉસ, હની પાર્ક રોડ, અડાજણ, સુરત. ફોન ૯૮૨૫૧૩૨૬૧૫. |
| **બરોડા બુક કોર્પોરેશન** | : ૨૦ સ્ટોપ એન્ડ શોપ પ્લાઝા, ઓફટેલ ટાવર, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા, ફોન ૨૩૫૮૭૩૬. |
| **ડૉ. મહેન્દ્ર ચોટલિયા** | : એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, ફોન ૯૮૭૯૫૨૮૧૨૯. |
| **શ્રી પ્રશાંત ચાવડા** | : ૩૨-૨, બીમાનગર, ઉમિયા વિજય બસ સ્ટેન્ડ પાછળ, સેટેલાઈટ રોડ, અમદાવાદ. ફોન ૨૬૩૦૨૩૨૨. |
| **ડૉ. મહેબુબ દેસાઈ** | : સુકૂન, ૪૦૫, પ્રભુદાસ તળાવ, ભાવનગર. ફોન (૦૨૭૮) ૨૪૩૯૨૨૬ |
| **સૌરભ પુસ્તક ભંડાર** | : બી-૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લીંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૫૧૪૦૦. |
| **નવકાર મેગેઝિન એજન્સી** | : બી-૮, અરિહંતનગર, વિશ્રામનગર સામે, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૭૫૦૯૭. |
| **પીયૂષ મેગેઝિન વર્લ્ડ** | : એફ-૮, પ્રથમ માળ, મુલ્કી ભવન, એસ. ટી. બસ સ્ટેન્ડની પાસે, મહેસાણા ફોન (૦૨૭૬૨) ૨૨૦૩૫૦. |

# નૈતિકતાના સૈનિકો, એક નઝર ઇસ ઔર ભી કીજીયે

**- અશ્વિનકુમાર ન. કારીઆ**

ઓરિસ્સામાં કંધમાલ અને આસપાસના વિસ્તારોમાં એક હિંદુ સ્વામીની હત્યા બાદ ખ્રિસ્તીઓ પર થયેલા હુમલાઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની છબી ખરડાઇ છે. International Forum for Peace and Freedom ગુજરાત ચેપ્ટરના ચેરપર્સન ઇલાબેન પાઠકે કંધમાલની મુલાકાત પછી પ્રગટ કરેલ અહેવાલમાં આ હુમલાઓ અને ગુજરાત ૨૦૦૨નાં કોમી રમખાણો વચ્ચે સામ્યતા હોવાનું જણાવેલ છે. ગુજરાત ૨૦૦૨ના બનાવો વિશે સર્વોચ્ચ અદાલતના આદેશથી ખાસ તપાસજૂથ અસરકારકપણે કામગીરી બજાવી રહેલ છે અને આ બાબત ન્યાયક્ષેત્રને આધીન હોવાથી તે વિશે મૌન સેવવાનું મુનાસીબ છે.

મેંગ્લોર પબમાં મહિલાઓ પર નૈતિકતાના મુદ્દે થયેલ અઘટિત વ્યવહારે રાષ્ટ્રિય સ્તરે માધ્યમોમાં ઠીક ઠીક વિરોધ વ્યક્ત થયો છે. કેટલાંક ધાર્મિક જૂથો પોતે નૈતિકતાના પ્રહરી હોવાનો દાવો કરે છે અને આવું આક્રમક વલણ પણ અવાર નવાર પ્રગટ કરે છે. ધર્મથી જ નૈતિકતા ઉત્પન્ન થાય છે, ધર્મ નીતિમત્તા શીખવે છે. તે મુદ્દાઓ લોકમાનસમાં એવા ઊંડા ઠસી ગયા છે કે તેનાથી જુદો મત તેમને સ્વીકાર્ય નથી. નૈતિકતા, ધાર્મિકતા, અશ્લીલતા વગેરે પરસ્પર મુદ્દાઓ કેટલા અવલંબિત છે તેના પર એરિસ્ટોટલથી લઇ રાધાકૃષ્ણ, રાહુલ સાંસ્કૃતાયન, ગાંધીજી, કાકા કાલેલકર, બટ્રાંડ રસેલ, વ. અનેક વિચારકોએ પોતાના અભિપ્રાયો જાહેર કર્યા છે. આપણાં અનેક ધાર્મિક સ્થાનોમાં કલા સ્થાપત્યના ઉત્તમ નમૂનાઓ છે. જેમ કે મદુરાઇનું મીનાક્ષી મંદિર, મોરબીનું મણિમંદિર, ત્રિવેન્દ્રમ્‌નું પદ્મનાભ મંદિર, રામેશ્વરનું મંદિર, વગેરે મંદિરોમાં માત્ર કલા નીરખવાની હોય છે. આ બધાં અદ્‌ભુત કહી શકાય એવાં સ્થાપત્યો છે. ખજૂરાહો ગુફાની મૂર્તિઓ શ્લીલતાની દૃષ્ટિએ કદાચ અશ્લીલ ગણાય, પરંતુ કલાની નજરે અદ્વિતીય છે. દેશનાં કેટલાંક મ્યૂઝિયમોમાં પણ આવા કેટલાક નમૂનાઓ આપણે જોઇએ છીએ. આવે વખતે આપણે શ્લીલ-અશ્લીલતાનો મુદ્દો ઉઠાવતા નથી.

વડોદરાની એમ. એસ. યુનિ.માં અશ્લીલ ચિત્ર હોવાની ફરિયાદ લઇને તોડફોડ અને વિદ્યાર્થીની ધરપકડ તેમજ ‘ફર્જ’, ‘પરઝાનીઆ’, ‘મિર્ચ-મસાલા’, તેમજ વારાણસીમાં નંદિતા દાસ નિર્મિત ચિત્રના શુટિંગ પર નૈતિકતા, ધાર્મિકતા, શ્લીલતાના મુદ્દે થયેલ હુમલાઓને મૂલવવાની સમસ્યા છે. કલા, જાતીય સ્વતંત્રતા, બીભત્સતા વચ્ચે લક્ષ્મણ રેખા કેવી રીતે બાંધવી તે પ્રશ્ન છે. ગાંધીજીના સમયમાં દરિયો ઓળંગવો તે પાપ ગણાતું હતું. આજે તેની કોઇ ગણના નથી. દરરોજ હજારો વિમાનો, વહાણો, સ્ટીમરો, હોડીઓ, સબમરીનો દરિયા પાર પહોંચે છે. વર્ષો અગાઉ છોકરીઓને અક્ષરજ્ઞાન આપવાની મનાઇ હતી. કલકત્તા યુનિ.એ છેક ૧૯૨૭ સુધી છોકરીઓને કોલેજ પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. આજે પણ નાનાં શહેરો અને ગ્રામ વિસ્તારોમાં છોકરીઓ માટે કન્યાશાળા અને મહિલા કોલેજોને પ્રાધાન્ય અપાય છે. તેમાં નૈતિકતા કરતાં સલામતીનો મુદ્દો કદાચ અગ્રસ્થાને હોય તેમ લેખકને લાગે છે.

જ્યારે કોઇ બાબતે વિવાદ ઉત્પન્ન થાય ત્યારે તે વિષયના તજ્જ્ઞો દ્વારા તેનો નિકાલ થાય તે સર્વથા ઉચિત ગણાય. આમ છતાં જેમ બાર ગાઉએ બોલી બદલાય તેમ શ્લીલતા-અશ્લીલતા, નૈતિકતા, ધાર્મિકતાનાં માપદંડો સ્થળ-કાળ મુજબ પરિવર્તન પામતાં રહે છે. સ્ત્રીઓને પહેલાં ઘૂંઘટ હટાવવાની છૂટ ન હતી. આજે સ્ત્રીઓ ભાત-ભાતના વેશ પરિધાન કરે છે. ગાય છે, નૃત્ય કરે છે, નાટકો-ચિત્રોમાં અભિનયના ઓજસ પાથરે છે, ફેશન વસ્ત્રો પહેરી રેમ્પ વોક કરે છે, પર્વતારોહણ કરે છે, અને સુનીતા વિલિમ્યસ જેવી ૬ માસ સુધી અવકાશમાં રહીને વર્લ્ડ રેકોર્ડ પણ સર્જે છે. આપણે તેને અશ્લીલ કે અનૈતિક કહેતા નથી.

વ્યભિચાર અને વેશ્યાગીરીના મુદ્દાઓ પણ નૈતિકતા, શ્લીલતા કે બિભત્સતાની દૃષ્ટિએ વિચારી શકાય. મુંબઇ, કલકત્તા, નાગપુર, દિલ્હી, વારાણસી જેવાં નાનાં-મોટાં અનેક શહેરોમાં છડેચોક આ ઉદ્યોગ ધમધમે છે. પરસ્ત્રીગમન, આજે જોઇએ તો આરોગ્ય અને નૈતિકતાની દૃષ્ટિએ અનિચ્છનીય હોવા ઉપરાંત કાયદાથી પણ પ્રતિબંધિત છે. માનવ અધિકારોની દૃષ્ટિએ વેશ્યાઓનો દરજ્જો ઘણો અસમાન બનતો હોવાથી માનવ અધિકાર સહિત ગૌરવપૂર્વક જીવવાના મૂળભૂત અધિકારનો પણ તેનાથી ભંગ થાય છે. અરે, ગુજરાતના બનાસકાંઠાનું વડિયા ગામ આ મુદ્દે ઘણું બદનામ થયેલ છે. નૈતિકતાના સંરક્ષકો આ ગામની

મહિલાઓને નાલેશીમાંથી ઉગારે તો ઠેરઠેરથી શાબાશી મળશે તેમાં કોઇ શંકા નથી.

કેટલાક ધર્મોમાં અપાતી બાળદીક્ષા શું અનૈતિક નથી ? યુનોનું બાળ અધિકાર પત્ર અને આ દેશનો કાયદો એમ કહે છે કે ૧૮ વર્ષ સુધીનું બાળક સગીર છે. ૧૮ વર્ષની ઉંમર વટાવ્યા બાદ જ કોઇપણ બાળક પોતાનાં હિતાહિતના નિર્ણય લેવા સક્ષમ બને છે. ૧૦-૧૨-૧૪ વર્ષના બાળકમાં તમામ સાંસારિક સુખોનો ત્યાગ કરીને જીવનભર સાધુજીવન ગાળવા જેટલી પરિપક્વ બુદ્ધિ હોવાનું સંભવિત જ નથી. વળી, આવા બાળકની યોગ્ય ઉંમરે તેની જાતીય વૃત્તિનું શમન થવાને બદલે દમન થાય (અને સંભવતઃ તે આડમાર્ગે પણ ફંટાય) ત્યારે આપણે તેને નૈતિક કેવી રીતે કહી શકીએ તે સવાલ ઊઠે છે. શું નૈતિકતાના આ મુદ્દા તરફ ધ્યાન આપવું ન જોઇએ? પ્રશ્ન એ પણ છે કે નૈતિકતા કે અશ્લીલતાની બાબતે માત્ર ધાર્મિક માપદંડથી જ મૂલ્યાંકન થાય તે યોગ્ય છે? માનવવાદી ઢંઢેરામાં આ સંબંધમાં થયેલ ઉલ્લેખો સાથે આ લેખનું સમાપન કરીએ.

૧. અમે ગુપ્તતાના અધિકારનો આદર કરીએ છીએ. પુખ્ત વયના પરિપક્વ લોકો પોતાની ઇચ્છાઓ સંતોષવા, તેમની પ્રજનનવૃત્તિને વ્યક્ત કરવા અને ગૌરવપૂર્વક મૃત્યુ પામવા મુક્ત હોવા જોઇએ.

૨. અમે નૈતિક મૂલ્યો જેવાં કે પ્રામાણિકતા, સત્ય, નેકી વગેરેમાં વિશ્વાસ ધરાવીએ છીએ. માનવવાદી નૈતિકતા વિવેચનાત્મક બુદ્ધિયુક્ત માર્ગદર્શનને આધીન છે. નૈતિક મૂલ્યોની ચકાસણી તેનાં પરિણામોના આધારે જ થવી જોઇએ. ■

*(શ્રીઆંગણ ફ્લેટ્સ, આર.જે. કોલેજ પાસે, વસ્ત્રાપુર ગામ પાછળ, અમદાવાદ)*

# સ્વાતના શિયાળામાં થીજી ગયેલા અધિકારો

**- મુર્તઝા રઝવી**

સ્વાત ખીણ, '૯૦ સુધી જે ધમધમતું આરામદાયી પર્યટક સ્થળ હતું એ અરાજકતામાં સરતું જઇને આજે મધ્યયુગી તાલિબાનોની ગિરોહની પકડમાં આવી ગયેલું સાંસ્કૃતિક વેરાન સ્થાન બની ગયું છે. એ નિષ્ફળ જઇ રહેલા રાજ્યની નિષ્ક્રિયતાની દિલગીરીભરી દાસ્તાન બતાવે છે. સોળમી ફેબ્રુઆરીના રોજ પાકિસ્તાનની સરકાર અને તાલિબાનો વચ્ચેના સંઘર્ષ અંગે થયેલો સમજૂતી કરાર અન્યાયનો ભોગ બનેલા લોકોની પરિસ્થિતિમાં ખાસ કોઈ બદલાવ નહીં લાવે, પણ એમના ભાવિ પર તાળાં લગાવી દેવા અંગે મંજૂરીની મહોર મારી દેશે. સરકાર દબાણ હેઠળ બેસી પડી છે, તેથી મુલ્લાઓ આ લડાઇ જીતી ગયા છે.

અગિયાર મહિના જૂની આસિફ અલી ઝરદારીની સરકારે 'કહેવું કાંઇક અને કરવું કાંઇક'નું અવિશ્વસનીયતાનું બિરુદ મેળવ્યું છે. ઘરેલુ તેમજ આંતરરાષ્ટ્રીય બાબતોમાં એનાં જોઇએ એટલાં ઉદાહરણ જોવા મળે છે. પણ આ છેલ્લા ગફલાને જ ધ્યાનથી જોઇએ. સ્વાતમાં તેહરીક - એ - તાલિબાન સાથે સુલેહ કરાર કર્યાના બે જ દિવસ પહેલાં ઝરદારીએ દેશને ખાતરી આપી હતી કે આગળ વધવા માટેનો દેશ પાસે એક જ રસ્તો છે- તાલિબાનોને મારી હટાવવાનો.

સ્વાત ખીણમાં કરવામાં આવેલા કરારના સૂચિતાર્થો બહુ ખતરનાક છે. એણે આખી સ્વાત ખીણનો વિસ્તાર તાલિબાનોને હસ્તક કરી દીધો છે, અને અત્યાર સુધીની એમની ગેરકાયદેસર ગણાતી હકૂમતને ઈસ્લામી શરિયત કાયદાઓના વેશમાં કાયદેસરતા આપી દીધી છે. આ કરાર નીચે, લોકો હવે માત્ર શરિયત કોર્ટો પાસે જ ન્યાય માંગી શકશે, અને ઉપલી અદાલતોમાં અપીલ કરવાનો અધિકાર પણ એમને નહીં રહે. એક જ દેશમાં બે સમાંતર ન્યાયિક વ્યવસ્થા કઇ રીતે ચાલી શકે ? અને જેમને તાલિબાની ન્યાયનો પરિચય છે તેઓ તો ઠંડા જ થઇ ગયા છે. અસહિષ્ણુ અને ઘાતકી ટ્રાયબલ ગુંડાઓ પાસે દયામાયા જેવું કશું નથી, અને માનવીની જિંદગી કે ગરિમાની એમને કોઇ પડેલી નથી. એ જે ઈસ્લામી બ્રાંડમાં માને છે તેમાં ન માનનાર તમામ સ્ત્રી-પુરુષોને મોતને ઘાટ ઉતારવામાં આવે છે.

સસરા-જમાઇ મુલ્લાઓ - સૂફી મોહમ્મદ અને ફઝલુલ્લાહની જોડી ડાકુઓની જેમ પરંપરાગત રીતે શાંતિપ્રિય અને ઢીલા સ્વાતીઓને વર્ષોથી આજદિન સુધી પીડતી આવી છે. એમની હકૂમત નીચેના તાલિબાની ગુંડાઓ સ્વાત એરપોર્ટ, પાવર હાઉસ જેવી જાહેર સવલતો

અને કેટલાંય પર્યટક રિસોર્ટોને તોડતા આવ્યા છે. એમના રાજકીય વિરોધી લોકોને જાહેરમાં ફાંસી દેવામાં આવે છે, છોકરીઓ માટેની નિશાળો અને કોલેજોનો નાશ કરવામાં આવે છે, પુરુષોની દાઢી બનાવતા હજામોને મારી નાખવામાં આવે છે. તેઓ ડ્રેસ-કોડ નક્કી કરે છે. સ્ત્રીઓ પોતાના ઘરમાંથી બહાર નીકળે તો એમની સાથે બર્બર વર્તાવ કરવામાં આવે છે. સંગીતની દુકાનો બાળી મૂકવાનો એમનો પેશો થઇ ગયો છે. પાકિસ્તાની સરકારનું આતંકવાદથી મુક્ત, પ્રગતિશીલ પાકિસ્તાનનું દર્શન શું આ છે?

સ્વાતના લોકો આનાથી સારી સ્થિતિના હકદાર છે, એનું એક કારણ એ છે કે આ ચૂંટણીમાં પીપલ્સ પાર્ટી અને અવામી નેશનલ પાર્ટી - બિનસાંપ્રદાયિક પક્ષોને મત આપીને જિતાડેલા, જે હવે દબાણ હેઠળ બેસી પડ્યા છે અને પોતાને મત આપનારાઓના પાયાના અધિકારોને વટાવી ખાધા છે. તાલિબાનોની મધ્યયુગી માનસિકતાનો દાખલો જોવો હોય તો એ નોંધવા જેવું છે કે તેમણે જેવું રાજ્ય સામે યુદ્ધ છેડ્યું કે તરત જ સ્વાત ખીણમાં દાખલ થતાં વાહનોને રસ્તાની જમણી (ઊંધી) બાજુ ચલાવવાની ફરજ પાડવી શરૂ કરી દીધી, કારણ કે એમની દૃષ્ટિએ ડાબી બાજુ ચલાવવું બિન-ઇસ્લામી છે. એવું જ સ્ત્રીઓ ભણે અને પુરુષો દાઢી કપાવે એ બિન-ઇસ્લામી છે.

આ બે મુલ્લાઓએ દાદાગીરી ચાલુ કરી ત્યાં સુધી ઇસ્લામ પૂર્વેનો રાષ્ટ્રીય વારસો ધરાવતી સ્વાત ખીણ દેશનું લોકપ્રિય પર્યટક સ્થળ હતું. સરકારે આ કહેવાતો શાંતિ કરાર પહેલી વાર નથી કર્યો. ૧૯૯૪માં બેનઝીર સરકારે આવો જ કરાર કરેલો, જેને લીધે આ વિસ્તારમાં શરિયત કાનૂન લાગુ પાડવામાં આવેલો. પછી ૧૯૯૯માં શરીફ સરકારે, જો મુલ્લાઓ અફઘાનિસ્તાનની જેહાદ માટે યુવાનોની ભરતી કરવાનું બંધ કરે તો મુલ્લાઓને આથી પણ વધુ આપવાની ઓફર કરેલી.

આ મુદ્દે મુશરફ સરકારે પણ રાષ્ટ્રવિરોધી પ્રચાર કરતા ગેરકાયદેસર એફએમ રેડિયો સ્ટેશનને ચાલુ રહેવા દઇને નરમ વર્તન કરેલું. પરંતુ આ મુલ્લાઓ અને એમના ચાંપતા ગુંડાઓની માંગણીઓને કોઇ ધરવ નહોતો, અને તેઓ બંદૂકની નળીએ શરિયત પળાવતા ફરતા હતા. ૨૦૦૭થી તો આ ખીણમાં સાવ અરાજકતા ફેલાયેલી હતી. સ્થાનિક પોલીસ પોતાનો જીવ બચાવવા ભાગી છૂટી ત્યારે સફાયો કરવાના ઓપરેશન (clean-up operation) માટે છેવટે અનિચ્છાથી સૈન્યને મોકલવામાં આવ્યું.

ભૂતકાળમાં બન્યું છે તેમ હાલનો કરાર પણ ગમે ત્યારે તૂટી પડશે. પરંતુ વધુ અગત્યની બાબત એ છે કે સરકારે નબળી સ્થિતિને લઇને યુદ્ધવિરામની સંધિ કરી ખોટો સંકેત મોકલ્યો છે. સૈન્યવાદને પાકિસ્તાનની અંદર ડામવા અને બહાર એના છાંટા ઊડતા રોકવા અંગે ઇસ્લામાબાદની ઇચ્છાશક્તિનો અભાવ છે, અને મુખ્યત્વે એમાંથી જ આ નિષ્ફળતા જન્મી છે. હવે જ્યારે તાલિબાને ફ્રન્ટિયરની પ્રોવિન્શિયલ સરકારને અને ઇસ્લામાબાદને દેશના એક ભાગ માટે કરાર કરવા માટે દબાવ્યા છે, ત્યારે બીજી જગ્યાએ પણ એવું જ તેઓ નહીં દોહરાવે એની શી ખાતરી છે ?

આ ઊભા થઇ રહેલા જોખમને સારી રીતે નિપટાવવામાં ફ્રંટિયર સરકાર સાવ વેતા વગરની સાબિત થઇ છે, અને વક્રોકિત એ છે કે આ જોખમ ખુદ એની પોતાની જ સરકાર સામે છે. એની નજીકના જ ફેડરલી એડમિનિસ્ટર્ડ ટ્રાયબલ એરિયાઝ (Fata) જે પાકિસ્તાનની સીમા બહારના આખા વિશ્વને નજરમાં રાખી રહેલા ઇસ્લામિક આતંકવાદનું મુખ્ય મથક છે, ત્યાં જે મિલિટરી ઓપરેશન ચાલી રહેલાં છે એનાથી એ શરમ અને પરેશાની અનુભવે છે.

યુદ્ધવિરામ વધુ ને વધુ અરાજકતા જ ફેલાવશે. તાલિબાન શરિયતને જેટલું વધારે લાગુ પાડશે, તેટલી જ આ અભાગી લોકોની દુર્દશા વધશે. કાયદો અને વ્યવસ્થા જાળવવાના નામે બધા જ પ્રકારના અધિકારોનું હનન થશે; પણ સ્ત્રીઓની સ્થિતિ સૌથી ખરાબ થશે. અને જ્યાં સુધી યુદ્ધવિરામ રહેશે ત્યાં સુધીમાં તાલિબાનને ફરી ભેગા થતાં અને પડોશી જિલ્લાઓમાં વિસ્તરતાં કોણ રોકી શકશે ?

તાલિબાન અને એમનાં જેવાં તત્ત્વોને બહાર ઉખેડી ફેંકવાં જોઇએ, આવા ગુંડા જેવાં તત્ત્વો સાથે જોડાવાના કોઇ નિયમો ન હોઇ શકે. કોઇપણ જવાબદાર રાજ્ય, માત્ર હિંસા જ જેમનું હથિયાર છે એવા ડાકુઓની ગિરોહ સાથે પોતાની જ પ્રજાના અધિકારોનું સાટાખાટ ન કરી શકે. અને તાલિબાન મુખ્ય રાજકારણનો ભાગ હોવાનો દાવો ન કરી શકે, કારણ કે એમની સત્તા બેલેટ પર નહીં, પણ બુલેટ પર ટકેલી છે. આવાં તત્ત્વો સાથે કહેવાતો શાંતિ કરાર કરીને, અને એ પણ સંસદમાં પસાર કર્યા વિના જ, આવાં તત્ત્વોને માન્યતા આપીને, રાજ્ય પોતાના જ નાગરિકોની વિરુદ્ધ વર્તી રહ્યું છે. ■

***(લેખક કરાંચીથી પ્રસિદ્ધ થતા પ્રખ્યાત 'Dawn' વર્તમાનપત્રના તંત્રી છે. ઇન્ડિયન એકસપ્રેસ (૧૮-૨-૦૯)માંથી સાભાર-ભાવાનુવાદ તૃપ્તિ પારેખ દ્વારા)***

# મઝહબ નહીં સિખાતા આપસ મેં બૈર રખના

**- ઈસ્માઈલ ગાંધી**

દિલ્હી-દેવબંદ-બરેલી-વ. વિવિધ દારૂલ ઉલુમના મોટા મદ્રેસાના મૌલવીઓએ આતંકવાદના મુદ્દે આતંકવાદને ઈસ્લામ વિરોધી-મુસ્લીમ વિરોધી-દેશ તથા સમાજ વિરોધી બતાવી ફતવો બહાર પાડયો. લખનૌ-દિલ્હી-હૈદ્રાબાદ-અમદાવાદ વ. સ્થળોએ મિટિંગો-સંમેલનો ભરી જાહેરાત કરી- પરંતુ 'દેરસે આયે દુરસ્ત આયે'. જેની શરૂઆત સંસદભવન કે અક્ષરધામના હુમલા સમયે કે ગોધરાકાંડના સમયે જોર જોરથી અવાજ ઉઠાવી- સાચા ગુનેગારોને પકડી સજા કરવા એલાન કરવું જોઈતું હતું ખેર. . .

ફક્ત ફતવા બહાર પાડી એલાન કરવાનું હવે મોડું થયું છે. કારણ કે હવે મુસ્લિમો સામે બીજા કહેવાતા હિંદુ કટ્ટરવાદી સામે પડ્યા છે. હવે આ લોકો પણ બદલા રૂપે હુમલો કરતા થયા છે. કરાવે છે, કે પંપાળે છે. ટૂંકમાં, નિર્દોષ મરે છે. દેશની અંખડિતતા-ભાઈચારો-તૂટે છે-દુશ્મનાવટ બન્ને કોમ વચ્ચે વધતી જાય છે. તેમાં સત્તા માટે સ્વાર્થી રાજકારણીઓ સાથ આપે છે, આવાં કામોને રોકવાના બદલે હવા આપે છે.

અત્યારે મુસ્લિમો-મોલવીઓ-વડાઓએ ઈસ્લામના સિદ્ધાંતોના પ્રચાર કરતા મુસ્લિમોમાં જે ખરાબી-અજ્ઞાનતા-બેરોજગારી છે, તે દૂર કરવા પ્રયત્નો કરવા-તબ્લીગ કરવા શહેરોમાં જઈ જ્યાં મોટા મુસ્લિમ ઈલાકાઓ છે, મહોલ્લાઓ છે, મોટી વસ્તી છે ત્યાં જઈ ખોટાં કામ થતાં હોય તેને બંધ કરાવવાં જોઈએ. સોસાયટીના કે મહોલ્લાના સારા-ભણેલા આગેવાન માણસોને ભેગા કરી પોત પોતાના મહોલ્લામાં દેશ-વિરોધી કૃત્ય કે ખોટાં કામ કરતા હોય તેમને સોસાયટી-મહોલ્લો છોડી દેવા જણાવવું જોઈએ, ન માને તો પોલીસને ખબર આપવી વ. . આ બાબત મસ્જિદના પેશ ઈમામ તથા તે શહેરના આગેવાન મુસ્લિમોએ જેહાદ શરૂ કરવી જોઈએ. એના માટે દિલ્હી દેવબંધ-બરેલીથી ફતવો બહાર પાડવો જોઈએ. આ કામ માટે તબ્લીગમાં જોડાવા બન્ને કોમ વચ્ચે ભાઈચારો બનાવવા, દેશ પ્રત્યે બન્ને ધર્મનું સન્માન જાળવવા, દેશ તરફ-દેશના બંધારણ-દેશની એકતા-અખંડિતતા માટે સમજાવવા માટે ઝૂંબેશ કે જેહાદ કરવા જણાવવું જોઈએ. ૨૬ મી જાન્યુ, ૧૫ મી ઓગસ્ટ તથા ૨જી ઓકટોબર ગાંધી જંયતી જેવા રાષ્ટ્રીય તહેવારોના દિવસે મુસ્લિમોએ જુદા-જુદા પ્રોગ્રામ જેવા કે ઇનામ વિતરણ, બ્લડ ડોનેશન, બીમારી માટેનો મેડિકલ કેમ્પ રાખી બીજી કોમના લોકોને આમંત્રણ આપવું જોઈએ. બન્ને કોમો સાથે મઝહબ-ધર્મ સિવાય ભાઈચારો વધે, એ રીતે ઉપરથી એલાન થવા જોઈએ. દારૂલ ઉલુમ-દિલ્હી-દેવબંધ-બરેલીથી હુકમ થશે તો દરેક મૌલવી, મુલ્લા, મસ્જિદના પેશઈમામ આ કામમાં લાગી જશે. શક્ય હોય તો બોમ્બ ફોડનાર મુસ્લિમ કે કોઈપણ જાતિનો હોય, મુસ્લિમોએ જાતે આગળ આવીને તેમનાં નામ જાહેર કરવા જોઈએ. ગુજરાતમાં જે લોકો બહારના પ્રદેશમાંથી આવે છે, તેમની ઉપર તેમની રહેણી-કરણી ઉપર ખાસ ધ્યાન આપવું જોઈએ. જવાનીના જોશમાં, બેકારીના લીધે કે ખોટી લાલચમાં યુવાનો ખોટાં કામ કરી બેસે છે. તેની પાછળ આખી કોમ બદનામ થાય છે. હવે સમય બગાડવાનો કે ચૂપ બેસી રહેવાનો સમય નથી. જાહેરમાં દેશ વિરુદ્ધ પ્રવૃત્તિ કરનાર-હિંદુ-મુસ્લીમ જે કોઈ હોય તે વખતે જે તે સમાજના લોકોએ બહિષ્કાર કરી નામો જાહેર કરી દેવાં-જોઈએ. દિન સાથે દુન્યવી તાલીમ સાથે સાથે અન્ય મઝહબની માન મર્યાદા ઈજ્જત-અદબ જાળવવા યુવાનોને મદ્રેસામાંથી મસ્જિદમાંથી – એલાન થવું જોઈએ.

આજના યુગમાં દુનિયાના બીજા મુલ્કની સાથે, બીજી કોમોની સાથે દરેક બાબતે અગ્રેસર થવા શૈક્ષણિક લાયકાત, ટેકનિકલ, વેપાર, અનુભવ વ. લાયકાત કેળવવા આપણા સમાજને આધુનિક શિક્ષણ અપાવી અગ્રેસર કોમ બનાવવા પ્રયત્નો કરવા જોઈએ. આજે એક મુસલમાન પણ નેક મુસલમાનનો મુદ્દો નક્કી કરી ગેરકોમમાં મુસ્લિમનોને ઈસ્લામનો પ્રચાર કે નવા વધુ મુસ્લિમો બનાવવાના જૂના વિચારો છોડી દેવા જોઈએ. બન્ને કોમના લોકોમાં ભાઈચારો વધે, વાર-તહેવારે એકબીજાને મુબારક આપવા સ્નેહમિલન જેવા પ્રોગ્રામ બનાવી, એકબીજા તરફથી નફરત દૂર કરવા વિશ્વાસ પેદા કરવા, હિન્દુસ્તાનમાં વતનપ્રેમની ભાવના પેદા કરવા. દેવબંદ-બરેલીથી એલાન થવું જોઈએ. ભારતના બીજાં રાજ્યોની સરખામણીમાં બિહાર-યુ.પી.ના મુસ્લિમો કેમ પાછળ રહી ગયા?

આજે આપણામાં કેટલા રૂઢિચુસ્ત આલીમો છે. દા.ત. એજ્યુકેશન કે બીજા જનરલ પ્રોગ્રામમાં છેલ્લે રાષ્ટ્રગીત વાગે ત્યારે પોતાની ખુરશી ઉપરથી ઊભા થતા નથી. આઝાદી-સ્વતંત્રતાના દિવસે ત્રિરંગા ઝંડાને ત્યાં લાઈનમાં ઊભા હોય છતાં સલામી આપતા નથી. અને બધાની આખોએ ચઢે છે. અને આપણે કહીએ છીએ કે રાષ્ટ્રપ્રેમ અડધું ઈમાન છે. કઈ રીતે. . . .?

ગુસ્તાફી માફ. . . . ■

***(છ મહિના પહેલાં અમુક મુસ્લિમ સંસ્થાઓ/આગેવાનોને મોકલેલ પત્ર )***

***(ગાંધીભવન-બરકત, ૭, પી. પી. વાડીયા સોસાયટી, ફતેગંજ, વડોદરા)***

# સમયનો તકાજો : સદ્ભાવનાને પણ શૂન્યાવકાશ નથી !

**- રાજેશ મિશ્રા**

**ફેબ્રુઆરી મહિનામાં માનવ સંવાદિતા અંગે બે જુદી જ જગ્યાઓએ, જુદાં જ જૂથો દ્વારા ગોષ્ઠિઓ યોજાઇ ગઇ. ૨૧-૨૨ ફેબ્રુઆરીના રોજ જલગાંવ, મહારાષ્ટ્ર મુકામે જનમુક્તિ સંઘર્ષ વાહિનીના મિત્રોએ 'માનવીય એકતા સંમેલન'નું આયોજન કરેલું, જેમાં આતંકવાદ, સાંપ્રદાયિક વૈમનસ્ય, ક્ષેત્રવાદી-ભાષાવાદી વિદ્વેષ, જાતીય ભેદભાવ અને સ્ત્રીઓ પ્રત્યે અમાનુષિકતા - વિષયો પર ચિંતન-મનન થયાં. બીજું હતું ૨૫-૨૭ ફેબ્રુઆરીના રોજ મહુવાધામમાં પૂં. મોરારિબાપુના સાનિધ્યમાં યોજાયેલું સદ્ભાવના પર્વ. અહીં આ બન્ને ગોષ્ઠિઓનો પૂરો અહેવાલ નથી આપ્યો. પણ, 'સદ્ભાવના પર્વ' બાદ ઉઠેલાં થોડાંક વિચારબિંદુઓ - પ્રતિક્રિયા રાજેશે આપી છે. જલગાંવના 'માનવીય એકતા સંમેલન'માં પણ ઘણી વ્યાપક અને ઊંડી ચર્ચા થયેલી. ખાસ કરીને Communalism Combat ના સંપાદક જાવેદ આનંદે ખૂબ સુંદર વકતવ્ય આપેલું. એ પછીના સવાલ જવાબમાં પણ ઘણી રસપ્રદ વાતો બહાર આવેલી. એની વિગતો આવતા અંકમાં આપીશું. સં.)**

મહુવા ખાતે તા. ૨૫/૨ થી ૨૭/૨/૨૦૦૯ દરમિયાન સદ્ભાવના પર્વનું આયોજન થયેલ. કાળ ૨૦૦૨ બાદ છેક સાત વરસે ગુજરાતની કોઇ ધર્મ સંસ્થાએ રાજ્ય, દેશની કથળેલી માનવસંવાદિતાને મુદ્દે કંઇક કરવાની પહેલ કરી. આ માત્ર પહેલ ન હતી. એક અર્થમાં પૂ. મુરારિ બાપુ કે મહુવાધામનું આ મુદ્દે પ્રતિબદ્ધ હોવાની ઘોષણા પણ હતી. મહુવાધામ યજમાન હોય તે નાતે જ એ ઘોષણા નથી બની જતી પરંતુ ત્રણ દિવસના અંતે ત્રણ વાર પૂ. મુરારિબાપુએ "(અમને) ગરજ છે, ગરજ છે, ગરજ છે"ના સમાપન શબ્દો ઉચ્ચાર્યા જે સૂચક છે. આ શબ્દોનો ભાવઅર્થ એ અનુભવાયો કે મહુવામાહૌલને - તેમને પોતાને, ત્યાંના ગુરુકુળને અને મહુવા / તલગાજરડા ભૂમી પરથી જે કંઇ થઇ રહ્યું છે તેને - એક વ્યાપક ગરજ છે. ધાર્મિક સંસ્થાઓ, વ્યક્તિઓમાં આવી વ્યાપક ગરજ અને તે માટેની ઝૂરપ, તલપ જવલ્લે જોવા મળે છે. પૂ. બાપુને જે ગરજ છે તે કરતાંય ઘણી ભારી ગરજ 'વર્તમાન'ની છે. કાળચક્રે આજના સમય/ સમાજ માટે ભારે ગરજ ઊભી કરી છે અને તે એ કે ચારે કોરના વિનીપાત વચ્ચે ખલ્લાસ થવા જઇ રહેલ માનવતાને બચાવવા સમાજને ધારણ કરી શકે તેવો ધર્મ એક પાળ બની રહે. પૂ. બાપૂ આ પાળના એક પથ્થર જ હોય પણ અગત્યનું એ છે કે તે પ્રથમ પથ્થરોમાંના એક હશે અને તે પથ્થર બની રહેવાની એમને તલપ છે. પોતાના વકતવ્યમાં, ૨૦૦૨માં મુંબઇ ગોવાલિયા ટેંક ખાતે તેમણે કરેલ પ્રવચનની પત્રિકા આર્ચ- વાહિનીએ ૨૦૦૨માં પ્રસિદ્ધ કરેલ તેનો સહેજ સરખો અછડતો ઉલ્લેખ કરી કહ્યું પણ ખરું કે સાંભળનાર - સમજનારની મને પણ જરૂર છે.

માનવમાનવ વચ્ચે દ્વેષની આગ પેટાવવામાં ધર્મનો સહારો લેવાતો હોય તે ટાણે સાચુકલા ધર્મ મારફતે જ તેને ઠારી શકાય. પણ હવે સાચુકલા ધર્મની વાત કરવી તે સાહસ થઇ રહ્યું છે અને આ સાહસે યા હોમ કરીને પડી ચૂકેલ દિલ્હી સ્થિત સેન્ટર ફોર પીસ એન્ડ સ્પીરીચ્યુઆલીટીના સ્થાપક અને ઇસ્લામના પવિત્ર વિચાર 'જેહાદ'ને સાચા ઇસ્લામી સ્વરૂપે ઠેર ઠેર રજૂ કરીને તાલિબાની પરિબળોના હિટ લીસ્ટમાં એન્ટ્રી પડાવી દીધેલ મૌલાના વહીદુદ્દીનખાનને એક સત્ર માટે બોલાવવાનું સૂચન પૂ. બાપુનું જ હતું. મહુવા ગુરુકુળના વિદ્યાર્થીઓએ સર્વધર્મપ્રાર્થના રજૂ કરી અને થોડીક મિનિટોમાં જ, સદીઓએ જેહમત અને મહેનતે સર્જેલ આસ્થા અને સંવાદિતાની વિરાસતનો સ્પર્શ કરાવી હૃદય ભીંજવી દીધું. આ વિરાસતમાં હવે વધુ કોઇ ઉઝરડા ના પડે તે નિસ્બત મહુવાધામની પણ છે. અને તેથી જ સદ્ભાવના પર્વના ત્રણ દિવસના દરેક સત્રમાં શ્રોતા બની રજૂ થતા વિચારોનું પૂ. બાપુએ શ્રવણ કર્યું. તે ભાથું બાંધતા જવાનો ઉપક્રમ જ હશે.

સદ્ભાવના પર્વના ત્રિદિવસીય પ્રવચનોમાં અહિંસા અને ગાંધી વિચારોનું ઊંડાણથી ખેડાણ થયું. શ્રી નારાયણભાઇ દેસાઇને જેટલી વાર સાંભળીએ તેટલી વાર ગાંધીનો એક નવો અર્થ ખૂલે છે તેમ અહીં પણ ગાંધીતત્ત્વ અને ચૈતન્ય અનેક રીતે ઘૂંટાયું અને કેટલાય નવા અર્થ મળી રહ્યા. દરેક વક્તા કોઇ ને કોઇ નવા અર્થો આયામો ઉમેરતા રહ્યાં, સમજ અને સાહસને બળ આપી ગયા. અહીં સદ્ભાવના પર્વ સંદર્ભે કેટલીક ચિંતાઓ સેવવી છે જેનો સીધો અર્થ એ જ હોય કે આ અભિક્રમ

અગત્યનો છે અને તે ઉન્નત થતો રહેવો જોઇએ. સામાજિક નિસ્બત ધરાવતી વધારેમાં વધારે વ્યકિતઓ ઉમેરાતી રહે, વિવિધ આયામ ખૂલતા રહે અને આ અભિક્રમ વ્યાપક બનતો રહે.

સદ્ભાવના અભિક્રમના પ્રારંભે જ ચિંતાજનક બાબત દેખાઇ. સૌ પ્રથમ તો સદ્ભાવના પર્વના બે દિવસ પહેલાં જ શ્રી ગુણવંતભાઇ શાહે દિવ્ય ભાસ્કર (તા.૨૪/૨/૨૦૦૯)ના કટારલેખમાં સદ્ભાવના પર્વનું અભિવાદન કરતો લેખ લખેલ. સદ્ભાવના પર્વની ઉદાત્ત ભાવનાને અનુરૂપ તેમની પાસેથી અપેક્ષિત હતું કે સદ્ભાવના પર્વના શુભ આરંભે સદ્ભાવના પર્વની માત્ર ને માત્ર સદ્ભાવી પ્રસ્તાવના સમાજમાં પ્રસરાવે. પરંતુ તેમ ન થયું. આ શુભ અવસરને પણ તેમણે બિનસાંપ્રદાયિક મિત્રોની ભારોભાર ટીકા અને દેશદ્રોહ સુધીના આક્ષેપો કરવાનું નિમિત્ત ગણ્યું. એક અર્થમાં સદ્ભાવી પર્વની અસંગત અસદ્ભાવી પ્રસ્તાવનાવાળું અભિવાદનનું તેમનું હસ્તધૂનન ખરડાયેલા હાથવાળું હતું. આવા ઊંચા ગજાના લેખક તરફથી સદ્ભાવના પર્વની આવી પ્રસ્તાવના રજૂ થઇ હોય, ગુજરાતનો જે રીતનો માહૌલ છે તે જોતાં અને સદ્ભાવના પર્વમાં પણ ઘણી વાર સાંભળ્યું કે મૌન એટલે મૂક સંમતિ, તે ન્યાયે પણ સદ્ભાવના પર્વના આયોજકો તરફથી આ બાબતે ચર્ચા / સ્પષ્ટતા જરૂરી હતાં.

બીજી બાજુ, સભામાં જયારે બિનસાંપ્રદાયિકતા શબ્દ પણ ઉચ્ચારાતો ત્યારે વિચિત્ર લાગણીઓ દેખાતી અને જ્યારે તેની વિરોધમાં કંઇક બોલાતું તે વખતે આનંદ છવાતો જોવા મળતો. એક બે મિત્રોએ પણ આ બાબતે ધ્યાન દોર્યું હતું. આમ આ બન્ને બાબતો સૂચવે છે કે આ મહત્ત્વની બાબતોએ સદ્ભાવના અભિક્રમ બેધ્યાન ન થઇ શકે.

સદ્ભાવનાના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જરૂરી તો એ છે કે બિનસાંપ્રદાયિકતા/ બિનસાંપ્રદાયિકો બાબતે હાલ જે વાંધાવિરોધ થઇ રહ્યા છે તેનાથી ઉપર ઊઠીને ન્યાયના કામની અનિવાર્યતા અને કદર સાથે બિનસાંપ્રદાયિકતા વિષે પુખ્ત સમજ કેળવાય. બિનસાંપ્રદાયિકતા/ બિનસાંપ્રદાયિકો પરત્વે નિરપેક્ષતા કેળવવાનું અશક્ય છે, ગુજરાતમાં તો ખાસ જ. વળી, ગુજરાતમાં બિનસાંપ્રદાયિકોની આડેધડ ટીકાઓ બાબતે ક્ષોભજનક હકીકત એ છે કે બિનસાંપ્રદાયિકતા અને બિનસાંપ્રદાયિકો ઉપર કાળ ૨૦૦૨ના ટાંકણે જલદ આક્રમણો આરંભાયાં. કાળ ૨૦૦૨ની તે ક્ષણો, શ્રી કે.પી.એસ. ગીલના શબ્દોમાં ગુજરાત માટે remorse ક્ષોભનો, પશ્ચાત્તાપની ગર્તામાં ગરી જવાનો હતો તેના બદલે સિવિલ સોસાયટીના એક હિસ્સાએ બિનસાંપ્રદાયિકો પર આક્રમણને તે સમયનો આપદ્ધર્મ ગણ્યો. પ્રેમ, સદ્ભાવ અને સદાચાર થકી સમાજમાં અહિંસા અને શાંતિ જળવાઇ રહે તે એક રસ્તો છે. સાથે સાથે સમાજમાં ન્યાયધર્મ - Rule of law- ની ધાક/ આણ રહે તે રસ્તો પણ એટલો જ મૂલ્યવાન છે. હાલ તો ગુજરાતમાં બિનસાંપ્રદાયિક પરિબળો એકલા હાથે ન્યાયનું આ ભગીરથ કામ કરી રહ્યાં છે. તેમનું સામાજિક વજૂદ ઘટાડવાનું અનૌચિત્ય ચારેબાજુથી થઇ રહ્યું છે. જે કારણે ભયગ્રસ્ત અને ચારેકોરથી ભીંસાયેલ લોકાનાં જીવનમરણનાં હિતો વધારે જોખમમાં મુકાય તે ચિંતા તો છે જ પણ સાથે સાથે સદ્ભાવનાનો વ્યાપક પરિપ્રેક્ષ્ય પણ જોખમાય છે.

શરીફાબેન વીજળીવાળાએ ચર્ચા દરમિયાન પાઠયપુસ્તકોમાં કરાતી ભેળસેળનો સવાલ ઊભો કર્યો હતો. આ અને આવા અનેક સવાલો છે, જે સમાજની સદ્ભાવના પર મૂળસોતો ઘા કરે છે. તે વિષે કોઇક ભૂમિકા તો લેવી જ પડે. આવનાર સમયમાં એવા અનેક સંજોગો ઊભા થશે કે જેમાં બિનસાંપ્રદાયિક પરિબળો આવા સવાલોએ અચૂક ભૂમિકા લેશે અને તે સમયે સદ્ભાવના અભિક્રમનું મૌન કે નિરપેક્ષતા આ તાકાતોની અસર ઓછી કરવાનું કામ કરે. સરકાર અને અધિકારી વર્ગ તો બિનસાંપ્રદાયિક પરિબળોના વિકલ્પે સદ્ભાવના અભિક્રમને રજૂ કરવાને ટાંપીને બેઠાં હશે. આ અગત્યની બાબતોએ સદ્ભાવના અભિક્રમે અસંદિગ્ધ ચર્ચા કરવી પડે. સદ્ભાવના પર્વમાં ઘણા મિત્રો સામેલ ના થયા તે પાછળ આવા અનેક ગડભાંજો, અંદેશાઓ anxiety કામ કરતા હશે. કમનસીબે અહીં નોંધવું છે કે સદ્ભાવના પર્વમાં આવી મહત્ત્વની લાગતી બાબતોની ચર્ચા તો ઠીક, વ્યાસપીઠ પરથી મુખ્ય વક્તાથી ભારે માહિતીદોષ થઇ ગયો હોય તો તે સુધારવા સરખું બોલી શકાય તે અવકાશ પણ ન હતો. ત્રણેક વખત કજિયાખોર દેખાવાય, શીલના જોખમે પણ આ કરવું પડયું હતું.

એક સત્રના સૂત્રધાર ઇતિહાસવિદ્ શ્રી પલાણ સાહેબે તો '૨૦૦૨નો કોમી દાવાનળ માત્ર અઢારેક નગરો કે એમાં બીજાં બાર પંદર ઉમેરી દો' તેમ કહી, શહેર/નગર પૂરતો જ સીમિત હતો અને ગ્રામ્ય પરિવેશને ભેદી ગામડાંઓમાં પ્રસરી ના શકયો તે વાત કરી. તથા કોમી સામંજસ્ય સાધવામાં હિંદુ સમાજની ઉદારતાની સરખામણીમાં મુસ્લિમ સમાજ ઊણો ઊતર્યો છે તેવાં વિધાનો કર્યાં. આવી બાબતોએ માંડ માંડ એકાદ બે મુદ્દા નોંધાવી શકાય તેથી વિશેષ ચર્ચાને અવકાશ જ ન હતો. અનેક તાણાવાણા વીંટળાયેલ હોય તેવી કોમી સમસ્યા અને તે માટે સદ્ભાવના પર્વ જેવા સંવેદનશીલ કાર્યક્રમો અને તેના પેટા વિષયવસ્તુનું સંચાલન આધિકારિક/ વહીવટી ઓછું અને ગુણાત્મક, સંવેદનશીલ અને પારદર્શક વધુ રહેવું જોઇશે. નિખાલસ પેટછૂટી ચર્ચાઓ થાય તે મહત્ત્વનો ધ્યેય બનવો જોઇએ કેમ કે તે વિના સાચા દિશા નિર્દેશ શક્ય દેખાતા નથી.

ઉપરના મુદ્દાને લાગુ પડતી બીજી બાબત. બિનસાંપ્રદાયિકતા વિરુદ્ધ સર્વધર્મસમભાવ, એ છાપ પણ બની રહી છે. આ બાબત સ્પષ્ટ રીતે કહેવાઇ ન હતી પણ પૃષ્ઠભૂમિમાં ડોકાતી હતી. બિનસાંપ્રદાયિકતા અને સર્વધર્મસમભાવ તે બે વચ્ચે સાવ જ સામસામા છેડાના વિરોધાભાસ ના હોઇ શકે પણ એક બીજાના વિકલ્પ તરીકે રજૂ કરાઇ રહ્યાં છે. વ્યક્તિના સ્તરે, બિનસાંપ્રદાયિક -સેકયુલારીસ્ટ - હોવું અને સાથે જ સર્વધર્મસમભાવી હોવું તે કુદરતી તર્ક સંગતતા છે. આના વિકલ્પે કયું લોજીક અને કઇ પિછાન રજુ કરવી તે મૂંઝવણ છે. હું હિંદુ (કે મુસ્લિમ), હું સર્વધર્મસમભાવી અને હું બિનસાંપ્રદાયિક તે ઓળખને પ્રયત્નપૂર્વક સંવર્ધી સંક્રમણિત propagate કરવાની જરૂર છે તેના બદલે તેના પર સવાલો ઊભા કરાયા છે અને બીક છે કે આ ઓળખ, લુપ્ત થતી પ્રજાતિમાં ફેરવાઇ જશે.

હિંદુ, મુસ્લિમ, કે બિનસાંપ્રદાયિક હોવું એટલે શું તે પાયાના સવાલ કરવા જ પડે તે સમયનો તકાજો છે. જેમ કર્ણાટકના મુથલિકની કે પ્રવીણ તોગડિયાની હિંદુ કટ્ટરતા સવાલ ઊભો કરાવે અને સાચી હિંદુ અસ્મિતા શોધવા મજબૂર કરે તેમ બિનસાંપ્રદાયિકતાના અનુયાયીઓ પણ જો કટ્ટર બિનસાંપ્રદાયિકતા પેશ કરતા હોય તો તે સામે પણ તે જ અભિગમ લેવાય. જેમ હિંદુત્વને કલંક લગાડતાં કારનામાઓએ હિંદુધર્મ છોડવાપણું નહીં પણ ઊલટું સખતાઇથી પકડી રાખવાનું હોય તેમ તેવું જ બિનસાંપ્રદાયિકતા બાબતે પણ કરવાનું હોય પણ તેના બદલે' નાહયેલા પાણી સાથે બાળક ફેંકી દેવાની' ભૂલ થઇ રહી હોય તેમ લાગે છે. વ્યકિતગત સ્તરે સર્વધર્મસમભાવ બરાબર હોય પણ જેવું શરીરની બહાર જઇએ અને રાજકીય વાતાવરણને સ્પર્શીએ ત્યાં તો રાજ્યનું તો બિનસાંપ્રદાયિક હોવું તે જ લોકશાહીની વિભાવના સાથે કુદરતી સંગત જમાવે છે. લોકશાહી રાજ્ય બિનસાંપ્રદાયિક જ હોઇ શકે.

રાજ્યનું સર્વધર્મસમભાવી હોવું એટલે શું ? આનો જવાબ ખોળવા જતાં, પહેલો સવાલ તો એ જ આવે કે રાજ્યનો પોતાનો જ એક 'રાજ્યધર્મ' છે અને બંધારણ સાથેની ભારતની છે તેવી લોકશાહી રાજ્યવ્યવસ્થામાં તો આ રાજ્યધર્મ ખાસ્સો રેખાંકિત કરાયેલ છે. તે કારણે રાજ્ય પોતાના એ (બંધારણીય તો ખરું જ, તે સિવાય પણ 'રાજ્ય' તરીકે હોવાપણાના કારણ માત્રથી ઉદ્ભવતા) ધર્મને વળગેલો રહે તે જ એનો ધર્મ. રાજ્યનું સર્વધર્મસમભાવી હોવું એટલે શું તે વિશદ્ ચર્ચા માંગી લે છે. પ્રથમ નજરે તો આ બાબત ફસામણી લાગે છે. રાજ્ય સર્વધર્મસમભાવી હોય એટલે આગળનું પગલું એ મંડાય કે સર્વસંપ્રદાયસમભાવી રાજ્ય કેમ નહીં? છેલ્લાં કેટલાંક વરસોમાં જ આ બાબત આટલી સંવેદનશીલ બની છે અન્યથા આપણા ભારતીય માહૌલમાં સહજપણે એક equilibrium સર્જાયું છે. જેમ કે રાજ્ય તરફથી કોઇ ખાતમુહર્ત થાય( વૈજ્ઞાનિક ઉપક્રમ સહિતના) તો એમાં નારિયેળ વધેરાય કે નાડાછડી બંધાય, કંકુના ચાંદલા મંત્રાદી બોલાય તે કોઇ વખત વિવાદના વિષય ન હતા અને એક વિશિષ્ટ રીતની 'ભારતીય બિનસાંપ્રદાયિકતા'એ આકાર લીધેલ છે અને ઠેકઠેકાણે દેખાય પણ છે. પણ વળ પર વળ ચઢાવી વાતને કલિષ્ટ બનાવાઇ છે.

સદ્ભાવનાના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં હવે અગત્યની વાત પણ છે કે પ્રમુખ સમુદાયો વચ્ચે તનાવના કયા કયા મુદ્દાઓ- પાસાંઓ છે તે તપાસવાંમાં આવે. એક તો આ બાબત પાયાની છે અને બીજું રોગના મૂળમાં ગયા વિના ઇલાજ શક્ય નથી. એક વખત આ બાબતની મુક્ત ચર્ચા થાય તો તે કારણો પૈકી દૂર થઇ શકે તેવી બાબતો સ્પષ્ટ થાય અને તો તે દિશામાં કામગીરી હાથ ધરી શકાય. પર્વમાં વડોદરાના નાગરિક ફોરમના શ્રી જનકભાઇ પરીખે અવાજના પ્રદૂષણના સંદર્ભમાં મસ્જિદ પરથી માઇકમાં પઢાતી અજાનનો મુદ્દો ઊભો કરેલ. આ અને આવા બીજા કેટલાય તનાવો હોઇ શકે તેને કમ સે કમ સમજદારીપૂર્વક ઓળખવા જરૂરી છે. આવા નક્કર સવાલો બીજા પણ હોઇ શકે. આવા સવાલો પર ચર્ચા થઇ શકી હોત અને તેમાં શ્રી નારાયણભાઇ દેસાઇ, પૂ. બાપુ, મૌલાના સાહેબનું માર્ગદર્શન મળી રહે તેમ થયું હોત તો કાર્યક્રમની ઊપયોગિતા અનેક ગણી વધી હોત.

છેલ્લે એક વાત. ખબર નહીં કેમ એ ભૂલ થઇ પણ બીજાં કામોમાંથી મન હટે છે અને વિચારે ચઢી જવાય કે આમ થયું જ કેમ! પર્વમાં મારા સહિત હાજર કેટલા બધા હતા પણ કોઇ કરતાં કોઇને એ ખ્યાલ ના આવ્યો કે પર્વસમાપનનો એ દિવસ ગોધરા-અનુગોધરા બર્બરતાની સાતમી વરસીનો દિન હતો. તે દિવસને યોગ્ય કમ સે કમ મૃતાત્માઓની શાંતિ માટે બે મિનિટ મૌનનો મલાજો તો ચુકાયો જ પણ તે પછી રસપૂરીનાં જમણ પણ થયાં ! વળી, આ દિવસ ૨૨૮ જેટલા પરિવારો માટે ભારે કપરો હતો કેમ કે જેમનો પત્તો નહીં લાગેલ તેવાં તેમનાં સ્વજનોને મૃત જાહેર કરવામાં આવનાર હતાં. આશાના રહ્યાસહ્યા તાંતણા તૂટવાના હતા અને મૃતદેહને પંપાળ્યા વિના જ, છાતીસરસા ચાંપ્યા વિના જ પોતાના દીકરાદીકરી માબાપ ભાઇબહેનને મૃત સ્વીકારી લેવાનાં હતાં! કાળ ૨૦૦૨નું પશ્ચાત્તાપ ઊતરતું નથી અને સામે બીજું ચઢયા કરે છે! ■

*(C/o, આર્ચ, સોની ફળિયુ, કવાંટ, જિ. વડોદરા)*

# આર્થિક કટોકટી

## બજારનો અતિરેક કે સરકારી અતિરેક ?

### - અંબરીષ મહેતા

અમેરિકા અને યુરોપના વિકસિત દેશોમાં પેદા થયેલી નાણાંકીય કટોકટીએ એ દેશોના અર્થતંત્રને તો જાણે મંદીમાં ધકેલી જ દીધું છે, સાથે સાથે વૈશ્વિક સ્તરે પણ ઘેરા પ્રત્યાઘાતો પાડ્યા છે. ભારત અને ચીન જેવા emerging economies વાળા દેશોમાં છેલ્લાં ઘણાં વર્ષોથી જે તેજ આર્થિક વિકાસ થઇ રહ્યો હતો તે પણ ધીમો પડી ગયો છે અને આખું વિશ્વ કદાચ મંદીની પકડમાં આવી જાય એવું સંકટ પેદા થઈ ગયું છે.

મોટાભાગના લોકો આ કટોકટી માટે બજાર વ્યવસ્થાની અંતર્ગત ઉણપો (inherent deficiencies)ને જ જવાબદાર ગણે છે અને માને છે કે ૧૯૮૦ પછીના અઢી દાયકામાં દુનિયાભરમાં 'મુક્ત બજાર' આધારિત અર્થવ્યવસ્થાનો જે વાવર ચાલ્યો અને અર્થતંત્ર પરનાં સરકારી નિયંત્રણો એક પછી એક હટાવી દેવાયાં તેમાં આ તો વહેલું મોડું થવાનું જ હતું. કેટલાકે તો આ કટોકટીને બર્લિનની દિવાલ તૂટી પડવાની ઘટના સાથે સરખાવીને કહ્યું છે કે એના પછી જે રીતે સામ્યવાદની બોલબાલા હંમેશ માટે ખતમ થઇ ગઇ, એ જ રીતે આ કટોકટી પછી હવે 'મુક્ત બજાર' ની વાતો પણ હંમેશ માટે બંધ થઇ જશે. વર્લ્ડ સોશિયાલીસ્ટ ફોરમે તો મુક્ત બજારના હિમાયતીઓને ઉદ્દેશીને એક બેનર પણ તૈયાર કરી દીધું છે : 'Admit that You Were Wrong' !

આવા ત્વરિત ચુકાદાઓમાં, અલબત્ત, આ કટોકટી દરમિયાન ખરેખર શું થયું અને ચોક્કસ ક્યા પરિબળોએ એમાં ભાગ ભજવ્યો એ વિશે ભાગ્યે જ કોઇ પ્રકાશ પડે છે. ઘણા માટે તો 'નફા માટે કામ કરતા બજારમાં તો આવું જ થાય ને' એ વાત એટલી તો ગળથૂથીમાં ઊતરી ગઇ છે કે ખરેખર શું થયું તેની જાંચ-પડતાળની માથાકૂટમાં પડવાની જ એમને કોઇ જરૂર નથી જણાતી.

બીજી બાજુ કેટલાક એવા લોકો પણ છે જેઓ ખરેખર શું થયું, કેમ થયું તે સમજવાની કોશિશ કરી રહ્યા છે અને તે માટે વિગતે છાનબીન કરી રહ્યા છે. એમાંના એક છે જાણીતા મોનેટરીસ્ટ અર્થશાસ્ત્રી ડો. જ્હોન ટેલર. તેઓ મિલ્ટન ફ્રીડમેનના સહકાર્યકર હતા અને કેલિફોર્નિયાની હુવર ઇન્સ્ટીટ્યુટના સિનીયર ફેલો છે. તેઓ ખાસ કરીને 'ટેલર રુલ' માટે જાણીતા છે. એમાં એમણે ફુગાવાનો દર ૨ ટકાની આસપાસ સ્થિર રાખવો હોય તો એ માટે આર્થિક વિકાસ અને ફુગાવાના પ્રવર્તમાન દરોને ધ્યાનમાં રાખીને સેન્ટ્રલ બેંકોએ વ્યાજ દર કઇ રીતે નક્કી કરવા એના નિયમો તૈયાર કર્યા છે. દુનિયાની ઘણી સેન્ટ્રલ બેંકો વ્યાજ દર નક્કી કરતી વખતે આ 'ટેલર રુલ્સ'નો ઉપયોગ કરી રહી છે. આ કટોકટી શરૂ થઇ ત્યારથી જ એ ક્યા કારણસર પેદા થઇ, એના ઉકેલ માટે ખરેખર શું કરવાની જરૂર છે વગેરે સવાલો વિશે તેઓ લખતા આવ્યા છે. હમણાં જાન્યુઆરીમાં જ આ નાણાંકીય કટોકટી અંગેનું તેમનું પુસ્તક 'Getting Off-track – How Government Actions and Interventions Caused, Prolonged and Worsened the Financial Crisis' પ્રકાશિત થયું છે. આ પુસ્તક તો જાણે હજી હાથમાં નથી આવ્યું, પરંતુ આ કટોકટી અંગે એમણે જે લેખો લખ્યા છે અને કોંગ્રેસ સમક્ષ જે જુબાની આપી છે તેના પરથી તેમનાં મુખ્ય તારણો અને એ માટેના તથ્યોની ઝાંખી મળે છે. ડિસેંબર માસમાં હુવર ઇન્સ્ટીટ્યુટના કાર્યક્રમ 'Uncommon Knowledge'માં તેમણે આ કટોકટી અંગે એક લાંબો ઇન્ટરવ્યુ પણ આપેલો, જેમાં આ કટોકટીનાં કારણો અને તેના ઉકેલ અંગે વિગતે ચર્ચા કરેલી. તેમના આ ઇન્ટરવ્યુનો ભાવાનુવાદ આ અંકમાં જ અલગ આપ્યો છે. અહીં તેમનાં તેમજ બીજા કેટલાક લેખકોના લેખોના આધારે આ કટોકટી વિશે જે જાણવા સમજવા મળે છે તે જોઇશું. અમેરિકામાં જ આ કટોકટી શરૂ થયેલી, એટલે મુખ્યત્વે ત્યાંની જ વાત કરીશું.

તેમની મુખ્ય વાત એ છે કે આ નાણાંકીય કટોકટી પેદા થઇ, આટલા લાંબા સમય સુધી ચાલી અને પછી નાટ્યાત્મક રીતે ઘેરી બની તે ત્રણેય બાબતોમાં નિયંત્રણ વગરના બજાર નહીં, પરંતુ સરકારી નિર્ણયો અને દખલે અહમ ભૂમિકા ભજવી છે. આનો અર્થ એ નથી કે બીજાં પરિબળોની કોઇ ભૂમિકા જ નથી, પરંતુ બધાં પરિબળોને ધ્યાનમાં લઇએ અને ક્યા પરિબળે કેટલો ભાગ ભજવ્યો છે તેનું આકલન કરીએ તો એમાં આ સરકારી હસ્તક્ષેપોએ મુખ્ય ભાગ ભજવ્યો છે એમ સ્વીકારવું પડે. આ સવાલોને હવે વિગતે તપાસીએ :

## ૧. આ કટોકટી કેમ પેદા થઇ ?

નાણાંકીય કટોકટીઓનો છેલ્લાં ૧૦૦ વર્ષ કે તેથી પણ વધારે સમયનો ઇતિહાસ તપાસીએ તો એમાં એક વાત સ્પષ્ટ રીતે બહાર આવે છે કે આવી કટોકટીઓ મુખ્યત્વે નાણાંકીય અતિરેકો (monetary excesses)ને કારણે જ પેદા થાય છે. અને પ્રચલિત માન્યતાથી વિપરીત આવા નાણાંકીય અતિરેકોના મૂળમાં બજાર નહીં પરંતુ સરકારો, ખાસ કરીને કેન્દ્રીય બેંકો (અમેરિકામાં ફેડરલ રિઝર્વ) જ રહેલી હોય છે. એનું સીધે સીધું કારણ એ જ કે નવાં નાણાં પેદા કરીને (નવી નોટો છાપીને અથવા તો બેંકોના રિઝર્વ ફંડમાં ઉમેરો કરીને) તેને અર્થતંત્રમાં વહેતાં કરવાની સત્તા માત્ર તેઓ જ ધરાવે છે.

વર્ષો પહેલાં ફ્રેડરિક હાયેક અને મિલ્ટન ફ્રીડમેન જેવા અર્થશાસ્ત્રીઓએ આ જ વાત કરેલી. ૧૯૨૯-૩૩ની મહામંદી તેમજ બીજી કટોકટીઓનો વિગતવાર અભ્યાસ કરીને તેમણે કહેલું કે આર્થિક વિકાસની પ્રક્રિયામાં થોડા થોડા સમયે તેજી અને મંદીના ચડાવ-ઊતારનાં જે ચક્રો (Business Cycles) જોવા મળે છે તે કંઇ બજાર વ્યવસ્થાના અંતર્ગત ગુણધર્મોને કારણે પેદા નથી થતાં, પરંતુ રિઝર્વ બેંકો, અર્થતંત્રમાં ફરતાં નાણાંની માત્રામાં વધારો કરીને આર્થિક વિકાસની પ્રક્રિયાને કૃત્રિમ રીતે ઉત્તેજિત કરવાના જે પ્રયત્નો કરે છે તેને કારણે પેદા થાય છે. અને એટલે આવા ચડાવ-ઊતાર વગરનો સ્થિર આથિક વિકાસ હાંસિલ કરવો હોય તો એની પહેલી પૂર્વશરત એ છે કે રિઝર્વ બેન્કો, અર્થતંત્રને ઉત્તેજિત કરવાના આવા કૃત્રિમ પ્રયત્નો બંધ કરી દે અને અર્થતંત્રમાં ફરતાં નાણાંની માત્રાની વૃધ્ધિનો દર, અર્થતંત્રના વાસ્તવિક વિકાસ દરની આસપાસ રાખીને સ્થિર નાણાંકીય ફ્રેમવર્ક પૂરું પાડે. પરંતુ કેઇન્સની બોલબાલાના એ દિવસોમાં એમની આ વાત કોઇએ કાને ધરેલી નહીં એ તો આપણે જાણીએ જ છીએ.

અત્યારની કટોકટીની વાત પર પાછા આવીએ તો એમાં ૨૦૦૨થી હાઉસીંગ ક્ષેત્રમાં કૃત્રિમ તેજી (Boom)નો ફુગ્ગો ફૂલેલો, જે પછી ૨૦૦૬માં ફૂટી ગયો (Bust) અને એની સીધે અસર બેંકો અને નાણાંકીય સંસ્થાઓ પર પડેલી. હાઉસીંગ ક્ષેત્રમાં આ કૃત્રિમ તેજી કેમ પેદા થઇ એનાં કારણો તપાસીએ તો ખ્યાલ આવે છે કે એમાં ૨૦૦૨ થી ૨૦૦૪ સુધીનાં ત્રણ વર્ષના ગાળામાં અમેરિકાના ફેડરલ રિઝર્વ (ફેડ)ની ઢીલી નાણાંકીય નીતિએ સૌથી અગત્યનો ભાગ ભજવ્યો છે.

આકૃતિ ૧માં દર્શાવ્યા પ્રમાણે ૨૦૦૧માં ફેડરલ ફંડ પરનો વ્યાજદર જે ૬.૫ ટકા જેટલો હતો, તે ૨૦૦૧ના અંત સુધીમાં ૧.૭૫ ટકા




**આકૃતિ ૧. ફેડરલ વ્યાજ દર - શું હતો ?, શું હોવો જોઇતો હતો?**

જેટલો નીચો કરી દેવામાં આવેલો અને ત્યાર પછી પણ એમાં ઘટાડો કરતા જઇને ૨૦૦૩માં તો એ માત્ર ૧ ટકા જેટલો જ કરી દેવાયેલો. એક વર્ષ સુધી એ જ દર ચાલુ રખાયો અને ૨૦૦૪માં પછી એમાં ક્રમસર વધારો કરતા જઇને ૨૦૦૬ સુધીમાં તે ૫.૨૫ ટકા જેટલો કરવામાં આવેલો. આમ, ૩ વરસ સુધી ફેડરલ ફંડ પરનો વ્યાજ દર ખાસ્સો નીચો રાખવામાં આવેલો.

વ્યાજ દરના આ ઘટાડોનો અર્થ એ થાય કે ફેડે આ ગાળામાં તેની નાણાંકીય નીતિમાં ઢીલ મૂકીને અર્થતંત્રમાં વધારે નવાં નાણાં ફરતાં કરી દીધેલાં. (અહીં વ્યાજ દરના ઘટાડાને વળી નાણાંની માત્રાના વધારા સાથે શું સંબંધ એ સવાલ પેદા થાય. એના જવાબ માટે આપણે રિઝર્વ બેંકીંગની વ્યવસ્થા કઇ રીતે કામ કરે છે તે સમજવું પડે, જેની પ્રાથમિક સમજણ સામેના બોક્ષમાં આપી છે.)

૨૦૦૨ પહેલાંનાં ૨૦ વર્ષના લાંબા ગાળામાં ફેડે પોતે જે નાણાંકીય નીતિ અપનાવેલી હતી, અને જે અત્યંત સફળ પણ સિધ્ધ થઇ હતી, એ જ નીતિ જો આ ગાળામાં પણ ચાલુ રાખી હોત તો વ્યાજ દર કેટલો હોત તે આપણને આ આકૃતિની બીજી રેખા (Taylor Rule)માં જોવા મળે છે. એ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ ગાળામાં ફેડે વ્યાજના દર તેણે પોતે સ્વીકારેલી નીતિ પ્રમાણે જે હોવા જોઇતા હતા એના કરતાં પણ ઘણા નીચા રાખેલા અને એ રીતે પોતાની નીતિનું જ ઉલ્લંઘન કરેલું.

’૬૦ અને ’૭૦ના દાયકાઓની ઢીલી નાણાંકીય નીતિઓનાં જે દુષ્પરિણામો જોવા મળેલાં (ભારે ફુગાવો અને તેજી-મંદીના ચડાવ-ઊતાર) તેમાંથી પાઠ શીખીને ૧૯૮૨-૨૦૦૨ સુધીના ગાળામાં ફેડે

## ફેડ કઇ રીતે હવામાંથી નવાં નાણાં પેદા કરે છે અને અર્થતંત્રમાં વહેતાં કરે છે ?

જ્યારે આપણે એમ કહીએ કે ફેડરલ રિઝર્વે (આપણે ત્યાં રિઝર્વ બેંક) વ્યાજ દર વધાર્યા કે ઘટાડ્યા, ત્યારે આપણે ખરેખર તો ફેડરલ ફંડ (રિઝર્વ)ના વ્યાજ દર માટેના એના લક્ષ્યાંકની વાત કરી રહ્યા છીએ. ફેડ પોતે આ રિઝર્વના બજારમાં નથી ધીરધાર કે નથી લેણદાર. ફેડરલ ફંડ માટેનો વ્યાજ દર હકીકતમાં તો એ વ્યાજ દર છે જે બેંકો *એક-બીજાને* રિઝર્વની એક દિવસની લોનો માટે ચાર્જ કરે છે. આજની ફ્રેકશનલ બેંકીંગ વ્યવસ્થામાં દરેક બેંકે એમની પાસેની કુલ ડિપોઝીટોનો એક નિશ્ચિત હિસ્સો (૧૦ ટકા) રિઝર્વ (કાં તો પોતાની તિજોરીમાં રોકડાં નાણાં તરીકે અથવા તો ફેડ પાસેના તેના ખાતામાં ડિપોઝીટ તરીકે) તરીકે અનામત રાખવો પડે છે. હવે કોઇ પણ એક સમયે કેટલીક બેંકો પાસે જરૂરી હોય એના કરતાં વધારે રિઝર્વ હોય, જ્યારે બીજી બેંકો પાસે એનાથી ઓછા રિઝર્વ હોય. આવે સમયે વધારે રિઝર્વવાળી બેંક ઓછા રિઝર્વવાળી બેંકને થોડા સમય માટે એની લોન આપી શકે અને એ માટે જે વ્યાજ (વાર્ષિક) લે તે ફેડરલ ફંડ માટેનો (વાસ્તવિક) વ્યાજ દર કહેવાય. હવે એક બીજી જટિલતા : ફેડ પોતે પણ બેંકોને રિઝર્વ ધીરે છે. પરંતુ તે કહેવાતી 'discount window' પરથી અને તે માટેના વ્યાજ દરને 'discount rate' કહે છે.

હવે ફેડ ડિસ્કાઉન્ટ રેટ નક્કી કરે એ તો જાણે સમજી શકાય, કારણ કે એ પોતે જ એ નાણાં ધીરે છે અને એટલે ઇચ્છે તે દર રાખી શકે. પરંતુ બેંકો એક-બીજાને રિઝર્વ ધીરે તેના બજારમાં તો એ ભાગ લેતું જ નથી. તો પછી એના વ્યાજ દર એ કઇ રીતે નક્કી કરી શકે છે ? એ કહી દે એટલે બધી બેંકોએ માનવું જ પડે એવી વ્યવસ્થા છે ?

ના. એ માટે એ ઘણી જટિલ પ્રક્રિયા અપનાવે છે. ટૂંકમાં કહીએ તો એ બેંકોના રિઝર્વના જથ્થાને નિયંત્રિત કરે છે અને એટલે એના થકી બેંકો એ રિઝર્વ એકબીજાને ઉછીના આપે ત્યારે શું ચાર્જ લેશે તેને પણ આડકતરી રીતે નિયંત્રિત કરે છે. દા.ત. જ્યારે એને એમ લાગે કે બેંકો રિઝર્વની લોનો માટે એક-બીજાને વધારે પડતો ચાર્જ કરી રહી છે (બીજા શબ્દોમાં ફેડરલ ફંડનો પ્રવર્તમાન વ્યાજ દર એણે નક્કી કરેલા લક્ષ્યાંક કરતા વધારે છે) તો ત્યારે ફેડ કેટલાક 'Open Market Operations' હાથ ધરશે. એ બેંકો પાસેથી એમની પાસેના ટ્રેઝરી બોન્ડ ખરીદશે. અને આ ખરીદીની સામે એના ચોપડે એ બેંકોના ખાતામાં એ બોન્ડની કિંમત જેટલા રિઝર્વના આંકડા ઉમેરી આપશે.

આ જ એ બિંદુ છે જ્યાં ફેડ હવામાંથી પેદા કરેલાં નાણાં બેંકીગ વ્યવસ્થામાં દાખલ કરે છે. આ વાત બહુ અગત્યની છે, એટલે એને બરાબર સમજી લઇએ : ધારો કે ફેડ કોઇ એક *અબક* બેંક પાસેથી ૧૦ લાખ ડોલરના બોન્ડ ખરીદે છે. ત્યારે એ બેંક પાસેથી એ બોન્ડની માલિકી મેળવી લેશે. અને એના બદલામાં પોતાના ચોપડે *એ અબક* બેંકનું જે ખાતું હોય તેમાં જમા રિઝર્વમાં ૧૦ લાખ ડોલરનો એ વધારો કરી દેશે. પરંતુ આમ કરતી વખતે ફેડ આ નાણાં બીજા કોઇ ખાતામાંથી ટ્રાન્સફર નથી કરતું. એ તો માત્ર એ *અબક* બેન્કના ખાતામાં ૧૦ લાખ ડોલરના રિઝર્વનો ઉમેરો કરતી કોમ્પ્યુટરની એન્ટ્રી જ કરે છે. એ જમા એન્ટ્રીની સામે બીજી કોઇ ઉધાર એન્ટ્રી આખી બેંકીંગ વ્યવસ્થામાં ક્યાંય કરાતી નથી. *અબક* બેન્કના રિઝર્વમાં ૧૦ લાખ ડોલરનો વધારો થઈ ગયો. પરંતુ એની સામે બીજી કોઇ બેંકના રિઝર્વમાં ઘટાડો નથી કરતું. આ *અબક* બેન્ક હવે આ વધારાના રિઝર્વ બીજી બેંકોને ધીરી શકશે. અથવા એના પોતાના ગ્રાહકોને લોન પેટે આપી શકશે. હકીકતમાં તો ફ્રેકશનલ રિઝર્વ સિસ્ટમની ખૂબી તો એ છે કે તેના રિઝર્વમાં થયેલા આ ૧૦ લાખ ડોલરના વધારાને કારણે એ *અબક* બેન્ક એના ગ્રાહકોને ૧ કરોડ ડોલર સુધીની નવી લોનો આપી શકશે. આમ, અર્થતંત્રમાં ફરતાં નાણાંની માત્રા વધી જશે. અને પરિણામે નાણાંની કિંમત ઘટશે, એટલે કે ચીજ-વસ્તુઓની કિંમત વધશે.

પરંતુ મૂળ વાત પર પાછા આવીએ તો રિઝર્વના આવા વધારાથી બેન્કો એક-બીજાને આવા રિઝર્વ ધીરે ત્યારે તેના વ્યાજ દર આપોઆપ નીચે આવવા માંડશે અને ફેડે નક્કી કરેલા લક્ષ્યાંક તરફ જવા માંડશે. આમ આવા 'Open Market Operations' દ્વારા ફેડ ફેડરલ ફંડ પરના પ્રવર્તમાન ઊંચા વ્યાજ દરને તેણે નક્કી કરેલા નીચા લક્ષ્યાંક જેટલો લાવી દે છે.

અલબત્ત, આથી વિપરીત જો ફેડરલ ફંડ માટેનો પ્રવર્તમાન વ્યાજ દર એણે નક્કી કરેલા લક્ષ્યાંક કરતાં નીચો હોય તો ત્યારે તે બેંકોને બોન્ડ વેચશે અને તેની સામે એમના રિઝર્વમાં ઘટાડો કરશે.

આપણે ત્યાંની રિઝર્વ બેંક પણ નાના મોટા ફેરફારોને બાદ કરતાં આ જ રીતે વ્યાજ દર ઘટાડીને કે વધારીને નાણાંની માત્રામાં વધારો-ઘટાડો કરતી રહે છે.

એકંદરે અત્યંત સંયમી નાણાંકીય નીતિ અપનાવેલી અને વ્યાજ દર નક્કી કરતી વખતે ફુગાવાના દરને ૨ ટકાની આસપાસ સ્થિર રાખવાના ઉદ્દેશ્યને જ કેન્દ્રમાં રાખેલો. અને જ્હોન ટેલરે એ માટે જે ટેલર નિયમો (Taylor Rules) તૈયાર કર્યા છે તેનો પણ નિયમિત ઉપયોગ કરેલો. અને વ્યાજ દર ઓછા કરીને અર્થતંત્રને ઉત્તેજિત કરવાની તેની સ્વાભાવિક વૃત્તિને નિયંત્રણમાં રાખેલી. પરિણામે આ ૨૦ વર્ષના ગાળામાં અમેરિકાના ઇતિહાસમાં પહેલી વાર મોટા ચડાવ-ઊતાર અને ફુગાવા વગરનો સ્થિર આર્થિક વિકાસ હાંસિલ કરી શકાયેલો. (જોકે એ ગાળામાં પણ પહેલાં ૧૯૯૦માં અને પછી ૨૦૦૦માં બે નાના ચક્રો તો પેદા થયેલા જ, જેના મૂળમાં પણ વ્યાજ દરનો ઘટાડો જ હતો.)

૨૦ વર્ષની સફળ નીતિને બાજુ પર મૂકી દઇને વ્યાજ દરને વધારે પડતા નીચા લઇ જવાનો નિર્ણય ફેડે સમજી વિચારીને લીધેલો. ૨૦૦૧માં ડોટ-કોમનો (નાનો) ફુગ્ગો ફૂટ્યા પછી અર્થતંત્ર થોડા સમય માટે છીછરી મંદીની પકડમાં હતું. ત્યાર પછી સપ્ટેંબર ૧૧ના આતંકવાદી હુમલાને કારણે પણ મોટો ફટકો પડેલો. એ સ્થિતિમાં ફુગાવાનો દર, જે આમ પણ ઘણો નીચો હતો, તે ઘટીને નકારાત્મક થઇ જાય (deflation પેદા થાય અને ભાવો ઘટવા માંડે) તો અર્થતંત્ર લાંબા સમય માટે મંદીની પકડમાં આવી જાય એવો ભય હતો. એમ ન થાય એ માટે જ ફેડે ૨૦૦૧માં વ્યાજ દરમાં તીવ્ર ઘટાડો કરેલો. જોકે આ બાબત ધ્યાનમાં રાખીએ તો પણ ત્યાર પછી લાંબા સમય સુધી વ્યાજ દર નીચાને નીચા જ કેમ રાખી મૂકવામાં આવ્યા એ સવાલ તો ઊભો જ રહે છે. અગાઉના ૨૦ વર્ષના ગાળામાં પણ વ્યાજ દર ઘટાડાયેલા. પરંતુ આટલો મોટો ઘટાડો આટલા લાંબા સમય સુધી ચાલું રખાયો હોય એવું ક્યારેય નહોતું બન્યું. આ તો '૭૦ના દાયકાની અત્યંત ઢીલી નાણાંકીય નીતિની જ યાદ અપાવે એવો ઘટાડો હતો.

## વ્યાજદર ઘટાડો અને હાઉસીંગની 'તેજી'

વ્યાજ દરના આ ઘટાડાને કારણે બેંકોને આ ગાળામાં ફેડ પાસેથી લોનો આપવા માટે ખૂબ મોટી માત્રામાં વધારાનાં નવાં નાણાં મળેલાં. એક અંદાજ મુજબ ફેડે આ ગાળામાં બેંકોના રિઝર્વ ફંડમાં ૨૦૦ અબજ ડોલરનો ઉમેરો કરેલો. એનો અર્થ એ થાય કે બેન્કોને લોનો આપવા માટે વધારાના ૨૦૦૦ અબજ ડોલર મળેલા. એને કારણે લોનોના વ્યાજ દરોમાં જબરજસ્ત ઘટાડો થયો. મકાન ખરીદવા માટેની લાંબા ગાળાની લોનોનો વ્યાજ દર જે ૨૦૦૧માં ૭.૫ ટકા જેટલો હતો તે ૨૦૦૩ સુધીમાં ઘટીને ૫.૨૫ ટકા જેટલો થઇ ગયો. બદલાતા વ્યાજ દરવાળી લોનોના વ્યાજ દર તો એનાથી યે ઓછા થઇ ગયા. પરિણામે




**આકૃતિ ૨. હાઉસીંગ ક્ષેત્રની 'તેજી-મંદી'**

વધારેને વધારે લોકો આવી લોન લઇને મકાન ખરીદવા માટે આગળ આવવા માંડ્યા, જે કારણે મકાનોના ભાવ વધવા માંડ્યા અને નવાં મકાનોના બાંધકામની પ્રવૃત્તિએ પણ વેગ પકડ્યો અને હાઉસીંગ ક્ષેત્રમાં 'તેજી' આવી.

એ તો સ્પષ્ટ છે કે આ 'તેજી' લગભગ સંપૂર્ણપણે વ્યાજ દરના ઘટાડાને કારણે જ પેદા થઇ હતી અને નહીં કે મકાનોની વાસ્તવિક માંગમાં વધારો થવાને કારણે. એટલે પાછળથી એ ફુગ્ગો વહેલો મોડો ફુટી જ જવાનો હતો (વ્યાજ દર વધે અથવા તો ફુગાવાને કારણે બીજી ચીજ વસ્તુઓના ભાવો પણ વધવા લાગે ત્યારે). આમ છતાં આમ જ હતું કે નહીં તેની ખાતરી કરવા માટે જ્હોન ટેલરે વ્યાજ દર અને મકાનોનાં નવાં બાંધકામોની શરૂઆત (Housing Starts) વચ્ચેનો સંબંધ દર્શાવતું એક Empirical Model તૈયાર કરેલું. અને એને એને Simulate કરીને જો વ્યાજ દર ઘટાડાયા ન હોત અને ટેલર રુલને અનુરૂપ જ રખાયા હોત તો એ Counterfactual સ્થિતિમાં શું થયું હોત તેનો અંદાજ મેળવવાની કોશિશ કરેલી. એનાં પરિણામ આકૃતિ-૨માં આપ્યાં છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે એ સ્થિતિમાં હાઉસીંગ ક્ષેત્રની આ 'તેજી' અને ત્યાર પછીની 'મંદી' પણ પેદા ન થયા હોત. આ આકૃતિમાં મકાનોની કિંમત દર્શાવી નથી, પરંતુ તેમાં પણ આ જ રીતે પહેલાં ભારે વધારો અને પછી ગિરાવટનું ચક્ર જોવા મળે છે. હાઉસીંગ ક્ષેત્રની તેજી-મંદી ઉપરાંત વ્યાજ દરના આ ઘટાડાને કારણે ફુગાવો પણ વધીને ૩.૨ ટકા જેટલો થઇ ગયેલો, જે ૨ ટકાના લક્ષ્ય કરતાં ઘણો વધારે હતો.

## નાણાંકીય અતિરેક અને સબ-પ્રાઇમ લોનો

હાઉસીંગ ક્ષેત્રની તેજીનો ફુગ્ગો ફૂટી ગયો ત્યારે એની સીધી અસર બેંકો અને નાણાંકીય સંસ્થાઓ પર પડે એ સ્વાભાવિક છે. વ્યાજ દર

**આકૃતિ ૩. મકાનોની કિંમત અને જોખમી લોનોના default**

વધવા માંડ્યા તેમ તેમ નવી લોનો માટેની માંગ ઘટતી ગઇ, જેની સીધી અસર મકાનોની માંગ પર પડી અને પરિણામે મકાનોની કિંમતો ખૂબ ઝડપથી ઓછી થવા લાગી. જે લોકોએ 'તેજી'ના ગાળામાં લોનો લીધેલી (ખાસ કરીને ઓછા વ્યાજવાળી ફ્લોટીંગ રેટવાળી લોનો) તેમના માસિક હપ્તાની રકમ પણ વધી ગઇ અને એટલે તેઓ માસિક હપ્તાની રકમ ભરવામાં મુશ્કેલી અનુભવવા લાગ્યા. જેમણે લાંબા ગાળાના સ્થિર દરવાળી લોનો લીધેલી તેઓ પણ ફુગાવાને કારણે બીજી ચીજ-વસ્તુઓના ભાવ વધી ગયા હોવાથી લોનના હપ્તાની રકમ ભરવામાં મુશ્કેલી અનુભવવા લાગ્યા. આ બધાને પરિણામે લોનના હપ્તા ભરવામાં ચૂક થવાના (Delinquencies) તેમજ ગીરવે મૂકેલાં મકાનો જતા કરીને લોન જ બંધ કરી દેવાની (Foreclosures) માત્રા વધી ગઇ. જેની સીધી અસર બેંકો અને નાણાંકીય સંસ્થાઓ ઉપર પડી. મકાનોની કિંમતોની ગિરાવટને કારણે એ લોનો સામે ગીરવે રાખેલ મકાનો વેચી દીધા પછી પણ લોનની પૂરેપૂરી રકમ પાછી મળે એમ નહોતી.

બીજી બે બાબતોએ આ મુશ્કેલીઓ ઘણી વધારી દીધી. ૧) ૨૦૦૨થી ૨૦૦૬ના ગાળામાં મકાનો ખરીદવા માટે જે લોનો અપાયેલી તેમાં સબ-પ્રાઇમ કેટેગરીની જોખમી લોનોનું પ્રમાણ પહેલાં કરતાં ખાસ્સું વધારે હતું. (સબ-પ્રાઇમ લોન એ લોન છે જેમાં લોન લેનાર વ્યક્તિ એ લોન પાછી ભરી શકે એમ છે કે નહીં તેની પૂરતી ચકાસણી ન થઈ હોય, જ્યારે પ્રાઇમ લોન એ લોન છે જેમાં એની લોન પાછી ભરવાની ક્ષમતાની પૂરતી ખાતરી કરી લેવામાં આવી હોય.) ૨) તે જ પ્રમાણે આ ગાળામાં અપાયેલી લોનોમાં બદલાતા વ્યાજ દર (Adjustible Rate Mortgage - જેમાં શરૂઆતનાં વર્ષોમાં ખૂબ ઓછું વ્યાજ હોય અને પાછળથી વધારે) વાળી લોનોનું પ્રમાણ પણ ખાસ્સું વધી ગયેલું. આમ, સ્પષ્ટ છે કે આ ગાળામાં વધારે પડતી જોખમી લોનો આપવામાં આવી, જે લોનો આપવાના સ્ટાન્ડર્ડની ગિરાવટ સૂચવે છે. સરકાર અને કોંગ્રેસે આ પ્રક્રિયાને અનેક રીતે ઉત્તેજિત કરેલી - ઓછી આવકવાળા લોકોને પોતાની માલિકીનાં મકાન આપવવાના ઉદ્દેશ્યથી અને એ કારણે પણ ઘણો અતિરેક થયેલો.

પરંતુ આની સાથે સાથે આપણે એ ન ભૂલવું જોઇએ કે આ લોનો ફેડે વ્યાજ દરમાં મોટો ઘટાડો કરીને બેંકો પાસે ઉપલબ્ધ નાણાંમાં ધરખમ વધારો કરેલો તે સમયે આપવામાં આવી હતી. એ સ્થિતિમાં બેંકો પર બને એટલી વધારે લોનો આપવાનું દબાણ કામ કરતું હોય એ સ્વાભાવિક છે. લોન લેનારાઓની વાત કરીએ તો આ ગાળામાં લોન લેનારાઓ પૈકી ઘણા લોકો તો લોનના વ્યાજ દર ઓછા થયેલા હોવાથી જ લોન લેવા આવ્યા હોય. સ્વાભાવિક છે કે એમાંના ઘણા ઓછી આવકવાળા લોકો જ હોવાના. આ ઉપરાંત, આ લોનો એ સમયે અપાયેલી જ્યારે 'તેજી'ને કારણે મકાનોના ભાવ ઝડપથી વધી રહ્યા હતા. એ સંજોગોમાં લોનના હપ્તા નહીં ભરાય તો મકાન વેચી દઇને પણ લોનની રકમ સહેલાઇથી પાછી મેળવી શકાશે એવી ગણતરી કામ કરી રહી હોય અને પરિણામે જેમને લોન આપી રહ્યા છે તેઓ એ પાછી ભરી શકે એમ છે કે નહીં તેની ચકાસણી કરવામાં એક પ્રકારની લાપરવાહી આવી ગઇ હોય. એની સાથે જ સંકળાયેલી બીજી બાબત એ છે કે મકાનોની કિંમત વધી રહી હોય ત્યારે મોટાભાગના લોકો એ




ાતે ... ળી ... ણા ... ોય ... ડી ... ને ... ની ... ણ ... હતું

મોટું જોખમ નથી એવી છાપ પેદા થઇ શકે. અને એ કારણે પણ એવી લોનોનું પ્રમાણ વધે. આમ આ ગાળામાં વધારે માત્રામાં જે જોખમી લોનો આપવામાં આવી તેમાં પણ ફેડની ઢીલી નાણાંકીય નીતિએ મહત્ત્વની ભૂમિકા ભજવેલી.

## સિક્યોરીટાઇઝેશન, ફેની અને ફ્રેડી

લોન આધારિત સિક્યોરિટીઝને લીધે (Mortgage Backed Securities) જોખમી લોનોની આ સમસ્યા અત્યંત પેચીદી બની ગઇ. અહીં આપણા જેવાને પહેલો સવાલ તો એ જ થાય કે આ 'મોર્ગેજ

બેક્ડ સિક્યોરિટીઝ' વળી શું ચીજ છે. સિક્યોરીટાઇઝેશનની આ પ્રક્રિયા ખાસ્સી સંકુલ અને સમજવી અઘરી છે. પરંતુ એની પ્રાથમિક સમજણ મેળવવી એટલી અઘરી નથી. લોનોને સિક્યોરિટાઇઝ કરવાની આ પ્રક્રિયામાં : ૧) બેંકોએ મકાનો માટે જે લોનો આપી હોય તે લોનો બીજી કોઇ મોટી નાણાંકીય સંસ્થા ખરીદી લે; ૨) એ નાણાંકીય સંસ્થા પછી ૧૦૦-૨૦૦ (કે તેથી પણ વધારે) લોનોને ભેગી કરીને એના આધારે સિક્યોરિટી (બોન્ડ કે સ્ટોક સર્ટીફિકેટ) બહાર પાડે અને એના શેર પછી બજારમાં વેચી દે. આ સિક્યોરિટીઝનાં મકાનો ખરીદવા માટેની લોન કોલેટરલ તરીકે કામ કરતી હોવાથી તેને લોન (મોર્ગેજ) આધારિત સિક્યોરિટીઝ કહે છે.

હવે એને લીધી સમસ્યા કેમ વધારે પેચીદી બની ગઇ તે સવાલ પર આવીએ. આ સિક્યોરિટીઝ બહાર પાડવા માટે જે લોનો ભેગી કરવામાં આવેલી તેમાં સબ-પ્રાઇમ અને બદલાતા વ્યાજ દરવાળી જોખમી લોનો અને બીજી સલામત લોનોને ભેગી કરી દેવામાં આવેલી. જોખમી લોનોનું પ્રમાણ ઓછું હતું ત્યાં સુધી તો એમાં ખાસ વાંધો નહોતો. પરંતુ આપણે ઉપર જોયું તેમ ૨૦૦૨ પછી અપાયેલી લોનોમાં તો આવી જોખમી લોનોનું પ્રમાણ ખાસ્સું વધી ગયું હતું. એટલે સ્વાભાવિક છે કે ત્યાર પછી જે સિક્યોરિટીઝ બહાર પડી તેમાં આવી જોખમી લોનોનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાનું અને એટલે એ સિક્યોરિટીઝમાં રહેલું જોખમ પણ વધી જાય. છતાં કોઇને કોઇ કારણસર રેટીંગ એજન્સીઓ એ વધેલા જોખમનું આકલન કરવામાં નિષ્ફળ ગઇ અને અને એમને 'A' રેટીંગ્સ આપેલાં. એટલે જ્યારે હાઉસીંગની 'તેજી'નો પરપોટો ફૂટી ગયો અને જોખમી લોનો વધારેને વધારે માત્રામાં default થવા લાગી ત્યારે બેંકો અને નાણાંકીય સંસ્થાઓ માટે મોટી સમસ્યા પેદા થઇ. કઇ સિક્યોરિટી કેટલી જોખમી છે (એટલે કે કેટલી જોખમી લોનો ધરાવે છે) તેની કોઇને ખબર નહોતી. એ સિક્યોરિટીઝ (એટલે કે એના શેર) કોની પાસે છે એની પણ કોઇને ખબર નહોતી. કોઇ આ જોખમી સિક્યોરિટીઝ પોતાને ચોપડે રાખવા માંગતું નહોતું, પણ એ કઇ છે અને કોની પાસે છે તેની કોઇને ખબર નહોતી. પોતાની પાસે જે સિક્યોરિટીઝ છે તેમાંથી પણ કઇ જોખમી છે અને કઇ નહીં તેની પણ કોઇને ખબર નહોતી. એટલે આ સ્થિતિમાં કરવું શું તે મોટી સમસ્યા પેદા થઇ.

આ જોખમી સિક્યોરિટીઝની જે સમસ્યા પેદા થઈ તેને સૌ બજારની નિષ્ફળતા જ ગણે છે. પરંતુ અહીં આપણે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે એમાં અમેરિકાની સરકારે (કોંગ્રેસે) સ્પોન્સર કરેલી બે મસમોટી નાણાંકીય સંસ્થાઓ - Fannie Mae અને Freddie Mac - એ બહુ મોટી ભૂમિકા ભજવી છે. બેંકો પાસેથી લોનો ખરીદીને પછી એના આધારે સિક્યોરિટી બહાર પાડવાના બજારમાં એમની મોનોપોલી છે. હાલ ચાલુ હોય એવી કુલ ચાલુ હાઉસીંગ લોનો માંથી ૫૦ ટકા કરતાં પણ વધારે રકમની લોનો તો આ બે સંસ્થાઓએ જ ખરીદેલી છે. અને એમાં ૨૦૦૨ પછીની જે નવી લોનોમાં તો એમનો હિસ્સો ૭૦ થી ૮૦ ટકાનો છે. આ ક્ષેત્રમાં એમનું આ જે આધિપત્ય સ્થપાયું તેમાં અમેરિકાની સરકાર સાથેના એમના વિશિષ્ટ સંબંધોએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સરકારે સ્પોન્સર કરેલી સંસ્થા હોવાને કારણે તેમને સરકારી ગેરન્ટીનું પીઠબળ છે. પરિણામે તેઓ બજારમાંથી ખૂબ ઓછા વ્યાજે નાણાં ઊભાં કરી શકેલી. અને એટલે લોનો ખરીદવા માટે તેઓ બેંકોને બીજી ખાનગી સંસ્થાઓ કરતાં વધારે નાણાં આપી શકતી હતી. એ રીતે ખાનગી સંસ્થાઓ એમની સામેની સ્પર્ધામાં ટકી શકી નહીં અને આ બે સંસ્થાઓ મોટીને મોટી થતી ગઈ. અને તેમ તેમ એમની સ્થિતિ પણ વધારે ને વધારે મજબૂત થતી ગઇ, કારણ કે સૌ એમ જ માનવા લાગ્યા કે આટલી મોટી સંસ્થાઓને તો સરકાર ડૂબવા દે જ નહીં. આ ઉપરાંત પણ એમને બીજી અનેક સવલતો પ્રાપ્ત હતી. એના બદલામાં કોંગ્રેસ એમને ઓછી આવકવાળા લોકો માટે વધારે ને વધારે નાણાં ફાળવવાના જે ક્વોટા આપતી તે તેઓ હોંશે હોંશે પૂરા કરતા - વધારે ને વધારે સબ પ્રાઇમ લોનો ખરીદીને. તેઓ આવી લોનો ખરીદી લેવા બેઠા જ હોય ત્યારે બેંકો લોન આપવાના સ્ટાન્ડર્ડ ઢીલા કરી નાંખે તેમાં કોઇ નવાઈ ખરી ? આમ આ કટોકટી પેદા કરવામાં આ બે સંસ્થાઓના અતિરેકોએ જે ભાગ ભજવ્યો છે તેને પણ આપણે સરકારી અતિરેકના ભાગ તરીકે જ ગણવા પડે.

## ૨.આ કટોકટી આટલી લાંબી કેમ ચાલી ?

હવે આ નાણાંકીય કટોકટી લાંબી કેમ ચાલી તે સવાલ પર આવીએ. કોઇ ગંભીર નાણાંકીય કટોકટી પેદા થઈ રહી છે તેના પહેલાં સંકેત ઓગસ્ટ, ૨૦૦૭ની ૯ અને ૧૦ તારીખે મળ્યા, જ્યારે બેંકોની એકબીજા સાથેની નાણાંકીય લેવડ-દેવડના money marketsમાં વ્યાજ દરોમાં નાટ્યાત્મક ઉછાળો આવ્યો, જે આકૃતિ ૪માં સ્પષ્ટ રીતે જોઇ શકાય છે. એમાં ૩ મહિના માટેની આવી લોનોના વ્યાજ દર (Libor-London interbanking offer rate) અને એ જ ગાળા માટે એક દિવસની લોન માટેના અપેક્ષિત વ્યાજ દર (Overnight Index Swap - OIS) વચ્ચેનો તફાવત દર્શાવાયો છે. સામાન્ય રીતે આ બે દરો વચ્ચેનો તફાવત ૧૦ બેસીસ પોઇન્ટ (૦.૧ ટકા)નો જ તફાવત જોવા મળે છે, જે આકૃતિમાં નીચે ડાબી બાજુએ જોઇ શકાય છે. પરંતુ ૯ અને ૧૦ ઓગસ્ટ, ૨૦૦૭ના રોજ આ તફાવત અચાનક ૧૦ ગણો

**આકૃતિ ૪. Libor - OIS વ્યાજ દરો વચ્ચેનો તફાવત**




વધી ગયો અને ૧૦૦ બેઝીસ પોઇન્ટ (૧ ટકા) જેટલો થઇ ગયો. અને ત્યારથી ઊંચોને ઊંચો જ રહ્યો છે. આ તફાવત આટલો બધો વધી જવાની આ ઘટના એટલી તો અસાધારણ છે કે જ્હોન ટેલરે એને નાણાંકીય બજારમાં આવી ચઢેલા 'કાળા હંસ' નામ આપ્યું છે. બીજી અવધિઓ (૧ માસ, ૬ માસ, ૧ વર્ષ વગેરે) માટેની લોનોના વ્યાજ દરોમાં પણ આવો જ અણધાર્યો વધારો જોવા મળે છે. અહીં એ ધ્યાનમાં રાખીએ કે આ આકૃતિ જુલાઇ ૨૦૦૮ સુધીના ગાળા માટેની જ છે. ત્યાર પછી સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૦૮માં તો પરિસ્થિતિ આનાથી પણ વધારે ખરાબ થયેલી, જેની ચર્ચા આગળ કરીશું.

હવે આનો અર્થ શું એની ચર્ચા પર આવીએ તો વ્યાજ દરનો આ વધારો એ દર્શાવે છે કે કંઇક એવું બન્યું હતું જેને કારણે બેંકો એકબીજાને ટૂંકા સમય ગાળા માટે પણ નાણાં ધીરવા તૈયાર નહોતી. આ ઉપરાંત  અબજો ડોલરની બીજી લોનો અને સિક્યોરિટીઝના વ્યાજ દરો Libor સાથે જ જોડાયેલા (ઇન્ડેક્ષ થયેલા) હોય છે. એટલે Liborના આ વધારાની સાથે જ લોકો અને ઉદ્યોગો માટેની એ બધી લોનો અને સિક્યોરિટીઝ પણ મોંઘી થઇ ગઇ. સ્વાભાવિક છે કે એની અર્થતંત્ર પર ઘેરી સંકોચનકારી અસરો પડે. આ ઉપરાંત આ તફાવત એ પણ સૂચવે છે Libor અને OIS વચ્ચેનો ગાઢો સંબંધ સાવ તૂટી પડ્યો હતો, જેનો અર્થ એ થયો કે ફેડરલ રિઝર્વની નાણાંકીય નીતિઓની અસરોને વ્યાપક અર્થતંત્ર સુધી પહોંચાડવાના માર્ગમાં વચ્ચે મોટો અવરોધ આવી ગયો હતો.

આમ, એ તો સ્પષ્ટ છે કે આ બહુ મોટી કટોકટી હતી. એટલે આ કટોકટી પેદા થઈ કે તરત જ ફેડે એની નાંધ લીધી અને એની તમામ તાકાત આ વ્યાજ દરો વચ્ચેના આ તફાવતને વહેલામાં વહેલી તકે ઓછો કરી દેવાના કામે લગાડી પર લગાડી દીધી.

## ખોટું નિદાન

હવે એ તો સ્પષ્ટ છે કે એ માટે ક્યા પગલાં ભરવાં એ નક્કી કરતાં પહેલાં એ સમસ્યા ક્યા કારણસર પેદા થઇ હતી એના સાચું નિદાન કરવું પડે. બેંકો એક બીજાને લોનો આપવામાં ખંચકાટ અનુભવી રહી હોય તો તેનાં બે જ કારણ હોઇ શકે : ૧) બધી બેંકો નાણાં (liquidity) ની ખેંચ અનુભવી રહી હોય અને એટલે બીજાને ધીરવા માટે એમની પાસે નાણાં જ ન હોય, અથવા તો ૨) નાણાં તો હોય પણ બીજી બેંકોને ધીરવામાં એ જોખમ (counterparty risk) અનુભવી રહી હોય - એ પાછાં આવશે કે નહીં તેની બીક સતાવતી હોય.

આપણે ઉપર જોખમી 'મોર્ગેજ બેક્ડ સિક્યોરિટીઝ'ની જે ચર્ચા કરી (કઇ સિક્યોરિટી જોખમી સબ પ્રાઇમ લોનો પર આધારિત છે અને તે કોની પાસે છે તેની માહિતીના અભાવની લગતી) તેને ધ્યાનમાં રાખીએ તો એ તો સ્પષ્ટ છે કે સમસ્યા જોખમ અને માહિતીના અભાવની હતી અને નહીં કે નાણાંના અભાવની. એને એ હકીકતમાંથી પણ અનુમોદન મળે છે ... થઇ હતા અને નહીં કે નાણાંના ખેંચને કારણે.

પરંતુ ફેડરલ રિઝર્વે આ સમસ્યાનું શું નિદાન કર્યું ? ઓગસ્ટ ૨૦૦૭માં આ સમસ્યા પેદા થઇ ત્યારે એણે તો તરત જ એમ માની લીધું કે એ નાણાંની ખેંચને કારણે જ પેદા થઈ છે અને નહીં કે બેંકોના ચોપડે બોલતી જોખમી અસ્ક્યામતોને કારણે. આ ખોટા નિદાનને કારણે જ આ સમસ્યા પેદા થઈ ત્યારે એને હળવી કરવા માટે એણે તરત જ બેંકોમાં અને અર્થતંત્રમાં વધારે ને વધારે નાણાં વહેતાં કરવા માટેનાં

અનેક પગલાં ભર્યાં. પરિણામે સમસ્યા ચાલુ ને ચાલુ જ રહી, એટલું જ નહીં, ઘણી રીતે વધારે ઘેરી પણ બની. અહીં એણે જે ત્રણ મહત્ત્વનાં પગલાં લીધેલાં તેની શું અસર થઇ તે ટૂંકમાં જોઇશું :

### વ્યાજ દરનો ઘટાડો

ઓગસ્ટ ૨૦૦૭માં આ કટોકટી શરૂ થઇ કે તરત જ ફેડરલ રિઝર્વે રાબેતા મુજબ જ પહેલું કામ તો વ્યાજ દરમાં ધરખમ ઘટાડો કરીને બેંકોને મોટી માત્રામાં નવાં નાણાં પૂરા પાડવાનું જ કર્યું. ઓગસ્ટની શરૂઆતમાં ફેડરલ ફંડ પરનો વ્યાજદર જે ૫.૨૫ ટકાનો હતો તેમાં તીવ્ર ઘટાડો કરતા જઇને એપ્રિલ ૨૦૦૮ સુધીમાં તે ૨ ટકા જેટલો નીચો કરી દેવાયો. ટેલર રુલ પ્રમાણે પણ આ ગાળામાં વ્યાજ દર ઘટાડવાની જરૂરિયાત તો હતી જ, પરંતુ આટલો તીવ્ર ઘટાડો કરવાની જરૂર નહોતી.

વ્યાજ દરના આ ઘટાડાની શું અસર થઇ એ વધારે તપાસનો વિષય છે. પરંતુ એ તો સ્પષ્ટ છે કે Libor અને OISના વ્યાજ દર વચ્ચેનો તફાવત ઓછો કરવા માટે એ કરવામાં આવેલો, પણ એમ બન્યું નહીં. પરંતુ વ્યાજ દરના આ ઘટાડાની એક આડ અસર જરૂર પેદા થઇ. એને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ડોલરની કિંમતમાં ભારે ઘટાડો થયો. અને આંતરરાષ્ટ્રીય બજારમાં ખનીજ તેલની કિંમત ડોલરમાં નિર્ધારિત થતી હોવાથી એને કારણે તેલની કિંમત વધીને આસમાને પહોંચી ગઈ. ઓગસ્ટ ૨૦૦૭ની શરૂઆત સુધી તેલની કિંમત, જે બેરલે ૬૦ થી ૭૦ ડોલરની હતી, તે વધીને જુલાઇ ૨૦૦૮ સુધીમાં બેરલે ૧૪૦ ડોલર સુધી પહોંચી ગઇ. તેલના આ તીવ્ર ભાવ વધારાની અર્થતંત્ર પર ઘેરી અસરો પડી. છૂટક પેટ્રોલના ભાવ ખૂબ વધી ગયા, જેની કાર-ઉદ્યોગ પર મોટી અવળી અસર પડી અને બીજી પેદાશોની કિંમતો પણ વધી. જુલાઇ ૨૦૦૮માં જ્યારે એ સ્પષ્ટ થઇ ગયું કે વૈશ્વિક સ્તરે અર્થતંત્ર મંદીની દિશામાં જઇ રહ્યું છે ત્યારે તેલની કિંમત ઘટીને પાછી બેરલે ૬૦-૭૦ ડોલર જેટલી થઇ ગઇ. પરંતુ, ત્યાં સુધીમાં તો વધેલી કિંમતને કારણે અર્થતંત્રને જે ફટકો પડવાનો હતો એ પડી ચૂક્યો હતો.

### ટર્મ ઓકશન ફેસિલીટી

વ્યાજ દર ઘટાડીને નવાં નાણાં પૂરા પાડવા ઉપરાંત બેંકો ફેડ પાસેથી જ સીધાં નાણાં મેળવી શકે એ માટે નવી બારીઓ ખોલવામાં આવેલી. ડિસેમ્બર ૨૦૦૭માં ટર્મ ઓકશન ફેસિલીટીની શરૂઆત કરવામાં આવી. એમાં બેંકો જાહેર હરાજી દ્વારા ફેડરલ રિઝર્વ પાસેથી નાણાં ઉછીના લઇ શકે એવી જોગવાઇ હતી. આ સુવિધાનો ઉપયોગ કરીને બેંકોએ જાન્યુઆરીથી જુલાઇ ૨૦૦૮ સુધીમાં કુલ ૨૦૦ અબજ ડોલરના રિઝર્વ મેળવેલાં. પરંતુ એનાથી Libor અને OIS ના વ્યાજ દર વચ્ચેના તફાવત પર કોઇ અસર પડી કે નહીં એ તપાસીએ તો જોવા મળે છે કે ડિસેમ્બર ૨૦૦૭માં આ સુવિધા ઊભી કરવામાં આવી ત્યારે શરૂઆતમાં આ તફાવત થોડો ઓછો જરૂર થયેલો, પરંતુ ત્યાર પછી તરત જ પાછો વધવા માંડ્યો. એટલે એકંદરે આ સુવિધાની પણ ખાસ કોઇ અસર થઇ નહીં.

### રિબેટ ચેક

સપ્લાઇ સાઇડના ઉપાયો અજમાવીને અર્થતંત્રને ધક્કો મારવાના પ્રયત્નો કારગર ન રહ્યા ત્યારે ડિમાન્ડ સાઇડ પરથી એને ઉપર ખેંચવાનો ઉપાય અજમાવી જોવાયો. ફેબ્રુઆરી ૨૦૦૮માં ઇકોનોમિક સ્ટીમ્યુલસ એકટ પસાર કરવામાં આવ્યો. એમાં જુદાં જુદાં ઘણાં કુટુંબોને ૩૦૦-૬૦૦ ડોલરના ચેક મોકલી આપવાની જોગવાઇ હતી. ગણતરી એ હતી કે આ કુટુંબો અચાનક મફત મળી ગયેલી આ વધારાની આવકને ખર્ચી નાંખશે અને એ રીતે બજારમાં માંગ વધશે અને પરિણામે અર્થતંત્રને સ્ટીમ્યુલસ મળશે. મે-જુલાઇ ૨૦૦૮ દરમિયાન કુલ ૧૦૦ અબજ ડોલર જેટલી રકમ આ રીતે મોકલી આપવામાં આવી. પરિણામ ? શુન્ય. લોકોએ એ રકમ પોતાના ખિસ્સામાં (ખાતામાં) જ રહેવા દીધી અને એને ખર્ચી નહીં.

મિલ્ટન ફ્રીડમેનની વપરાશ (કન્સમપ્શન)ના વધારા માટે કાયમી આવકની થિયરી ધ્યાનમાં રાખીએ તો આમ જ થાય એ સ્વાભાવિક હતું. એમાં એમણે દર્શાવેલું કે લોકોની આવકના આવા કામચલાઉ કે એક સમય માટેના વધારાથી એમના ખર્ચ પર કોઇ અસર થતી નથી. આવકમાં કાયમી કે લાંબા ગાળાનો વધારો થાય ત્યારે જ લોકો વધારે ખર્ચે છે. આ અનુભવે એમની આ થિયરીને અનુમોદન પૂરું પાડ્યું.

આમ, કટોકટી શરૂ થયા પછીના એક આખા વર્ષ સુધી તો આ કટોકટી ખરેખર જે કારણસર પેદા થઇ હતી - બેંકોના ચોપડે બોલતી 'જોખમી અસ્ક્યામતો (સિક્યોરિટીસ)' - તેને હલ કરવા માટેના પગલાનું તો કોઇ નામોનિશાન જોવા નથી મળતું. એને બદલે બસ 'પૈસા ફેંકો - સમસ્યા એની મેળે હલ થઇ જશે'ની જ નીતિ અપનાવવામાં આવી. એટલે આ કટોકટી આટલી લાંબી ચાલી તેમાં કોઇ નવાઇ ખરી ? એને બદલે શરૂઆતથી જ જો જોખમી અસ્ક્યામતોની સમસ્યાને જ સીધે સીધી હાથ પર લીધી હોત - સાચી માહિતીના અભાવનો સવાલ




**આકૃતિ ૫. એક વર્ષ પછી કટોકટી વધારે ઘેરી બની**




**આકૃતિ ૬. કટોકટી ઘેરી બની તે સમયગાળાનો ઇવેન્ટ સ્ટડી**

દૂર કરવા માટે લાગતા વળગતા સૌને પૂરેપૂરી સાચી માહિતી જાહેર કરવાની ફરજ પાડવામાં આવી હોત (કઇ સિક્યોરિટીમાં કેટલી સબ-પ્રાઇમ લોનોનો આધાર છે, એ સિક્યોરિટીઝ કોની પાસે છે, વગેરે), જરૂર પડ્યે એ જોખમી સિક્યોરિટીઝને બેંકોના ચોપડા પરથી હટાવી લેવા માટેની વ્યવસ્થા ઊભી કરી હોત કે પછી મકાનો માટેની જોખમી લોનો default થતી ઓછી થાય એ માટેનાં સીધાં પગલાં લીધાં હોત, તો કદાચ આ સમસ્યા આટલા લાંબા સમય સુધી ચાલુ ન રહી હોત. અને એ લાંબો સમય ચાલુ રહેવાને કારણે અર્થતંત્ર પર એની જે અવળી અસરો પડી તે પણ એટલી ન પડી હોત. જો કે આ તો જો અને તોની જ વાત થઈ.

## ૩. આ કટોકટી વધારે ઘેરી કેમ બની ગઇ ?

આકૃતિ-૫માં દર્શાવ્યા પ્રમાણે ઓક્ટોબર, ૨૦૦૮માં, એટલે કે નવા પ્રેસિડેન્ટની ચૂંટણી માટેનો પ્રચાર એની ચરમસીમાએ હતો ત્યારે, આ નાણાંકીય કટોકટી નાટ્યાત્મક રીતે વધારે ઘેરી બની. Libor અને OIS વચ્ચેનો તફાવત જે ત્યાં સુધી ૦.૫ થી ૧ ટકાની વચ્ચે રહ્યા કરતો હતો તે અચાનક વધીને સીધો ૩.૫ ટકા જેટલો થઇ ગયો. ઓગસ્ટ ૨૦૦૭ની ઘટના જ એટલી અસાધારણ હતી કે તેને નાણાંબજારના ‘કાળા હંસ’નું નામ આપેલું એ તો આપણે ઉપર જોયું જ છે. આ ઘટના તો એનાથી કેટલાયે ગણી વધારે અસાધારણ હતી. કટોકટી શરૂ થયા પછી એક વર્ષ કરતાં પણ વધારે સમય માટે એ ચાલુ રહી હતી, એટલું જ નહીં ત્યાર ત્યાર પછી પણ એ હળવી થવાને બદલે ઊલટાની ચાર ગણી વધારે ગંભીર બની ગઇ. આ એવી સ્થિતિ પેદા થઈ હતી જેમાં નાણાંકીય બજારમાં નાણાંનો પ્રવાહ લગભગ સ્થગિત થઈ ગયો હતો. જેની આખા અર્થતંત્ર પર ગંભીર અસરો પડી. એટલે સહેજે સવાલ થાય કે સપ્ટેંબર-ઓક્ટોબર ૨૦૦૮માં એવું તે શું બનેલું જેને કારણે આવડી મોટી નાણાંકીય કટોકટી પેદા થઈ.

### ઇવેન્ટ સ્ટડી

ઘણા એ માટે અમેરિકાની સરકારે Lehman Bros બેંકને ફડચામાં જવા દીધી અને ઉગારી નહીં લીધી એ બાબતને જવાબદાર ગણે છે. ખરેખર આ જ કારણ હતું કે નહીં એ ચોક્કસપણે કહેવું મુશ્કેલ છે. કારણ કે એ ગાળામાં એ સિવાય પણ બીજી ઘણી ઘટનાઓ બનેલી, જે પણ એને પ્રભાવિત કરી શકે એમ હતી. આવા કિસ્સામાં ક્યારે શું બન્યું અને તેની આ સમસ્યા પર શું અસર થઈ તેનો થોડી વિગતે અભ્યાસ કરવાથી (ઇવેન્ટ સ્ટડીથી) ઘણો લાભ થાય છે. એમ કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે પરિસ્થિતિ વધારે જટીલ હતી અને બીજાં પરિબળોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

આકૃતિ-૬ સપ્ટેમ્બર ૧થી ઓક્ટોબર ૧૫, ૨૦૦૮ સુધીના આ ગાળામાં મહત્ત્વની કઇ કઇ ઘટનાઓ બની અને તેની નાણાંકીય બજાર પર શું અસર પડી તે દર્શાવે છે. સપ્ટેમ્બરની ૧૫મીએ Lehman Bros બેંક ફડચામાં ગઇ. ત્યાર પછી તરત Libor-OIS તફાવતમાં થોડો વધારો થયેલો. ત્યાર પછી સપ્ટેમ્બરની ૧૬મીએ AIG બેંકને ઉગારી લેવાનો નિર્ણય થયો ત્યાર પછી એ તફાવત પાછો થોડો ઘટ્યો. આમ, Lehman Bros ફડચામાં ગઇ ત્યાર પછીના અઠવાડિયામાં Libor-OIS તફાવતમાં

વધારો જરૂર થયેલો, પણ તે આગલા વર્ષે જે વધારા જોવા મળેલા તેનાથી ખાસ વધારે મોટો નહોતો.

ત્યાર પછી ૧૯ સપ્ટેમ્બરે ટ્રેઝરી દ્વારા નાણાંકીય સંસ્થાઓની મદદ માટે એક મોટું પેકેજ તૈયાર થઇ રહ્યું છે એવી જાહેરાત કરવામાં આવી, પરંતુ એની વિગતો બહાર નહોતી પાડવામાં આવી. ત્યાર પછી ૨૩ સપ્ટેમ્બરે ફેડના ચેરમેન બરનાંકે અને ટ્રેઝરી સેક્રેટરી પોલ્સને સેનેટની બેંકિંગ કમિટિ સમક્ષ ૭૦૦ અબજ ડોલરના આ પેકેજ (ટ્રબલ્ડ એસેટ રીલીફ પ્રોગ્રામ - TARP)ની વિગતો જાહેર કરી અને એ માટે માત્ર અઢી પાનાનો એક ખરડો પણ રજૂ કર્યો. એમાં ફેડ અને ટ્રેઝરી, કોઇ પણ જાતની નિગરાની કે નિયંત્રણ વગરે, પોતાને ઠીક લાગે તે મુજબ આ નાણાંનો ઉપયોગ કરી શકે તે માટેની સત્તા માંગવામાં આવેલી. એમની આ જુબાની થઇ ત્યાર પછી તરત જ Libor-OIS તફાવતમાં મોટો વધારો થવાની શરૂઆત થઇ ગયેલી, જે ત્રણ અઠવાડિયામાં તો વધીને ૩.૫ ટકા જેટલો થઇ ગયો.

## એડહોક નીતિઓ

નાણાંકીય સંસ્થાઓની સમસ્યાઓને હલ કરવા માટેનો જ કાર્યક્રમ હોવા છતાં TARPની જાહેરાતની બજારમાં આવી નકારાત્મક પ્રતિક્રિયા કેમ આવી હશે ? એમાં મુખ્ય બાબત એ લાગે છે કે સરકારે આ મોટી જાહેરાત તો કરી દીધેલી, પરંતુ એમાં ખરેખર શું કરાશે અને શું નહીં તેની કોઇ સ્પષ્ટ જાહેરાત નહોતી કરી. પરિણામે છાપ એવી જ પડી કે આ યોજના પૂરતો વિચાર કર્યા વગર જ જાહેર કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, આ કટોકટી શરૂ થયા પછી પહેલી વાર ૭૦૦ અબજ ડોલર જેટલી જંગી રકમનું પેકેજ જાહેર કરવામાં આવેલું, એટલે ધાર્યા કરતાં પરિસ્થિતિ વધારે ગંભીર હોવી જોઇએ એવી પણ છાપ ઊભી થઇ હોઇ શકે. આ ઉપરાંત, ક્યારે કઇ નાણાંકીય સંસ્થાઓને ઉગારી લેવામાં આવશે અને કોને નહીં એ વિશે કોઇ સ્પષ્ટ પારદર્શી નીતિનો એમાં સદંતર અભાવ હતો. પરિણામે સરકાર એડહોક રીતે જ નિર્ણયો લેશે એ માન્યતા પણ દૃઢ થઇ હશે. અગાઉ માર્ચમાં Bear Stearns બેંકને બચાવી લીધેલી ત્યારે પણ ભવિષ્યમાં ક્યારે કઇ બેંકને ઉગારાશે અને કોને નહીં તેની કોઇ ચોખવટ કરવામાં નહીં આવેલી. ત્યાર પછી Lehman Brosને ઉગારવામાં નહીં આવી અને પછી AIGને પાછી ઉગારી લેવામાં આવી. કેમ એકને ઉગારી અને બીજીને નહીં એની કોઇ ચોખવટ નહોતી કરવામાં આવી. પરિણામે, TARPનો અમલ પણ આમ એડહોક રીતે જ થશે એવી છાપ પડી હોય.

૧૫ ઓક્ટોબર પછી બીજી વધારાની નવી ઘટનાઓ બની - TARPનો અમલ ચાલુ થયો, FDICની ગેરન્ટી, સિક્યોરિટીઝના બજાર માટે ફેડનો ટેકો, વગેરે - અને પરિણામે પરિસ્થિતિ થોડી સુધરી હોવાનું જોવા મળે છે, છતાં નવેંબરના મધ્ય સુધી તો Libor-OIS વચ્ચેનો તફાવત હજી ખાસ્સો વધારે તો હતો જ. આ સુધારો પણ એ તો દર્શાવે જ છે કે સવાલ પહેલેથી જોખમી અસ્ક્યામતોનો જ હતો અને એટલે જ જેવો એ હાથ પર લેવાયો કે તરત જ એનો સકારાત્મક પ્રતિભાવ મળ્યો.

## ઉપસંહાર

આમ, ઉપરની તમામ બાબતોને તપાસતા એ તો સ્પષ્ટ છે કે આ નાણાંકીય કટોકટી પેદા કરવામાં, એને લંબાવવામાં અને એને વધારે ઘેરી બનવાવવામાં સરકારી અતિરેકો અને હસ્તક્ષેપોએ જ વધારે મહત્ત્વની ભૂમિકા ભજવી છે એમ માનવાને પૂરતાં કારણો છે. ફેડે વ્યાજ દર નક્કી કરવાની પ્રસ્થાપિત અને કારગર નીતિઓ બાજુ પર મૂકી દઇને લાંબા સામય સુધી વ્યાજ દર વધારે પડતા નીચા રાખીને આ કટોકટી પેદા કરી. એ પેદા થયા પછી એમણે એનું ખોટું નિદાન કર્યું અને જોખમી અસ્ક્યામતોને બદલે નાણાંની માત્રા પર ભાર મૂક્યો અને એ રીતે એને હલ કરવાનાં ખોટાં પગલાં ભરીને એને લંબાવી. અને છેલ્લે, એમણે જ કઇ નાણાંકીય સંસ્થાઓને મદદ કરાશે અને કઇ સંસ્થાઓને નહીં કરાય એ માટેની સ્પષ્ટ નીતિઓ અપનાવવાને બદલે એડહોક નિર્ણયો કરીને આ કટોકટીને અત્યંત ઘેરી બનાવી દીધી. અલબત્ત, આનો અર્થ એ નથી કે બીજાં પરિબળોનો કોઇ હાથ નહોતો. પરંતુ ક્યા પરિબળોએ સૌથી અગત્યનો ભાગ ભજવ્યો તે સવાલનો જવાબ મેળવવો હોય તો તેમાં સૌથી પહેલાં આ સરકારી નીતિઓ અને હસ્તક્ષેપોને જ મૂકવા પડે.

ખાનગી ક્ષેત્રની નિષ્ફળતાની વાત કરીએ તો એમાં જે સૌથી અગત્યનો સવાલ પેદા થાય છે, જેનો હજી કોઈ જવાબ નથી, તે છે : બેન્કો અને નાણાંકીય સંસ્થાઓની ટોચ પર બેઠેલા એ મેનેજરો, જે રાત દિવસ 'Risk'ની અત્યંત સંકુલ ગણતરીઓમાં જ રચ્યાપચ્યા રહેતા હોય છે, તેઓ આ હાઉસીંગ ક્ષેત્રની તેજી ચાલી રહી હતી ત્યારે એ જોઇ કેમ ન શક્યા કે એ તો કૃત્રિમ તેજીનો જ પરપોટો છે જે વહેલો મોડો ફૂટી જ જવાનો છે ?

બરાક ઓબામા ચૂંટણી જીતી ગયા પછી જે નવી નવી જાહેરાતો થઈ રહી છે તેની અહીં ચર્ચા નથી કરી શકાઈ. સાથેના ઇન્ટરવ્યુમાં જ્હોન ટેલરે એ અંગે થોડી ચર્ચા કરી છે. ■

# નાણાંકીય કટોકટી

## ડૉ. જ્હોન ટેલર સાથેનો વાર્તાલાપ

**પીટર રોબિન્સન :** વેલકમ ડૉ. ટેલર. 'અનકોમન નોલેજ'માં તમારું સ્વાગત છે. ડૉ. જહોન ટેલરે પ્રિન્સટન અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી ઇકોનોમિક્સની પદવીઓ મેળવેલ છે અને હુવર ઇન્સ્ટીટ્યુટના તેઓ સિનિયર ફેલો છે. પ્રેસિડેન્ટ જ્યોર્જ બુશની કાઉન્સિલ ઓફ ઇકોનોમિક એડવાયઝર્સના તેઓ સભ્ય છે. એમની પહેલી ટર્મમાં તેઓ અન્ડર સેક્રેટરી ઓફ ટ્રેઝરી ફોર ઇન્ટરનેશનલ અફેર્સ હતા. હવે આજની ચર્ચાના પહેલા મુદ્દા પર આવીએ.

બરાક ઓબામાએ કહ્યું છે કે ''એ તો સૌ કોઇ જાણે છે કે આપણે 'ગ્રેટ ડિપ્રેશન' પછીની સૌથી ખરાબ નાણાંકીય (financial crisis) કટોકટી-માંથી પસાર થઈ રહ્યા છીએ.'' શું એમની આ વાત સાચી છે?

**ડૉ. જ્હોન ટેલર :** આ ઘણી અસાધારણ કટોકટી છે અને ઘણી રીતે સૌથી ખરાબ કટોકટી છે એ વિષે કોઇ શંકા નથી. પરંતુ, અહીં એ યાદ રાખીએ કે અહીં આપણે નાણાંકીય કટોકટીની વાત કરી રહ્યા છીએ, અને નહીં કે આર્થિક કટોકટીની. ઘણી વાર આપણે નાણાંકીય કટોકટીને આખી અર્થવ્યવસ્થાની કટોકટી સાથે સરખાવીએ છીએ, પરંતુ અત્યારે હજુ આપણે ત્યાં પહોંચ્યા નથી. નાણાંકીય કટોકટી જરૂર પેદા થઇ છે, જેના પરિણામે વ્યાજદરો આસમાને પહોંચી રહ્યા છે, જેનું જોખમ લોકો અને બજાર અનુભવી રહ્યા છે. પરંતુ, આખી અર્થવ્યવસ્થાની વાત કરીએ તો કહેવું જોઇએ કે ગ્રેટ ડિપ્રેશનમાં જે અનુભવો થયેલા તેના જેવી પરિસ્થિતિથી તો હજી આપણે ઘણા દૂર છીએ. ત્યારે જીડીપી- આર્થિક વૃદ્ધિદરમાં ૨૦ ટકાનો ઘટાડો થયેલો અને બેરોજગારીની ટકાવારી પણ ૨૫ ટકા સુધી પહોંચી ગયેલી. હું નથી માનતો કે અત્યારે આપણે એ સ્થિતિએ પહોંચ્યા છીએ. પરંતુ ઘણી અસાધારણ નાણાંકીય પરિસ્થિતિ પેદા થઇ છે એ બાબતે કોઇ શંકા નથી.

**પીટર :** સારું. અત્યારની કટોકટીની વાતને થોડા સમય માટે બાજુ પર મૂકીએ. આ કટોકટી પેદા થઇ ત્યાર પહેલાંનાં ઘણાં વરસો સુધી તો એમ જ લાગતું હતું કે આપણી અર્થવ્યસ્થા ઘણી સારી રીતે ચાલી રહી છે. એક દાખલો લઇએ. ૧૮૯૦ અને ૧૯૪૫ વચ્ચેના પચાસ વર્ષના સમય ગાળામાં અર્થવ્યવસ્થા ૭ વખત મંદીમાં સપડાયેલી, જેમાં ૨ વખત ૧૦ ટકા જેટલી અને બીજા ૨ વખત ૧૫ ટકા જેટલી મંદી થયેલી. એની સામે ૧૯૮૨ થી ૨૦૦૭ સુધીના ૨૫ વર્ષના આપણા આર્થિક વિકાસને સરખાવીએ તો આ સમયગાળામાં આપણે સ્થિર આર્થિક વિકાસનો અનુભવ કર્યો, જેમાં માત્ર ૨ જ વખત થોડા સમય માટે છીછરી મંદી આવેલી. એવા તે કયા પદાર્થપાઠો આપણે શીખેલા, જેને પરિણામે ૨૫ વર્ષ સુધી સતત સ્થિર આર્થિક વિકાસ સાધી શકાયો?

**જ્હોન :** હું માનું છું કે એમાં ફેડરલ રિઝર્વ (ફેડ)ની સ્થિર મોનેટરી નીતિએ ઘણો અગત્યનો ભાગ ભજવેલો. એને કારણે જ આ ગાળામાં અર્થવ્યવસ્થા તેજી અને મંદીના ઉતાર-ચઢાવ વગરનો સ્થિર વિકાસ હાંસિલ કરી શકેલી અને ફુગાવાનો દર પણ નીચો રહેલો. મિલ્ટન ફ્રીડમેને આપણને શીખવ્યું છે તેમ ફુગાવો મૂળે મોનેટરી ફિનોમિના છે [એટલે કે એને અર્થવ્યવસ્થામાં કેટલાં નાણાં ફેરવવામાં આવી રહ્યા છે તેની સાથે સીધો સંબંધ છે. જ્યારે આર્થિક વિકાસના દરની તુલનામાં નાણાંની માત્રાના વધારાનો દર વધુ હોય એટલે કે વધારે પડતા નાણાં ફરતાં કરવામાં આવ્યાં હોય ત્યારે જ ફુગાવો પેદા થાય છે અને જ્યારે નાણાંની માત્રાના વધારાને આર્થિક વિકાસના દરની આસપાસ સ્થિર રાખવામાં આવે ત્યારે ફુગાવા વગરનો સ્થિર વિકાસ હાંસિલ કરી શકાય છે.] આ ગાળામાં ફેડની મોનેટરી નીતિના કેન્દ્રમાં ફુગાવાના દરને ૨ ટકાની આસપાસ સ્થિર રાખવાનો ઉદ્દેશ્ય રહેલો હતો અને એને કારણે જ તેજી અને મંદીના વિષચક્ર વગરનો સ્થિર આર્થિક વિકાસ હાંસિલ કરી શકાયો.

**પીટર :** કરનીતિ અગત્યની નથી?

**જ્હોન :** કર અને નિયંત્રણોને લગતી નીતિઓ આર્થિક વિકાસના દર માટે અગત્યની છે. પરંતુ ચડાવ-ઉતાર વગરના સ્થિર વિકાસ માટે તો મોનેટરી નીતિ જ અગત્યની છે.

**પીટર :** એટલે કે તમે સ્થિરતા અને વૃદ્ધિ વચ્ચે તફાવત કરો છો?

**જ્હોન :** હા, અને તમારો સવાલ પણ એને લગતો જ હતો - ચડાવ ઉતાર વગરનો સ્થિર વિકાસ કઇ રીતે હાંસિલ કરી શકાયો ? એમાં

ફેડની મોનેટરી નીતિએ મહત્ત્વનો ભાગ ભજવેલો. જ્યારે આર્થિક વિકાસમાં ઓછા કર, નિયંત્રણોના સુધારા વગેરેએ ભાગ ભજવેલો.

**પીટર :** હવે આજના સવાલ પર આવીએ. શું અત્યારની નાણાંકીય કટોકટી એ નથી દર્શાવતી કે આપણે જે પદાર્થપાઠો શીખ્યા હોવાનું માનતા હતા એ ખરેખર તો ખોટા છે ?

**જ્હોન :** સવાલ જ નથી. ઊલટાની આ કટોકટી તો એ પદાર્થપાઠોને જ વધારે અનુમોદન આપે છે. એ નીતિઓ, જે બહુ સારી રીતે કામ કરી રહી હતી એને બાજુ પર મૂકી દીધી. એને પરિણામે જ આ કટોકટી પેદા થઇ. પહેલાં ૨૦૦૨ માં અને ત્યાર પછી ૨૦૦૪-૦૫માં ફેડે એની મોનેટરી નીતિ ઢીલી કરી નાંખીને વ્યાજદરમાં ધરખમ ઘટાડો કરેલો અને પરિણામે અર્થતંત્રમાં ફરતાં નાણાંની માત્રા ખૂબ વધારી દીધેલી. અને આવો નાણાંકીય અતિરેક ફુગાવો અને boom અને bust ની સ્થિતિ પેદા કરે છે એ તો આપણે જાણીએ જ છીએ. આમ, આ એ નીતિઓ નહોતી જે ત્યાર પહેલાંનાં વીસ વર્ષના ગાળામાં સારી રીતે કામ કરી રહી હતી.

**પીટર :** એટલે કે એલન ગ્રીનસ્પાનના વડપણમાં ફેડે વધારે પડતી ઢીલી નીતિઓ અપનાવેલી ?

**જ્હોન :** હા, આ છેલ્લાં ત્રણથી ચાર વર્ષના ગાળામાં. ત્યાર પહેલાંના ૨૦ વર્ષના ગાળામાં તો આપણે જોયું તેમ એમણે સ્થિર મોનેટરી નીતિ જ અપનાવેલી અને એને કારણે જ સ્થિર આર્થિક વિકાસ હાંસિલ કરી શકાયેલો. પરંતુ એમના કાર્યકાળના છેલ્લાં થોડાં વરસોમાં તેઓ એ નીતિમાંથી ચાતરી ગયેલા.

**પીટર :** હવે એલન ગ્રીનસ્પાનનું એક ઉદ્ધરણ સાંભળો. હમણાં થોડા સમય પહેલાં જ કોંગ્રેસ સમક્ષની જુબાનીમાં એમણે કહેલું કે ''મેં ધારેલી એના કરતાં આ કટોકટી ઘણી વધારે વ્યાપક સાબિત થઇ છે. મારા જેવા ઘણા લોકો જે એમ માનતા હતા કે 'નાણાં ધીરનાર સંસ્થાઓનું સ્વહિત જ રોકાણકારોનાં નાણાંનું રક્ષણ કરશે' તે સૌ અત્યારે ઊંડા આઘાતની લાગણી અનુભવી રહ્યા છે. એવું કાંઇક બન્યું છે જેની હું, એલન ગ્રીનસ્પાન કલ્પના પણ નહોતો કરી શક્યો.'' શું તમે પણ આઘાત અનુભવી રહ્યા છો ?

**જ્હોન :** આ કટોકટી આટલી લાંબી ચાલી અને ઘેરી બની એની નવાઇ જરૂર લાગી છે. પરંતુ એ કેમ પેદા થઇ (સારા દિવસોનો અંત કેમ આવ્યો) એ તો મેં ઉપર જણાવ્યું જ છે. એ વધારે લાંબી ચાલી અને પછી ઘેરી બની તેમાં પણ સરકારી નીતિઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ખાસ કરીને, ગયા વરસે આ કટોકટીની શરૂઆત થઇ ત્યારે એ ક્યા કારણસર પેદા થઇ છે તેના ખોટા નિદાને મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. અને ત્યાર પછી પણ જે એડહોક પગલાંઓ લેવામાં આવ્યાં તેને કારણે કટોકટી વધારે ઘેરી બની.

**પીટર :** હવે એક બીજું ઉદ્ધરણ સાંભળો - ફ્રાન્સના પ્રેસિડેન્ટ નિકોલસ સાર્કોઝીએ પણ હમણાં ૨ મહિના પહેલાં જ કહેલું કે ''બજાર હંમેશા સર્વોપરી અને સાચું જ એ વાત હવે ખતમ થઇ ગઇ છે.''

**જ્હોન :** બિલકુલ નહીં. હું માનું છું કે ખરેખર શું થયું તેને કાળજીપૂર્વક તપાસીએ. આઇડીયોલોજી કે રાજકારણને વચ્ચે લાવ્યા વગર, ફક્ત હકીકતોને જ તપાસીએ તો એ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે કે આ કટોકટી સરકારી નીતિઓને કારણે જ પેદા થઇ છે અને એના કારણે જ એ આટલી લાંબી ચાલી છે અને વધારે ઘેરી બની છે, નહીં કે બજારનાં મૂલ્યોને કારણે.

**પીટર :** હવે ખરેખર શું થયું એ અંગેના તમારા વિશ્લેષણને વધારે વિગતે તપાસીએ. ૨૫ નવેમ્બર ૨૦૦૮ના વોલ સ્ટ્રીટ જર્નલના તમારા લેખમાં તમે લખેલું કે હાઉસિંગ ક્ષેત્રની મંદી, નાણાંકીય કટોકટી અને પેટ્રોલની કિંમતના વધારાને કારણે અર્થતંત્ર પાછું પડી રહ્યું છે. હવે આ દરેક પરિબળે આ કટોકટી પેદા કરવામાં શું ભાગ ભજવ્યો એ મારા જેવા સામાન્ય માણસને સમજાવો.

**જ્હોન :** હાઉસીંગ ક્ષેત્રમાં જે મંદી આવી તે ત્યાર પહેલાંની ભારે તેજી પછી અને એને કારણે આવી હતી. અને મેં ઉપર કહ્યું તેમ એ તેજી ફેડની ઢીલી મોનેટરી નીતિ (વ્યાજદરમાં ધરખમ ઘટાડો કરીને વધારે પડતાં નાણાં વહેતાં કરવાની નીતિ)ને કારણે પેદા થયેલી. પરંતુ, એક વાર મંદી પેદા થઇ એટલે મકાનોની કિંમત પડવા લાગી. એને કારણે વધારે ને વધારે લોકો માટે તેમણે મકાન લેવા માટે જે લોન લીધેલી તેના હપ્તા ભરવાનું મુશ્કેલ બનતું ગયું. કેટલાયે લોકો હપ્તા ન ભરી શક્યા. પરિણામે બેંકોને અસર થાય એ સ્વાભાવિક છે. જે બેંકોએ આ લોનો આપેલી તેમની બેલન્સશીટો વધારે જોખમી બની ગઇ.

**પીટર :** સારું. હવે આગળ વધીએ. અત્યાર સુધીમાં તમે બે વાર એ વાત દોહરાવી કે હાઉસીંગની આ તેજી ફેડની ઢીલી મોનેટરી નીતિને કારણે પેદા થયેલી.

**જ્હોન :** હા, એના નાણાંકીય અતિરેકને કારણે.

**પીટર :** એમ કરતી વખતે એલન ગ્રીનસ્પાને શું વિચાર્યું હશે?

**જ્હોનઃ** તે સમયે તેમને અમેરિકામાં જાપાનની જેમ deflation (નકારાત્મક ઇન્ફ્લેશન) પેદા ન થાય તેની ચિંતા હતી અને એ માટે વાજબી કારણો પણ હતાં. સપ્ટેમ્બર ૧૧ના હુમલાની ઘટના પછી તરતનો એ સમય હતો. આમ, અત્યારે આપણે જ્યારે આ વાત કરી રહ્યા છીએ ત્યારે આપણે એ ખ્યાલમાં રાખવું જોઇએ કે તે સમયે તો તેઓ એમને જે યોગ્ય લાગી તે જ નીતિઓ અપનાવી રહ્યા હતા. અત્યારે આપણે પાછા ફરીને જોઇએ છીએ ત્યારે આપણને દેખાય છે કે વધારે પડતાં નાણાં ફરતાં કરવામાં આવેલાં અને તેને કારણે જ હાઉસીંગ ક્ષેત્રમાં કૃત્રિમ તેજીનો ફુગ્ગો ફૂલ્યો જે પછી અનિવાર્યપણે ફૂટી ગયો.

**પીટર :** હાઉસીંગની આ મંદી મૂળે Contraction (અર્થતંત્રનું સંકોચન) જ છે? આ વાત કઇ રીતે મૂકવી એની સમજ નથી પડતી. પૈસા છે પણ એ ફરી નથી રહ્યા, લોકો ખર્ચ નથી કરી રહ્યા, એવું કાંઇક છે?

**જ્હોન :** હાઉસીંગ ક્ષેત્રમાં આ મંદી આવી કારણ કે ત્યાર પહેલાં ફેડના નાણાંકીય અતિરેકને કારણે તેજી પેદા થયેલી. એટલે કે આ અતિરેકના અભાવમાં સ્વાભાવિક ક્રમમાં જમીન અને મકાનોની જે કિંમતો હોત એના કરતાં કૃત્રિમ રીતે ઘણી વધી ગયેલી. જે પછી તૂટીને પાછી નીચે પડવા લાગી. અહીં એ પણ યાદ રાખવું જોઇએ કે માત્ર અમેરિકામાં જ આવું નહોતું થયું. બ્રિટન અને યુરોપના બીજા દેશોમાં પણ આ જ સ્થિતિ પેદા થયેલી. ત્યાંની સેન્ટ્રલ બેંકોએ પણ કદાચ ફેડથી પ્રભાવિત થઇને, એવી જ મોનેટરી નીતિઓ અપનાવેલી.

**પીટર :** સારું, તમારા કહેવા પ્રમાણે વધારે પડતી ઢીલી મોનેટરી નીતિ અપનાવી અને તેને કારણે હાઉસીંગ ક્ષેત્રમાં કૃત્રિમ તેજી પેદા થઇ. આ ઉપરાંત, ફેડરલ સરકાર અને કોંગ્રેસે Frediё અને Fannie પર વધારે લોન આપવા માટે દબાણ કર્યું, જેને પરિણામે જ સબ-પ્રાઇમ લોનોનું આખું નવું બજાર પેદા થયું. ઓછી આવકવાળા લોકોને ઘરો માટે વધારે ને વધારે લોનો આપવાનું દબાણ હતું, અને આજે હવે આપણે જાણીએ છીએ કે એમાંના ઘણા લોનોના હપ્તા ભરી શકે એવી સ્થિતિમાં નહોતા. આ તો એ જ વાત છે જે મિલ્ટન ફ્રીડમેને કરી હોત- જો કોઇ આર્થિક સંકટ જોવા મળે તો એમાં ક્યાંક ને ક્યાંક સરકારની ભૂમિકા ચોક્કસ હોવાની. પરંતુ, એક બાબત છે, જે કોયડા કે વર્ણન સાથે મેળ નથી ખાતી. આ કટોકટીનું બીજું પાસું એ છે કે ન્યુયોર્કમાં મોટા મસ પગાર મેળવતા એવા કેટલાયે બેંકરો હતા જેઓ આ સબ-પ્રાઇમ લોનો આધારિત Securities પોતાના ચોપડે લઇને ફરતા હતા. અને હવે આપણે જાણીએ છીએ કે આ Securitiesનું સાચું મૂલ્ય શું છે તેની તેમને ખબર નહોતી. એમને એ તો ખબર હતી જ- કે હોવી જોઇતી હતી- કે હાઉસીંગ ક્ષેત્રમાં આ જે તેજી હતી એ કંઇ કાયમ માટે ચાલુ નહોતી રહેવાની અને છતાં એ તેજીનો અંત આવે ત્યારે શું કરવું તે અંગે તેઓ સ્હેજે તૈયાર નહોતા. હવે આને તો સરકારની નહીં, પરંતુ બજારની નિષ્ફળતા જ ગણવી પડે ને ?

**જ્હોન :** અહીં તમે શરૂઆતમાં 'ફ્રેડી અને ફેની'ની વાત કરી. અહીં આપણે ભૂલવું ના જોઇએ કે એ બંને સરકારે સ્પોન્સર કરેલી એજન્સીઓ છે.

**પીટર :** પરંતુ સરકારે તેમના સંચાલકોને આટલા મોટા પ્રમાણમાં લોન આધારિત Securities ખરીદવાનું તો નહોતું કહ્યું ને?

**જ્હોન :** અલબત્ત, જેમની પાસે પરિસ્થિતિની વધારે સારી સમજણ હોવાની અપેક્ષા હોય એવા ઘણા લોકોએ ઘણી ભૂલો કરેલી એમાં કોઇ બે મત નથી. અને આવું ઘણી વાર બનતું હોય છે, બરાબર? બધા હંમેશાં સાચા જ નિર્ણયો લે એમ બનતું નથી. પરંતુ, આ કટોકટીમાં સરકારની ભૂમિકાની વાત કરીએ ત્યારે એમાં આપણે આ ફ્રેડી અને ફેનીની ભૂમિકા પણ ઉમેરવી પડે. અલબત્ત, એવા ય લોકો હતા, જેમણે આ એજન્સીઓને નિયંત્રણમાં રાખવાની કોશિશ કરેલી. એલન ગ્રીનસ્પાનની વાત કરીએ તો એમણે પણ કહેલું કે, આ બંને એજન્સીઓ વધારે પડતી મોટી થઇ રહી છે અને એમને નિયંત્રણમાં રાખવાની જરૂર છે. એ માટે ૨૦૦૫માં એક ખરડો પણ કોંગ્રેસ સમક્ષ મુકાયેલો પરંતુ એણે એ મંજૂર નહીં કરેલો. પરિણામે એ એજન્સીઓ બેરોક વધતી જ ગઇ અને અતિરેકમાં વધારો કરતી ગઇ.

**પીટર :** તમે હાઉસીંગ મંદી, નાણાંકીય કટોકટી અને છેલ્લે તેલની વધેલી કિંમતને પણ આ કટોકટી માટે જવાબદાર ગણેલી.

**જ્હોન :** હા, તમને યાદ હોય તો ઓગસ્ટ ૨૦૦૭માં આ નાણાંકીય કટોકટીની શરૂઆત થઇ ત્યારે તેલની કિંમત બેરલે ૬૦ થી ૮૦ ડોલરની આસપાસ હતી.

**પીટર :** હા.

**જ્હોન :** પરંતુ, ત્યાર પછી આ કટોકટી આગળ વધતી ગઇ તેમ તેની

કિંમત વધીને બેરલે ૧૪૦ ડોલર જેટલી થઈ ગયેલી. હું માનું છું કે એની કિંમતમાં આ જે ધરખમ વધારો થયો તે ખરેખર તો ફેડે આ નાણાંકીય કટોકટીને હળવી કરવા માટે વ્યાજદરમાં જે ધરખમ ઘટાડો કરેલો તેને કારણે જ થયેલો. વ્યાજદરના આ ઘટાડાને કારણે ડોલરની માત્રામાં વધારો થયો અને પરિણામે બીજી કરન્સીઓની તુલનામાં એની કિંમત ઘટી (એટલે કે એનું અવમૂલ્યન થયું). હવે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમત ડોલરમાં નિર્ધારિત થાય છે. એટલે ડોલરની કિંમત ઘટવાની સાથે જ તેલની કિંમતમાં ઉછાળો આવે એ સ્વાભાવિક છે.

**પીટર :** એટલે કે ઓગસ્ટ ૨૦૦૭માં ફેડના ચેરમેન બેન બરનાન્કેએ આ નાણાંકીય કટોકટી શરૂ થતી જોઇ ત્યારે એને હળવી કરવા માટે એમણે તરત જ વ્યાજદરમાં મોટી કટૌતી કરી નાણાંની માત્રા વધારી દીધી. એને કારણે વળી તેલ જેવી વસ્તુ કિંમત કઇ રીતે વધે ?

**જ્હોન :** સૌ પ્રથમ તો ડોલરની માત્રા વધવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં એની કિંમત તૂટી. તમે વ્યાજદર ઘટાડો, એટલે ડોલરમાં રોકાણ કરવાનું આકર્ષણ ઘટે. એટલે કે બીજી કરન્સીઓની તુલનામાં એની કિંમત ઘટે. અને એ ગાળામાં ખરેખર ડોલરની કિંમતમાં ભારે ગિરાવટ જોવા મળેલી. હવે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમત ડોલરમાં નિર્ધારિત થતી હોવાથી, એની કિંમત ઘટે એની સાથે સ્વાભાવિક રીતે જ તેલની કિંમતમાં વધારો થાય. આમ હું માનું છું કે તે ગાળામાં તેલની કિંમતોમાં જે ધરખમ વધારો થયેલો એનો ઘણો મોટો વધારો ખરેખર તો આ વ્યાજદરના ઘટાડાને લીધે જ થયો હતો અને નહીં કે વધતી માંગ કે ખૂટતા પુરવઠા જેવાં અન્ય પરિબળોને કારણે. પરંતુ, હું ભૂલતો ન હોઉં તો તમારો સવાલ એ છે કે તેલની કિંમતમાં વધારાએ આ કટોકટીમાં શું ભાગ ભજવ્યો, બરાબર?

**પીટર :** હા.

**જ્હોન :** તેલની ઊંચી કિંમતને કારણે પેટ્રોલની કિંમતમાં ધરખમ વધારો થયો. તેને પરિણામે વાહનોની માંગ ઘટી અને એટલે ઓટોમોબાઇલ ઉદ્યોગને ભારી ફટકો પડયો, ખાસ કરીને ઓહાયો અને મિશિગનમાં. આમ, એણે પણ આ કટોકટીમાં ભાગ ભજવેલો.

**પીટર :** આમ, નાણાંકીય ક્ષેત્રની આ કટોકટી વાસ્તવિક અર્થતંત્રમાં ફેલાઇ તે તેલની ઊંચી કિંમતોના માર્ગે ફેલાઇ, બરાબર ?

**જ્હોન :** હા અને એ ઉપરાંત હાઉસીંગ ક્ષેત્રની તેજી અને મંદી તો હતી જ.

**પીટર :** બરાબર. હાઉસીંગ ક્ષેત્રની તેજી અને પછીની મંદી, નાણાંકીય કટોકટી અને છેલ્લે તેલની ઊંચી કિંમત. આ બધાને સાથે લઇએ તો શું એ (૧) ખરાબ સરકારી નીતિઓને કારણે પેદા થઇ ? (૨) મૂડીવાદની આંતરિક ત્રુટિઓને કારણે પેદા થઇ કે પછી (૩) એ ધરતીકંપ કે વાવાઝોડા જેવી ક્યારેક પેદા થતી કુદરતી આપત્તિ હતી?

**જ્હોન :** હું માનું છું કે આ આખી યે કટોકટીમાં સરકારની નીતિઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ૨૦૦૨થી ૨૦૦૪ના ગાળામાં ફેડે વ્યાજદર ઘણો નીચો રાખીને હાઉસીંગ ક્ષેત્રમાં કૃત્રિમ તેજી પેદા કરેલી તે તો આપણે ઉપર જોયું. ત્યાર પછી એ તેજીનો ફુગ્ગો ફૂટી ગયો ત્યારે એની અસર બેન્કો અને બીજી નાણાંકીય સંસ્થાઓ ઉપર પડી. એમના ચોપડે મકાનો માટેની લોનો આધારિત જે અસ્ક્યામતો બોલતી હતી તે જોખમી બની ગઇ અને પરિણામે આ બેન્કો અને નાણાંકીય સંસ્થાઓ એકબીજાને નાણાં ધીરવામાં ખંચકાટ અનુભવવા લાગી અને એટલે નાણાંકીય કટોકટી પેદા થઈ. ત્યારે આ કટોકટી ક્યા કારણે પેદા થઇ છે તેનું સાચું નિદાન કરવામાં પણ ફેડ નિષ્ફળ રહી. એણે એમ વિચાર્યું કે બેન્કો પાસે પૂરતાં નાણાં (liquidity) નહીં હોય એટલે જ તેઓ એકબીજાને નાણાં નથી ધીરતી. એટલે એણે એમને વધારે નાણાં પૂરા પાડવાનો માર્ગ અપનાવ્યો. જ્યારે સવાલ એ હતો જ નહીં. અને એટલે જ આ કટોકટી આટલા લાંબા સમય સુધી ચાલુ રહી અને વધારે ઘેરી બની.

**પીટર :** સારું. હવે આ સ્થિતિમાં સરકારે શું કરવું જોઇએ એ વાત પર આવીએ. તમારા મતે શું કરવું જોઇએ એની વાત પાછળથી કરીશું. પરંતુ ત્યાર પહેલાં અત્યારે જેઓ સત્તાસ્થાને છે તેઓ શું કહી રહ્યા છે તેની ચર્ચા કરીએ. ફેડરલ રિઝર્વની વાત કરીએ તો છેલ્લા ૬ મહિનામાં એણે નાણાંની માત્રામાં ૧૧ ટકાનો વધારો કર્યો, એમાં પણ ૯ ટકાનો વધારો તો છેલ્લા ૩ મહિનામાં જ કર્યો. આ છેલ્લા ૩ મહિનાના વધારાને ધ્યાનમાં લઇએ તો એ નાણાંની માત્રામાં વાર્ષિક ૩૭ ટકાનો વધારો સૂચવે છે. હું ખોટો ના હોઉં તો અમેરિકાના ઇતિહાસમાં નાણાંની માત્રામાં આવો ધરખમ વધારો અગાઉ ક્યારેય નથી થયો. ૧૦૦ વર્ષ પહેલાં ફેડની સ્થાપના કરવામાં આવી ત્યાર પછી તો નથી જ થયો. શું આ વધારો જરૂરી હતો ?

**જ્હોન :** હું નથી માનતો કે એ જરૂરી હતો. અહીં આપણે ફરી નાણાંકીય કટોકટીના ખોટા નિદાનના સવાલ પર આવીએ છીએ. સવાલ એ નથી કે નાણાંકીય સંસ્થાઓ પાસે પૂરતાં નાણાં નથી. એ તો છે જ, પરંતુ સવાલ એમને ચોપડે બોલતી જોખમી અસ્કયામતો (toxic assets)નો છે જેને કારણે તેઓ એકબીજાને નાણાં નથી ધીરી રહી. આ સવાલ કાંઇ વધારે

નાણાં પેદા કરવાથી હલ નથી થવાનો. એમના ચોપડે બોલતી આ જોખમી અસ્ક્યામતો (Mortgage-based Securities અને derivatives)ને ત્યાંથી બીજે ખસેડી લેવામાં આવે તો જ આ સમસ્યા હલ થઇ શકે એમ છે. અને ખરેખર સૌથી પહેલાં આ જ કરવું જોઇતું હતું.

**પીટર :** તો નાણાંનો આ વધારો જરૂરી નહોતો. પરંતુ શું એ હાનિકારક છે ?

**જ્હોન :** લાંબે ગાળે એ જરૂર હાનિકારક સિદ્ધ થઇ શકે છે, ખાસ કરીને એનાં અણઇચ્છિત પરિણામો દ્વારા. વધારે પડતાં નાણાં વહેતાં કરવાથી ફુગાવો પેદા થાય છે એ તો આપણે જાણીએ જ છીએ. એટલે '૮૦ અને '૯૦ ના દાયકામાં જે સારો સમય આવ્યો ત્યાર પહેલાં '૬૦ અને '૭૦ના દાયકામાં જે સ્થિતિ હતી એ ફરી પેદા થાય એવી પૂરી વકી છે. બીજું એક પરિણામ એ આવે કે એને કારણે અનિશ્ચિતતા પેદા થાય અને જોખમો વધી જાય. હું માનું છું કે આ કટોકટીને હલ કરવાની અત્યાર સુધીમાં સરકારે જે એડહોક નીતિઓ અપનાવી છે તેને કારણે અનિશ્ચિતતા પેદા કરી છે. જ્યારે ખરી જરૂર તો જેના આધારે લાંબાગાળાના નિર્ણયો લઇ શકાય એવી સ્પષ્ટ અને ભરોસાપાત્ર નીતિઓની છે.

**પીટર :** દાખલા તરીકે, અત્યારે સૌ કોઇ જાણે છે કે ફેડ નાણાંની માત્રાનો આ વધારો લાંબા સમય સુધી ચાલુ નહીં રાખી શકે. પરંતુ એ ક્યારે એ વધારા પર રોક લગાવશે એની કોઇને ખબર નથી. એટલે અનિશ્ચિતતા પેદા થાય છે.

**જ્હોન :** એટલું જ નહીં, આ જે નાણાં એણે ફરતાં કર્યાં છે એમાંનાં ઘણાં એણે પાછાં લઇ લેવાં પડશે, એટલે કે નાણાંની માત્રા ઘટાડવી પડશે.

**પીટર :** મોનેટરી નીતિ પરથી હવે ફીસકલ નીતિઓ પર આવીએ. અર્થતંત્રને ફરી ધબકતું કરવા માટે સરકારે અત્યાર સુધીમાં જે કાર્યક્રમો જાહેર કર્યા છે તેનો હું સરવાળો કરતો હતો. અને અહીં હું ઓબામા જે જે કાર્યક્રમો હાથ ધરવા માંગે છે તેની વાત નથી કરી રહ્યો. અત્યાર સુધીમાં જે કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યા છે તેની જ વાત કરીએ તો એનો આંકડો પણ અધધધ થઇ જવાય એટલો મોટો છે. ફ્રેડી અને ફેનીનું બેઇલ આઉટ, AIGનું બેઇલ-આઉટ, ટ્રબલ્ડ એસેટ રીલીફ પ્રોગ્રામ અને એવા જે ડઝનેક બીજા કાર્યક્રમો જાહેર થયા છે, એ બધાનો સરવાળો ૫,૬૦૦ અબજ ડોલર જેટલો થાય છે.

**જ્હોન :** મગજ કામ ન કરે એવો આંકડો છે. એ કેટલી મોટી રકમ છે એનો કોઇ અંદાજ લોકોને આવી શકતો નથી.

**પીટર :** એ વિશે તમે શું માનો છો ?

**જ્હોન :** એ એ જ દર્શાવે છે કે ખરેખર શું કરવાની જરૂર છે એની તમને ખબર નથી. એક ઉપાય અજમાવી જુઓ છો અને એ કામ ન કરે ત્યારે બીજો ઉપાય અજમાવો છો અને એ પણ ન કરે ત્યારે ત્રીજો અજમાવો છો. આમ, મારા મતે તો એ સમસ્યા જ છે. અલબત્ત, આ બધામાં કેટલાંક સારાં કામો પણ થાય, કારણ કે આ જંગી દેવાની કેટલીક રકમ અસ્ક્યામતો હાંસિલ કરવા માટે પણ થઇ રહી છે. પરંતુ, આ આંકડો જ એટલો મોટો છે કે એનાથી થનાર નુકસાનની સામે આવાં જૂજ સારાં કામોની કોઇ વિસાત નહીં રહે.

**પીટર :** હવે કેઇન્સના બાયોગ્રાફર રોબર્ટ સ્કીલેલ્સ્કીનું એક ઉદ્ધરણ ટાંકીશ, જે આજે ચર્ચામાં છે - 'કેઇન્સ માનતા હતા કે જ્યારે નીજી ક્ષેત્ર ખર્ચ કરવામાં હિચકિચાટ અનુભવી રહ્યું હોય, ત્યારે એ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો એક જ સચોટ ઉપાય છે. તે છે સરકારી ખર્ચમાં ધરખમ વધારો કરવાનો. પિરામીડ બનાવો, હોસ્પિટલો બનાવો, રસ્તા બનાવો, ખાડા ખોદો અને પૂરો, જે કરવું હોય તે કરો પણ ખર્ચ કરો. કેઇન્સનો ઉદ્દેશ્ય મૂડીવાદને ખતમ કરવાનો નહીં, પરંતુ તેને તેના પોતાથી જ બચાવવાનો હતો. હવે અત્યારે એ ઘડી આવી ગઇ છે કે કેઇન્સના આ પાયા ઉપર નવી ઇમારતો ચણવામાં આવે'. આ વિષે તમે શું માનો છો?

**જ્હોન :** હું નથી માનતો કે અત્યારની પરિસ્થિતિને આ વાત કોઇ રીતે લાગુ પડે છે. હકીકતમાં, અત્યારની કટોકટીમાં પણ લોકોને રીબેટ ચેક આપવાનો કેઇન્સીયન ઉપાય તો અજમાવી જોવાયો જ છે.

**પીટર :** ફેબ્રુઆરી ૨૦૦૮માં પ્રેસિડેન્ટ બુશે જે ઇકોનોમિક સ્ટીમ્યુલસ પેકેજને મંજૂરી આપેલી તેની વાત કરો છો? એ માટે મેં જે છેલ્લો આંકડો જોયેલો એ ૧૬૨ અબજ ડોલરનો હતો.

**જ્હોન :** હા.

**પીટર :** એની શું અસર થઇ?

**જ્હોન :** અત્યાર સુધી તો બિલકુલ નહીં. એ ૧૬૨ અબજ ડોલરમાંથી ૧૧૫ અબજ ડોલર જેટલી રકમ લોકોને રિબેટ ચેક મોકલવા માટેની

હતી. એની પાછળની થિયરી પણ કેઈન્સીયન જ હતી. લોકોને આ રીતે ચેક મોકલી આપીશું તો તેઓ એ વધારાની મળેલ રકમ ખર્ચ કરશે અને એને કારણે વધારે રોજગાર પેદા થશે અને અર્થતંત્રનાં ચક્રો ફરી ગતિમાન થશે. પરંતુ, એવું કશું થયું નહીં. લોકોએ એ રકમ પોતાના ખિસ્સામાં (ખાતામાં) જ રહેવા દીધી અને એ ખર્ચ કરી નહીં.

**પીટર :** પરંતુ બેંકો એકબીજાને નાણાં ધીરતી નથી એની જે વાત તમે કરી તેનું શું ? બેંકો પોતાનાં નાણાં ઉપર બેસી નથી રહી?

**જ્હોન :** હા.

**પીટર :** આ શું કેઈન્સનો liquidity trap નથી ? અર્થતંત્રમાં નાણાં ઘણાં છે, પરંતુ એ ફરતાં નથી. લોકો એ ખર્ચતા નથી. શું આ કેઈન્સીયન સમસ્યા નથી?

**જ્હોન :** બેંકોની સમસ્યાની વાત કરીએ તો અત્યારે હવે જ્યારે વ્યાજદર શૂન્ય જેટલા થઇ ગયા છે, ત્યારે કેટલાક લોકો એને liquidity trap કહે છે. પરંતુ આપણે જાણીએ છીએ તેમ આ થયું તે પહેલાં સમસ્યા નાણાંની નહીં પરંતુ ચોપડે બોલતી જોખમી અસ્ક્યામતોની હતી. અને આ સમસ્યા કંઇ liquidity વધારવાથી હલ નથી થવાની.

**પીટર :** એક બીજું ઉદ્ધરણ ટાંકીશ ડેમોક્રેટિક કોંગ્રેસમેન બાર્ની ફ્રેન્કનું. તમે જાણો છો તેમ કોંગ્રેસની ફાઇનાન્સીયલ કમિટિના એ ચેરમેન છે અને સરકારની નાણાંકીય નીતિ ઘડવામાં અત્યંત પ્રભાવશાળી છે. હાલમાં જ એક ઇન્ટરવ્યુમાં એમણે કહેલું કે, ''અત્યારે આ સમયે તો ખર્ચમાં તાત્કાલિક ધરખમ વધારો કરવામાં આવે એ જ એક ઉપાય છે. અને વધતી ખાધની ચિંતા કરવાનો આ સમય નથી. અત્યારે તો કેઇન્સની દવાના મોટા ડોઝની જ જરૂર છે. પાછળથી ટેક્સ વધારીને ખાધ ઓછી કરી શકાશે. એવા કેટલાયે માલેતુજાર લોકો છે જેમના પર પાછળથી કર નાખીને આ ખાધની પૂર્તિ કરી શકાશે.''

**જ્હોન :** આના જેવી મોટી ભૂલ બીજી કોઇ હોઇ ના શકે. અત્યારે જ્યારે અર્થતંત્ર મંદીની અસરમાં છે ત્યારે કર વધારવા કે એ વધારવાની વાત પણ કરવી એનાથી તો આ મંદી વધારે ઘેરી જ બને. રોજગાર કઇ રીતે પેદા થાય? જ્યારે ઉદ્યોગો લોકોને કામ પર લે ત્યારે. હવે જો તમે કર વધારો તો એનાથી આ ઉદ્યોગો પરના કરોમાં વધારો થશે અને એમાંના ઘણા ઉદ્યોગો નાના ઉદ્યોગો જ હશે. અને એમના પરના કર વધારવામાં આવે તો એની સીધી અસર રોજગારી પર પડશે. આમ, હું માનું છું કે અત્યારે કર વધારવાની વાત કરવી એ મોટામાં મોટી ભૂલ છે. હવે સરકારી ખર્ચમાં વધારો કરવાની વાત કરીએ તો હું માનું છું કે અર્થતંત્રના વિકાસ અને તંદુરસ્તી તેમજ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે જરૂરી હોય એ ખર્ચ જરૂર કરવો જોઇએ. પરંતુ જો કોઇ એમ માનતું હોય કે એનાથી આપણે હાલની કટોકટીમાંથી બહાર નીકળીશું તો એ મોટી ભ્રમણા છે. ઘણા આઇઝનહોવરે હાઇ-વે બનાવવાનો જે કાર્યક્રમ હાથ ધરેલો તેના જેવા કાર્યક્રમની વાત કરી રહ્યા છે. પરંતુ આઇઝનહોવરે એ રસ્તા બનાવ્યા એના કારણે ૧૯૫૦ ના દાયકામાં અર્થતંત્રમાં તેજી આવેલી એમ તો કોઇ નથી માનતું.

**પીટર :** ઓબામાએ એમની યોજનાને આઇઝનહોવરના કાર્યક્રમ સાથે જ સરખાવી છે. એમનું એક ઉદ્ધરણ લઇએ : ''ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કાર્યક્રમમાં રોકાણ કરવું, રસ્તા, પૂલો, નિશાળો બાંધવી કે રિપેર કરવી, ઇલેકટ્રોનિક, મેડિકલ રેકોર્ડ અને બીજી ટેકનોલોજીમાં રોકાણ કરવું, જેને કારણે આરોગ્ય સેવાની કિંમતો ઘટશે એ તમામ કાર્યક્રમો અત્યારના તાત્કાલિક સ્ટીમ્યુલસ પેકેજના જ ભાગ નથી, પરંતુ લાંબા ગાળાની ટકાઉ વૃદ્ધિ માટે પણ જરૂરી છે''. એ વિશે તમે શું કહેશો ?

**જ્હોન :** લાંબા ગાળાની વાત કરીએ તો એમને જો એમ લાગતું હોય કે આ જરૂરી છે અને એ માટે તેઓ કોંગ્રેસ અને લોકો સાથે કામ કરવા તૈયાર હોય તો એમાં કોઇ હરકત નથી. પરંતુ, એનાથી ટૂંકા ગાળામાં અર્થતંત્રને કોઇ સ્ટીમ્યુલસ મળશે એવા ભ્રમમાં નહીં રહેવું જોઇએ. આવી ભ્રમણામાં રાચવાનો કોઇ અર્થ નથી. રસ્તા કે નિશાળો કે પૂલો બનાવવા હોય, એ બધામાં પહેલાં તો યોજનાઓ તૈયાર કરવી પડે, એની પર્યાવરણીય અસરો તપાસવી પડે, કોન્ટ્રાકટ આપવા પડે અને બીજી કેટલીયે જરૂરિયાતો પૂરી કર્યા પછી જ કામ શરૂ થઇ શકે. એ બધામાં અનિવાર્યપણે સમય જાય. એનાથી હાલમાં અર્થતંત્ર જે ઊંડી ખાઇમાં પડી ગયું છે તેમાંથી બહાર નીકળવામાં કોઇ મદદ નહીં મળે.

**પીટર :** સારું. તો હવે છેલ્લે તમારા મતે શું કરવાની જરૂર છે એ વાત પર આવીએ. 'વોલ સ્ટ્રીટ જર્નલ'ના તમારા લેખમાં તમે ચાર ઠોસ સુઝાવો આપેલા. એ ચારેને વારાફરતી તપાસીએ. પહેલો સુઝાવ-કાયદાના પીઠબળ સાથે એ બાંહેધારી આપવામાં આવે કે ઇન્કમટેક્ષના દર હાલ જે છે એ જ ચાલુ રાખવામાં આવશે અને એમાં કોઇ વધારો કરવામાં નહીં આવે.

**જ્હોન :** આ બહુ મોટું સ્ટીમ્યુલસ હશે. કારણ કે અત્યારે ટેક્સ વધારવાની વાતો ચાલી રહી છે. બુશે ટેક્સના દરોમાં જે કટૌતી કરેલી તેની અવધિ પૂરી થવામાં છે. એટલે ડિવિડન્ડ ટેક્સ, કેપિટલ ગેઇન્સ

ટેક્સ તમામમાં વધારો થવાનાં એંધાણ છે. એટલે જો આવી પાક્કી ખાતરી આપવામાં આવે કે આ ટેક્સ દરોમાં કોઇ વધારો કરવામાં નહીં આવે તો એનાથી અર્થતંત્રને બહુ મોટો ફાયદો થશે અને અનિશ્ચિતતા પણ દૂર થશે. આમ, આ ઘણું અગત્યનું પગલું છે.

**પીટર :** હવે બીજા સુઝાવ પર આવીએ. તમે કહેલું કે ઓબામાએ એમના ચૂંટણી પ્રચારમાં કામદારોને એમની કુલ આવકના ૬.૨ ટકા જેટલી ટેક્સ ક્રેડિટ (૮૦૦૦ ડોલરની મર્યાદા સુધીમાં) આપવાની જે વાત કરેલી તે અપનાવવી, પરંતુ તે પણ કાયમી ધોરણે અને નહીં કે એક બે વર્ષ માટે. ઇ

**જ્હોન :** બરાબર. અહીં પણ એ કાયમી બનાવવામાં આવે એ ખૂબ જરૂરી છે. તો જ લોકોને વિશ્વાસ બેસશે કે આ માત્ર એક સમયની લ્હાણી નથી. આ પણ ટેક્સમાં કટૌતી જ છે. એ કાયમી ધોરણે આપવામાં આવે તો લોકો ખર્ચમાં વધારો કરશે. સર્વ સહમતી માટે પણ આ જરૂરી છે. રિપબ્લિકનો બુશના ટેક્સ કટને કાયમી કરવાની વાત કરે છે. જ્યારે ઓબામા આ નવી દરખાસ્તના હિમાયતી છે.

**પીટર :** આ બંને દરખાસ્તમાં તમે તે કાયમી કરવા પર ખાસ ભાર મૂક્યો છે. એ કેમ એટલું અગત્યનું છે?

**જ્હોન :** એનાં બે કારણ છે. પહેલું, જો આ લાભ એક વર્ષ કે ટૂંકા ગાળા માટે જ મળવાનો હોય તો એનાથી લોકોના વ્યવહારમાં ખાસ ફરક નહીં પડે. ૨૦૦૮ના ટેક્સ રિબેટની વાત આપણે ઉપર જોઇ જ છે. કેટલાંય કુટુંબોને ૩૦૦ થી ૬૦૦ ડોલર સુધીના ચેક મોકલવામાં આવેલા, જેને લોકોએ બેંકના ખાતામાં જ રહેવા દીધા અને ખર્ચ્યા નહીં. એનાથી અર્થતંત્રને કોઇ ફાયદો થયો નહીં. પરંતુ, એ જ જો કાયમી ધોરણે મળવાના હોત, તો એનાથી લોકોના વ્યવહારમાં ચોક્કસ ફરક પડ્યો હોત. બીજું, જો આ કટૌતી માર્જિન પર હોય, એટલે કે વધારાની આવક પરનો ટેક્સ ઓછો થવાનો હોય, તો લોકોને કામ કરવાનો અને ઉદ્યોગોને લોકોને કામ પર લેવાના ઇન્સેન્ટીવ વધશે.

**પીટર :** ત્રીજો ઉપાય. ફરી તમને જ ટાંકું છું : ''એ બાબતનો સ્પષ્ટ સ્વીકાર કરવો જોઇએ કે અર્થતંત્રના ઓટોમેટિક સ્ટેબિલાઇઝર્સની માત્રા પણ ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન GDPના ૨.૫ ટકા જેટલી હશે અને તે અર્થતંત્રને સ્થિર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવશે. આમ, એ પણ ફિસ્કલ પેકેજના ભાગ રૂપ જ ગણાય.'' આ ઓટોમેટિક સ્ટેબિલાઇઝર્સ વળી શું છે?

**જ્હોન :** આ સવાલ મને કાયમ પૂછવામાં આવે છે. ઓટોમેટિક સ્ટેબિલાઇઝર્સ એ (jargon) ભારે શબ્દો છે. એ માત્ર એ જ સૂચવે છે કે અર્થતંત્ર જ્યારે મંદીની પકડમાં હોય ત્યારે સરકારની ટેક્સની આવકમાં આપોઆપ કટૌતી આવે છે અને સોસિયલ સિક્યોરિટી, અનએમ્પ્લોયમેન્ટ બેનીફીટ જેવી યોજનાઓ પાછળના ખર્ચમાં આપોઆપ વધારો થાય છે. આમ આવક કરતાં સરકારી ખર્ચ આપોઆપ વધે છે, જે પણ અર્થતંત્ર માટે સ્ટીમ્યુલસની જ ગરજ સારે છે. અને આ સ્ટીમ્યુલસ કાંઇ નાનું નથી. ૧૩ થી ૧૪ હજાર અબજની GDPના ૨.૫ ટકા એટલે ૩૦૦ અબજ ડોલર કરતાં પણ વધારે હશે.

**પીટર :** એટલે થોડા ટાઢા પડો. આમ પણ જો તમે કેઇન્સીયન સ્ટીમ્યુલસમાં માનતા હો તો આ પણ એક પ્રકારનું સ્ટીમ્યુલસ જ છે, જે એની મેળે જ મળવાનું છે, બરાબર? સારું. હવે તમારા ચોથા અને છેલ્લા સુઝાવ પર આવીએ : ''સરકારી ખર્ચની એક એવી યોજના તૈયાર કરવામાં આવે જે લાંબા ગાળાની જરૂરિયાતોને પૂરી કરતી હોય, અર્થતંત્રને બેલેન્સ બજેટના રાહ પર લઇ જવામાં મદદરૂપ થતી હોય અને બિનકાર્યક્ષમતા કે વ્યય પેદા કર્યા વગર એને બને એટલી ઝડપથી અમલમાં મૂકવામાં આવે.'' સરકારી ખર્ચ અને તે પણ ઉચિત ? આવું હોઇ શકે ખરું?

**જ્હોન :** હા, અહીં મારા માટે આશાનું કિરણ માત્ર એ છે કે આની હિમાયત કરનારાઓ પૈસાનો બગાડ થાય એમ ઇચ્છતા ન હોય.

**પીટર :** ઘણા એમ કહી રહ્યા છે કે શાના પર ખર્ચ થાય એ અગત્યનું નથી. સરકાર ખર્ચ કરે એ જ માત્ર જરૂરી છે.

**જ્હોન :** એ વાત સાવ ખોટી છે. એ જ કરવું જોઇએ જે ખરેખર જરૂરી હોય અને એ સારામાં સારી રીતે કરવું જોઇએ. આપણે લોકતાંત્રિક વ્યવસ્થા ધરાવીએ છીએ જેની મદદથી શું કરવું જરૂરી છે અને તે કઇ રીતે કરવું એના નિર્ણય કરીએ છીએ. આ પ્રક્રિયામાં કોંગ્રેસના સભ્યોમાં પોતાના મતવિસ્તારો માટેની માનીતી યોજનાઓ મંજૂર કરાવી દેવાની પ્રવૃત્તિ ચાલે છે તેના પર રોક લગાવી શકાય તો ઉત્તમ. મૂળે બધાને જે કરવું જરૂરી લાગે એવી sensible યોજનાઓ બનાવવામાં આવે અને એનો અમલ શક્ય એટલો ઝડપથી કરવામાં આવે. રસ્તા કે પૂલ બનાવવા જરૂરી છે? તો એ બનાવવામાં આવે. ઇલેક્ટ્રોનિક ગ્રીડની જરૂર છે? તો એ ઊભી કરવામાં આવે. પરંતુ, આવી યોજનાઓને કારણે અર્થતંત્રને તાત્કાલિક સ્ટીમ્યુલસ મળશે એવા ભ્રમમાં રહેવું નહીં.

**પીટર :** તમે ઉપર ઘણી વાર કહ્યું કે અત્યારની જે નાણાંકીય કટોકટી

છે એનું સૌથી અગત્યનું કારણ એ છે કે કેટલીય બેંકો અને નાણાંકીય સંસ્થાઓના ચોપડે જોખમી અસ્ક્યામતો બોલે છે, જેની કિંમત ખરેખર શું છે તેની કોઇને ખબર નથી અને તેનું શું કરવું તેની પણ કોઇને ખબર નથી. તો તમારી આ ચાર દરખાસ્તોમાં એને લગતી કેમ કોઇ દરખાસ્ત નથી? બુશના ટ્રેઝરી સેક્રેટરી હેન્ક પોલ્સને ૭૦૦ અબજ ડોલરની જે પહેલી દરખાસ્ત મંજૂર કરાવેલી તે આને લગતી જ હતી, જેમાં સરકાર બેંકોની આ ટોકિસક એસેટો ખરીદી લઇને એમના ચોપડા પરથી એને દૂર કરવાની દરખાસ્ત હતી. પરંતુ પાછળથી પોલ્સન એમાંથી પાછા હટી ગયા છે. શું એ આ સમસ્યાનો સરળ ઉપાય નથી?

**જ્હોન :** હા તે એ સમસ્યાને હલ કરે છે, જે મૂળે સરકારે પેદા કરેલી અને એને માટે ૭૦૦ અબજ ડોલર ફાળવાયેલા જ છે. મેં ઉપર જે વાત કરી એ તો એ ઉપરાંત જે વધારાના સ્ટીમ્યુલસ પેકેજની ચર્ચા ચાલી રહી છે એ અંગેની છે. એટલે મારું એમ કહેવું છે કે આ ૭૦૦ અબજ ડોલર છે, જે કોઇ રીતે નાની રકમ નથી, તેનો ઉપયોગ નાણાંકીય વ્યવસ્થાના આ સવાલોને હલ કરવા માટે કરો અને ટ્રેઝરીએ કહ્યું પણ છે કે એનો ઉપયોગ બેંકોની બેલેન્સ શીટ પરથી આ જોખમી અસ્ક્યામતો દૂર કરવા માટે, બેંકોના શેર ખરીદવા માટે અને કેટલાક કિસ્સાઓમાં મકાનો માટેની લોનો ખરીદી લેવા માટે કરવામાં આવશે. આ નાણાંનો ઉપયોગ આ માટે સારામાં સારી રીતે કરવામાં આવે એ જરૂરી છે.

**પીટર :** આમ હેન્ક પોલ્સન આ કટોકટીની શરૂઆતમાં વધારે સારી વાત કરી રહ્યા હતા. અત્યારે તો હવે તેઓ એમ કહે છે કે ટોકિસક એસેટ ખરીદવામાં આ નાણાંનો ઉપયોગ નહીં કરાય.

**જ્હોન :** હું માનું છું કે એમણે પહેલેથી જ એ કહેવાની જરૂર હતી કે તેઓ ઘણાં પગલાં ભરશે, મેં ઉપર દર્શાવ્યાં એ ત્રણ પગલાં સહિત. એમણે શરૂઆતમાં એમ કહેલું કે તેઓ માત્ર આ એક જ પગલું લેશે. એટલે તેને કારણે ઘણી ગેરસમજ પેદા થઇ.

**પીટર :** સારું. હવે એક બીજી વાત કરીએ. 'વોલ સ્ટ્રીટ જર્નલ'ના તમારા લેખમાં તમે એમ પણ કહેલું કે, ''વર્ષોના અભ્યાસ અને ચર્ચા પછી અર્થશાસ્ત્રીઓ હવે એ બાબતે સહમત છે કે કામચલાઉ રિબેટ જેવી discretionary નાણાંકીય (fiscal) નીતિઓથી ખાસ લાભ થતો નથી અને એનો ઉપયોગ બને ત્યાં સુધી કરવો જોઇએ નહીં.'' શું આ કટોકટી શરૂ થયા પછી તમને એમ લાગી રહ્યું છે કે માઇઝીસ, હાયેક અને મિલ્ટન ફ્રીડમેન જેવાઓની વર્ષોની મહેનત પછી જે બૌદ્ધિક પ્રગતિ હાંસિલ કરી શકાઇ હતી તેને અત્યારે હવે સૌ નજરઅંદાજ કરી રહ્યા છે? એમની વાતોને કોઇ પડકારી નથી રહ્યા, પરંતુ તેની અવગણના જરૂર કરી રહ્યા છે.

**જ્હોન :** હા. મને ચોક્કસ આમ લાગી રહ્યું છે. આવું કેમ થઇ રહ્યું છે એનાં કારણોની મને ખબર નથી. પરંતુ, આવી ફેશનો ઘણી વાર આવે છે અને જાય છે. વર્ષોની મહેનત પછી અર્થશાસ્ત્રીઓમાં જે સર્વસંમતિ સધાઇ હતી એને કારણે જ છેલ્લાં ૨૫ વર્ષમાં સ્થિર આર્થિક વિકાસ સાધી શકાયો અને એ માર્ગ પરથી ચાતરી ગયા પછી થોડાં જ વર્ષોમાં આ કટોકટી પેદા થઇ.

**પીટર :** હવે હું તમને બીજાં બે ઉદ્ધરણો વાંચી સંભળાવું છું. તમે મને એ કહો કે એ હજી આજે પણ પ્રસ્તુત છે કે નહીં. અને હા તો કઈ રીતે? પહેલું ઉદ્ધરણ ફ્રેડરીક હાયેકનું છે : ''જો અર્થવ્યવસ્થા એટલી સાદી અને સરળ હોય જેમાં કોઈ એક વ્યક્તિ કે કેન્દ્ર બધી હકીકતો આસાનીથી જાણી લઈ શકે તો એવી પરિસ્થિતિમાં અર્થવ્યવહારમાં કાર્યક્ષમ નિયંત્રણ કે આયોજનમાં કોઈ મોટી મુશ્કેલી પેદા ન થાય. પરંતુ, માંગ અને પુરવઠાની સતત બદલાતી રહેતી પરિસ્થિતિને કોઈ એક વ્યક્તિ કે કેન્દ્ર કયારેય પૂરેપૂરી જાણી શકે નહીં. બજારની મુક્ત સ્પર્ધાની વ્યવસ્થામાં જ કિંમત વ્યવસ્થા આ બદલાતી પરિસ્થિતિની પ્રસ્તુત અને જરૂરી તમામ હકીકતોને પોતાની મેળે જ પ્રતિબિંબિત કરે છે અને લાગતાવળગતાઓને પહોંચાડે છે. ''

**જ્હોન :** આ વાત હજી આજે પણ એટલી જ સાચી અને પ્રસ્તુત છે. એમણે આ કહ્યું ત્યાર પછી આપણે ઘણી નવી બાબતો શીખ્યા છીએ. તેમ છતાં એ મૂળ વાત હજી આજે પણ એટલી જ પ્રસ્તુત છે.

**પીટર :** ટેકનોલૉજીના વિકાસથી એમાં કોઈ ફરક નથી પડયો ? એક દાખલો લઈએ તો તમે જો ફેડરલ રિઝર્વમાં બેઠા હો તો ૧૯૧૩માં એની સ્થાપના થઈ ત્યારે જે ગતિએ જે માહિતી મળતી હતી તેના કરતાં આજે ખૂબ ઝડપથી વધારે સારી ગુણવત્તાવાળી માહિતી પ્રાપ્ત થાય છે. શું એને કારણે અર્થવ્યવસ્થાનું નિયંત્રણ કરવાની ફેડની ક્ષમતામાં વધારો નહીં થયો હોય ?

**જ્હોન :** પણ, એની સાથે સાથે અર્થવ્યવસ્થાની સંકુલતા પણ વધી છે. અને એટલે પહેલાં કરતાં વધારે બાબતોની જાણકારી મેળવવી પડે. એટલે આ સુધારાઓ પણ અર્થવ્યવસ્થાની બધી સંકુલતા સાથે તાલ નથી મેળવી શકયા. આ ઉપરાંત, પરિવર્તનો પણ પહેલાં કરતાં વધારે ઝડપથી આવી રહ્યાં છે. અલબત્ત, હાયેકે આ વાત કરી ત્યાર પછી આપણે ઘણી નવી બાબતો શીખ્યા છીએ, જેમકે externalities, જેને હલ કરવામાં સરકારની ભૂમિકા છે. એવું ચોક્કસ નથી કે અર્થવ્યવસ્થામાં

સરકારની કોઈ ભૂમિકા જ નથી. હાયેકે પણ એમ કયારેય નહોતું કહ્યું. એક દાખલો આપું. એક નહીં ઘણા દાખલા આપી શકાય. બહારી અને આંતરિક હુમલા સામે રક્ષણ, સલામતી, કાયદાનું રાજ, અર્થવ્યવસ્થા, રમતના નિયમો તૈયાર કરવાની અને એનું પાલન કરવાની જવાબદારી પણ સરકારની છે. આ ઉપરાંત, હાલના સંજોગોમાં સ્થિર મોનેટરી ફ્રેમવર્ક પૂરી પાડવાની જવાબદારી પણ સરકારની છે.

હાયેકે પણ rules of the gameની અગત્યતા પર ખાસ ભાર મૂકેલો છે અને સરકાર શું કરવાની છે એની નીજી ક્ષેત્રને પહેલેથી જાણકારી હોય એ ખૂબ જરૂરી હોવાની વાત કરેલી છે.

**પીટર :** સારું. હવે તમારા મિત્ર અને સહકાર્યકર મિલ્ટન ફ્રીડમેનની વાત કરીએ. આ વાત આમ તો એકદમ સીધી સાદી છે : ''કોઈ પણ વ્યક્તિ પોતાના પૈસા જે કાળજીથી વાપરે, એટલી જ કાળજીથી એ બીજાના પૈસા નહીં વાપરે. કોઈ પણ વ્યક્તિ બીજાનાં સંસાધનો એટલી કાળજીથી નહીં વાપરે, જેટલી કાળજીથી પોતાનાં સંસાધનો વાપરશે. આમ, જો તમે કાર્યક્ષમતા અને અસરકારતા ઈચ્છતા હો અને જ્ઞાનનો યોગ્ય ઉપયોગ થાય એમ ઈચ્છતા હો તો એનો રસ્તો એક જ છે - નીજી સંપત્તિ''.

**જ્હોન :** ફરીથી, હજી એ એટલું જ સાચું છે. અને આ એમણે પરિસ્થિતિને સુધારવાના સરકારના પ્રયત્નો નિષ્ફળ જવાના અનેક દાખલાઓ જોયા પછી કહેલું. અહીં પણ એમ નથી કે સરકારની કોઈ ભૂમિકા નથી. અને મિલ્ટને પણ એવું કયારેય કહ્યું નથી. પરંતુ સરકાર હસ્તક્ષેપ કરે ત્યારે ઘણીવાર સરકારી નિષ્ફળતા (government failure) જોવા મળે છે. એ વાત ધ્યાનમાં રાખવી એટલી જ વાત છે.

**પીટર :** શું અમેરિકાની સરકારે ડેટ્રોઈટના ઓટોમોબાઈલ ઉદ્યોગને બચાવી લેવો જોઈએ ?

**જ્હોન :** ના. એ મોટી ભૂલ હશે.

**પીટર :** શું સરકાર અત્યારે બેંકોના ઈકવીટી શેર ખરીદી રહી છે તે બરાબર છે ?

**જ્હોન :** એ તો સરકારે પેદા કરેલી સમસ્યાના નિરાકરણ માટેનું પગલું છે, એટલે દુર્ભાગ્યે આ કિસ્સામાં મારે હા જ પાડવી પડે. એમ કરીને પછી શકય એટલી ઝડપથી પાછા બહાર નીકળી જાવ.

**પીટર :** હું કાંઇ અર્થશાસ્ત્રી નથી. પરંતુ જે વાતો સાંભળવા મળે છે એના પરથી લાગી રહ્યું છે કે આ ચર્ચા ફક્ત અર્થશાસ્ત્રને લગતી જ નથી. રાજ્યની ભૂમિકા અંગેની જુદી જુદી આઇડીયોલોજી પણ આમાં ભાગ ભજવી રહી છે. ફ્રેન્ચ પ્રેસિડેન્ટ નિકોલસ સાર્કોઝી જ્યારે એમ કહે છે કે મુક્ત બજારની સિમ્ફનીનો અંત આવી ગયો છે અને બીજું કોઇ એમ કહે છે કે બર્લિનની દીવાલ તૂટી પડી ત્યારે સામ્યવાદમાં માનતા રહેવું શક્ય ન રહ્યું તેમ આજે હવે આ કટોકટી પેદા થઇ છે ત્યાર પછી મુક્ત બજારમાં માનતા રહેવું કોઇને માટે શક્ય નહીં રહે. મને લાગે છે કે તમે તમારા વિચારો સારી રીતે મૂક્યા છે. પરંતુ, બીજી બાજુ પોલ ક્રુગમેન પણ નામી અર્થશાસ્ત્રી છે અને લેરી સોમર્સ પણ નામી અર્થશાસ્ત્રી છે. તમે જાણો છો તેમ લેરી સોમર્સ (ઓબામાના સલાહકાર) તો એમ જ કહે છે કે બસ, ખર્ચ કરો. કેઇન્સીયન ઇકોનોમિકસનો મોટો ડોઝ આપીશું તો જ અર્થતંત્ર મંદીમાંથી બહાર આવશે. આમાં મને બહુ ખબર નથી પડતી, પરંતુ એમ લાગે છે કે અહીં બે જુદા જ પરિપ્રેક્ષ્યમાંથી વાતો થઇ રહી છે. આર્થિક વાસ્તવિકતા અને એમાં સરકારની ભૂમિકા શું હોવી જોઇએ તેને લગતા સાવ જુદા અભિગમોમાંથી આ વાતો આવી રહી છે.

**જ્હોન :** હું માનું છું કે તમારી આ વાત સાચી છે. મૂળ સવાલ ફિલોસોફિકલ પરિપ્રેક્ષ્યનો છે. લેરી સોમર્સે ૨૦૦૮માં પણ સ્ટીમ્યુલસની વાત કરેલી. અને બુશે જે ટેક્સ રિબેટનું સ્ટીમ્યુલસ પેકેજ જાહેર કરેલું તેને પણ તેમનો ટેકો હતો. એની કોઇ અસર નથી થઇ એ વાત બાજુ પર મૂકીએ. એટલે સ્વાભાવિક છે કે આગળ પણ તેઓ નાના મોટા ફેરફારો સાથે આવા જ કાર્યક્રમોને આગળ ધપાવશે. પરંતુ, આમાં આઇડીયોલોજી વધારે ભાગ ભજવી રહી હોવાની તમારી વાત સાચી છે. અને એટલે જ મારા જેવા અર્થશાસ્ત્રીઓ બને ત્યાં સુધી તથ્યો અને હકીકતોની જ વાતો કરે એ જરૂરી છે - ખરેખર શું થયેલું, શાના કારણે થયું, વગેરે. સાર્કોઝીની વાત સાથે હું સહમત છું? ના, બિલકુલ નહીં. પરંતુ, હું ફક્ત એટલું જ કહીને બેસી રહેવા નથી માંગતો. એમની વાત કેમ ખોટી છે એ પણ મારે દર્શાવવું જોઇએ. તેથી જ આટલું ઝીણું કાંત્યું.

**પીટર :** જ્હોન, તમારો ખૂબ ખૂબ આભાર. ■

*(હુવર ઈન્સ્ટિટ્યુટના ટેલીવીઝન કાર્યક્રમ 'Uncommon Knowledge'માં તારીખ ૧૫ ડિસેમ્બર, ૨૦૦૮ના રોજ થયેલ વાર્તાલાપનો ભાવાનુવાદ)*

***ભાવાનુવાદ - અંબરીષ મહેતા***

# The Present Economic Crisis[1]

*- Mukesh Adenwala*

That the world economy is in perils is known. Measurements of dimensions of the crisis or crises are no longer of much importance. Nearly everyone agrees that the present crisis is the biggest in last 75 years, and may well prove to be the biggest in the entire history of mankind. Global recession is already an established fact and deep depression of the proportion leading to Nuclear Winter is eminently feared. Extent and proportion of the present crisis can be gauged by the response it has evoked. For the first time in history, Governments of all major nations and the central bankers are concertedly in a fire-fighting mode and are taking increasingly unconventional steps to tone down the effects of the crises. And yet, so far as the economics is concerned, till only yesterday - or so it seems, the world was one happy place smoothly sailing to uncharted Arabia of opulence.

Though the technical details about the factors causing crisis are known, presently, only the contours of the causal factors leading to crisis can be reflected upon. There is no consensus amongst experts regarding the extent of the problem (or problems) and its likely fallout. Hence, what will be the effect of present events on economic activity and resultantly on the social fabric, for how long is it likely to continue, and how it will affect the welfare of most of people can only be guessed. The momentous events unfolding as of now have challenged established ideologies and philosophies that have guided affairs of mankind for nearly 400 years. Such momentous event cannot have been caused by any simplistic set of responsible factors. This article would make an attempt to explain the factors and processes involved in making of the crisis. The first section of the article would describe the run up to and nature and extent of crisis as it is perceived today. The second section would briefly describe some historical developments in the area of economic thought and conduct. The third section would describe developments in the financial sector. Concluding section would reflect on the changes in world order the crisis is likely to lead to and raise some questions.

## Section I
## Run up to crisis

Till summer of 2007, the world economy was shining. In December 2005, Nobel Prize winning economist Milton Friedman stood solidly behind the growth story of the US in an hour long TV interview[2] (Charlie Rose show). He justified prosperity for US economy on account of gains in productivity due to technical and technological advances and the increase in free trade. This worldview continued to be widely shared till at least spring of 2007 by expert academicians, eminent experts, leading politicians and businessmen, and common man on the street. US economy had grown at more than 4% during 2005 and 2006; China and India, two most populous nations on earth had significantly contributed to growth of world GDP by posting high growth rates for their respective economies. Total world trade had increased more than threefold since mid-1990s.

All these developments had highly positive implications for fight against poverty and Human Development Indices enshrined in MDGs at the turn of millennium. It was believed till spring of 2007 that the first MDG - halving the world poverty by 2015 - would be achieved and that the world had sufficient wherewithal to achieve significant portions of other MDGs like reductions in infant and maternal mortality rates, attaining educational goals, etc. The world was confident to resolve for meeting headlong the challenge of global warming that had only recently appeared on the horizon. In short, the world worried about things other than economics, which more than indicates health on economic front.

Undoubtedly there were worrisome developments and

close calls along the way: Savings & Loans crisis in US, Crisis in Japan and Mexico, meltdown in SE Asian economies, LTCM debacle, and crises in Russia, Brazil, Argentina, etc. and in US, the bursting of dotcom bubble resulting in mild recession in 2001. It was also recognised that there were worrisome imbalances in the world economy. Debates raged about whether the current levels of asset prices were bubbles ready to burst or not; US Trade and fiscal deficits were admittedly unsustainable and hence worrying for the world; US dollar was overvalued; in US, rising government expenses owing to Iraq issue and resultant fallout of such events on already worrisome fiscal situation was worriedly commented upon, and so on. Learned eyebrows were raised and doubts were whispered. However, despite all this, the world continued its unabated march to affluence. Voicing of mentioned and similar negative features were dubbed academic in nature and were mostly ignored. Most of the eminent practitioners allowed such concerns to take back seat while allowing the general public to chase rainbows. Many a wise men preferred not to argue against success.

And who could argue with success? The world appeared to be confident and competent enough to solve its problems; happy faces in plenty increasingly appeared on multitudes of advertisement hoardings and soap operas, made headlines in newspapers; the dreams appeared to be highly realisable. World appeared ready to take one big leap and reach opulent utopia, or so it seemed. Resultantly, financial markets reflected the confidence of the world community in its brighter future and were shining till the spring of 2007. S&P 500 jumped 9% between March and May 2007; the stock markets across the globe echoed. Even Japan, which had languished for nearly two decades, started showing flickering signs of revival. The world was one happy and confident place; minor aberrations in the sunny picture appeared to be highly manageable.

## The Present

Last quarter of 2007 saw firming up of interest rates in various economies; failure of Bear Stearns in March 2008 marked the beginning of avalanche. Since September 2008, the unfolding of events, to say the least, have been deeply worrying. No amount of figures or charts could adequately narrate the evolving circumstances; even before the ink is dry on any given article on the subject, the figures change, often substantially.

As we read this, people are not just losing their jobs but, for the first time in history of mankind, also their homes, something that used to happen only during wars or devastating natural calamities. Property prices have plummeted by more than 25% in US and is expected to decline further; other countries are following suit; stock markets across the world have lost value, in several places by more than 60%; central banks across the world are hitting panic buttons regularly and almost continuously, and governments across the world remain in fire-fighting mode. In a world where free markets were revered till yesterday, wholesale nationalisation of very large institutions is taking place across Europe and US. Major firms in US having about 70% market share in mortgage finance (Fannie Mae & Freddie Mac[3]) have been nationalised and so are several banks and the biggest insurance company of the world (AIG); Investment Banking is virtually extinct; deposit insurance is being extended to all and sundry, Central Banks are taking toxic debts and even commercial papers on their balance sheets; ever increasing fiscal stimulus are being offered across countries, the list is endless. The governments and the central bankers have taken and are taking unconventional steps by the day, which, only a little over a year ago would have brought a smirk on the face of even an average college student. Not only is the growth of the world compromised, but the very bastion of growth - the ideology of free market economy - is being questioned and jettisoned, at least for the time being.

As of date, the worries about the future are darker than ever. Developments in real sector had led to higher inflation on a global scale. It is known that developments in financial sector would have real sector implications of very serious nature but as yet no one is willing or able to put numbers to the worries and problems. Forgotten are the days of shining enthusiasm and the world is resigned to a darker future, at least in medium term.

Though brave face-masks are worn, the crisis that is unfolding is of stupendous proportions. To take one learned

view: `When LTCM failed, it had total positions in excess of $100 bn on an equity base of $1 bn and net loss was to be no more than $10 bn. Possible global meltdown was averted by a rescue operation designed by a group of bankers costing $3.6 bn. The losses in the present imploding of asset bubble are likely to be 100 times higher, even with very reasonable assumptions and assuming orderly unwinding of the markets, which generally does not happen'[4]. Actually some of the experts put the losses only to financial sector at $ 1 trillion even under conservative set of assumptions[5]. It is inevitable that such huge losses would affect the economic activity in the real sector.

How did the world reach here? Why the present developments were not foreseen by various eminent experts? If they were seen earlier, why the warnings went unheeded? Such obvious and valid questions have no easy answers. All major problems have complex set of causal factors. Several factors are considered responsible for the present meltdown. It would be interesting to start narrating known causal factors in history.

## Section II
## Brief History

That the rules governing conduct of economic policy changed irrevocably in 1970s is an understatement. At broader level of human existence monumental changes were taking place. Ideas of religion, caste, creed, Nation State, Truth, Knowledge, and so on, that had underpinned human behaviour and had guided affairs of mankind since last 400 years and more lost much of their relevance. The `Age of Discontinuity' had arrived by mid-1970s; the past was not fully dead and buried, but a new future had definitely emerged, though not fully. Since 1970s the materialist `Brave New World', `who knew price of everything and resolutely denied to know value of anything' had started increasingly replacing the idealistic `Drinkers of Infinity', `who made mess of their public and private lives'. By 1990s the new generation was firmly in saddle. As has happened in liveliest parts of human history, established wisdoms were increasingly questioned en masse and new ideas came to rule human affairs. Riding on the back of existentialism, Post-Modernism appeared on the horizon in late 1970s. Perhaps the single most important factor that changed `Human Condition' was renunciation of other-worldliness. Perhaps for the first time in human history, people wanted to `live up' their lives on an ongoing basis at ever younger age and expressed their desire openly in so many ways. Policies, Institutions and Governments, instead of fate and God, had become responsible for failures and frustrations. In other words, the fate and the God were no longer protected by beliefs, traditions and mores of the society. This caused monumental changes in set of human beliefs, which had hitherto underpinned human behaviour. The changes manifested in changing structure of society and family. Families became increasingly nuclear and the individual person became estranged from his and her linkages with the social world and the cosmos. Galileo and Kepler had dethroned the earth from its place at the centre of the universe and set the globe floating in space around the world. Changes that had taken place since 1970s uprooted the links of Man with his traditions, society and religion and placed him gradually but firmly in the orbit of materialism.

These tectonic shifts in ideologies had brought about changes in aims of economic behaviour and had necessitated changes in conduct of economic policy. Economic behaviour became increasingly more materialistic freed from the reins of traditions, social mores, morality, and religious sanctions. Success was of prime importance; venality as a means to achieve success received tacit social approval. Economic Policy had to change. The Golden Age of Classical Capitalism was over as it failed to prevent or resolve Great Depression. Keynesian macroeconomic management strategies resolved depression, which in turn produced space programs that had placed man on the moon. By 1960s it was acknowledged that prescriptions of Smithian economics as means of achieving prosperity had failed. Keynesianism had resulted in stagflation and corruption. Socialism and Communism also failed as viable alternatives to the goal of prosperity. The warring Capitalist and Marxist ideologists had produced Wars, including Cold War, which in turn produced increasing sophistication of weapons and war strategies. Various political and economic systems based on widely different - even contradicting - ideologies were tried and failed to

generate sufficient prosperity that would allow the mankind to `live happily ever after'. The hungry and the deprived were increasingly vociferous in expressing their discontents; the opulent joined the cacophony of their frustrations even as they became richer. Removal of poverty was pursued not solely because of humanistic concerns but increasingly as expansion of markets for goods that were being produced in ever increasing bulks.

In its fervent attempts to solve its problems and attain its aspirations the humanity ended up taking big strides. One of the relevant sidekicks of such writhing, inter alia, was developments in telecommunications and transportation. Accompanying demographic changes caused further disruptive changes and necessitated urgent changes in economic management and policy. By late 1960s children of Baby Boomers had entered US work force, which was mainly untrained and unskilled. In 1960s people in 18-24 year age group were 7.6 million, by 1970s the number had reached 11.4 million[6]; real wages declined by about 17% between 1975 and 1997[7]. Substantial addition of new people to work force led to fall in real wages, which fell further on account of lower productivity of additional workforce. Share of labour in GDP fell. Dream of attaining prosperity for all had become that much difficult to attain. In retrospect it appears rather obvious that such monumental changes would affect and change the laws governing conduct of economic policy and economic behaviour.

Mentioned shifts in ideologies and circumstances caused huge changes in the structure of financial sector and conduct of financial transactions, which is precisely the area where the present crisis started and gathered momentum, which has presently exploded. In the next section we will see the changes in financial sector in more detail to understand the factors that caused the crisis. Before we move to next section the following should give an idea about the events that caused changes in the ideologies.

Owing to double digit inflation and fall in labour productivity, by 1968, Gold parity of US Dollars at $35 per one troy ounce of pure gold was becoming increasingly difficult to defend. Devaluation was avoided only through consensus amongst central bankers to trade gold between them only at official parity, irrespective of market price of gold. By 1972 first devaluation of US$ had occurred when price of one ounce of gold was officially pegged at $38. Since under Breton Woods all other currencies were linked to US$, this devaluation of dollar failed to resolve basic problems of US economy. In 1975 dollar became fiat currency and de-linked from Gold Standard; Breton Woods had officially become redundant. More importantly, the strongest and biggest economy of the world (US) was termed as banana republic, having to resort to devaluations back to back in a few years.

We now move to developments in the financial sector.

## Section III
## Developments in Financial Sector

The first development in the financial sector was increased liberalism. This was the result of two factors: First, ever increasing numbers of governments, owing to their newfound commitment to balance their budgets and to purposefully avoid intervening in functioning of markets, withdrew from allocation of capital within the country and across the borders. International Aid as percentage of GDP and transfer of funds by the governments to various programs (like space exploration, anthropological research, etc.) and to third world countries declined. Monetary Policy became the sole instrument for economic management. As overseers of functionality of markets, the governments first became and then remained committed to providing liquidity so long as inflation remained under control. Second, as governments increasingly withdrew from direct production of goods and services, production facilities moved increasingly across borders, aided by technical and technological developments as well as by developments in telecommunications and transportation. Capital started chasing cheap labour and business friendly governments across the globe. East Asia, Mexico and Americas became new destinations for production bases; China was added to the list at a later date. Private flow of funds, both debt and equity, freed from restrictions took up the slack left by the governments. With passage of time this process gathered momentum and became tsunami of globalisation by late 1980s. The World became Flat. The first outcome of such a development was substantial increase in cross

border capital flows. The capital flows have to be intermediated - transacted through intermediaries; this was, as we shall see, done with increasing amount of sophistication.

આના પ્રતિભાવમાં શહેરી વિકાસ મંત્રીએ મુદ્દાનો સહાનુભૂતિપૂર્વક વિચાર થશે એમ વચન આપ્યું. ફેરિયાઓ માટે રાષ્ટ્રીય નીતિ ઘડવાનો ઠરાવ સંપૂર્ણ સંમતિથી પસાર થયો. આમ છતાં શાસક પક્ષ પર રાજકીય દબાણ વિના એક નિયુક્ત (નોમિનેટેડ) સભ્યનો ઠરાવ કશું જ મહત્ત્વ ધરાવતો નથી.

માણેકચોક, દાણાપીઠ અને સરસપુર જેવાં જૂનાં બજારોમાં ફેરિયાઓને સત્તાવાળાઓ તરફથી ઓછી તકલીફ પડે છે. યથાવત્ સ્થિતિને કારણે એક પ્રકારની સમજણ ઉદ્‌ભવી છે. સંઘર્ષ તો પહેલાંના જેવો જ છે પણ એનું સ્થળ હવે નવા શહેરી વિસ્તારોમાં પહોંચ્યું છે, જ્યાં બજારો આપમેળે ઊભાં થઇ રહ્યાં છે. નવાં રહેઠાણોમાં રોજની જરૂરિયાતોની માંગ રહે છે અને લારીવાળાઓ તથા ફેરિયાઓ વેપારની તક પારખીને તરત જ પુરવઠો પૂરો પાડે છે. કોર્પોરેશન પાસે આ નવાં બજારો અંગે કોઇ રૂપરેખા તૈયાર નથી હોતી. ફેરિયાઓની હયાતી હજીયે નગર આયોજનમાં નોંધાતી નથી અને નવાં બજારોમાં એમને માટે જગ્યા ફાળવવાનું દૂરનું દૂર ઠેલાતું રહ્યું છે. શહેરી વિકાસનાં કેટલાંયે ક્ષેત્રોમાં કોર્પોરેશન અતિશય મંદ છે. પછી એ પાણી-પુરવઠો હોય, વીજળીપુરવઠો હોય, ગટર હોય કે વાહન-વ્યવહાર હોય. નગરનાં વિસ્તરતાં પરાંઓ સુધી વ્યાવસાયિક, આર્થિક અને સામાજિક સવલતો પહોંચે એવું આયોજન ધ્યાન પર લેવામાં આવ્યું નથી. શહેરી વિકાસ બદલી ન શકાય એવી પ્રક્રિયા જેવો બની ગયો છે. સ્થાનિક જરૂરિયાત પ્રમાણે કામો ઊભાં થતાં જાય ત્યારે સત્તા ધરાવનારા એમને કાયદેસર અને ગેરકાયદેસર એવા બે ભાગમાં વહેંચવાથી વધારે કશું કરી નથી શકતા. કયારેક તો કોર્પોરેશન મંજૂરી આપે એ પહેલાં આરસની ફર્શવાળાં મોટાં શોપિંગ કોમ્પલેક્ષ બંધાઇ જાય છે. આમાં ગરીબોનો વારો તો કયારે આવે?

શહેરમાં પોતાનું સ્થાન મેળવવાના સંઘર્ષમાં ફેરિયાઓને નજીવાં પરિણામો મળ્યાં છે. પાંત્રીસ વર્ષ પહેલાંની સ્થિતિ કરતાં પાણી અને આરોગ્ય-સ્વચ્છતામાં અંશતઃ સુધારો થયો છે. અનેક અરજીઓ અને પ્રતિનિધિમંડળોની રજૂઆતો પછી બજારમાં થોડાં શૌચાલયો બંધાયાં છે. આમ છતાં એમની સંખ્યા ઓછી છે અને એ ફેરિયાઓના સ્થળથી ખૂબ દૂર પણ છે.''તમારે સાહેબ, કોઇ દહાડો સંડાસ નથી જવું પડતું?'' મણિબહેને એમના વિસ્તારના એક કોર્પોરેટરને પૂછેલું. કયારેક આવા સીધા સવાલો જ લોકોને પ્રાથમિક સગવડો આપવાની સત્તાધીશોને ફરજનું ભાન કરાવી શકે.

ફેરિયાઓ પરત્વે મધ્યમ વર્ગનું વલણ હજી અસ્પષ્ટ છે. ઓછી કિંમતે તાજો માલ મળે એ મધ્યમ વર્ગને ગમે તો છે જ છતાં ફેરિયાઓનો લઘરવઘર વેશ અને બરછટ ભાષા એમને સ્વીકાર્ય નથી. વળી ખૂબ ઓછી કિંમતે ચીજવસ્તુઓ વેચી દેવાની ફેરિયાઓની તાલાવેલી સામે પક્ષે અવિશ્વાસ પેદા કરે છે. મધ્યમ વર્ગનો મોટો ભય એટલો જ છે કે એમને કોઇ છેતરી જશે અથવા તો આ નીચલા સ્તરના લોકો એમનો લાભ લઇ જશે. ફેરિયાઓ આવું બધું ગળી જાય છે, હસી કાઢે છે કારણ કે આવું વલણ એમને માટે નવું નથી.

કેટલાક અધિકારીઓ ફેરિયાઓ માટે સહાનુભૂતિપૂર્વક વિચાર કરી શકે છે. સાબિતી રૂપે સુધરાઇના જુનિયર કર્મચારીઓ મહિલાઓને અગાઉથી ચેતવી દે છે કે અમુક તમુક વિસ્તારમાં દબાણવિરોધી અધિકારીઓનો દરોડો પડવાનો છે. દરોડો પાડનારા અધિકારીઓ પણ આ સતત અને નિરર્થક અથડામણથી વાકેફ છે. ''તમે સેવાવાળાઓ આ પ્રશ્નનું નિરાકરણ કેમ કાયમી ઢબે નથી લાવતાં?'' એ લોકો ફેરિયાઓને પૂછે છે. આ પરિસ્થિતિની અર્થહીનતા એ પામી ગયા છે.

અમદાવાદના અમારા અનુભવથી એ સ્પષ્ટ થઇ ગયું છે કે ભારતમાં શહેરી ફેરિયાઓ માટે એક સર્વગ્રાહી નીતિ ઘડવી જરૂરી છે. આ નીતિ એવી હોવી જોઇએ કે જેનાથી ફેરિયાઓની રોજીરોટી અને બજારમાં જગ્યા નિશ્ચિત થઇ જાય. શહેરી આયોજનમાં એમને પરવાના ઉપરાંત આર્થિક અને સામાજિક સુવિધાઓ મળી રહે. આવી નીતિને અસરકારક બનાવવી હોય તો ફેરિયાઓએ પોતે જ એમાં મહત્ત્વનો ભાગ ભજવવો પડે. એમનો અવાજ અને એમનું પ્રતિનિધિત્વ ઘણાં આવશ્યક છે.

સહુ પ્રથમ તો દેશમાં શહેરોમાં ફેરિયાઓનું આર્થિક પ્રદાન સ્વીકારવાની જરૂર છે. જીવનજરૂરિયાતની પાયાની વસ્તુઓ પૂરી પાડવામાં એમની ભૂમિકાનું મહત્ત્વ ઓછું આંકી ન શકાય. આપણાં શહેરોમાં ઓછી આવક ધરાવતી ૫૦ ટકા જેટલી વસ્તી પોતાની જીવનજરૂરિયાતો ફેરિયાઓ પાસેથી ખરીદે છે જ્યારે આર્થિક રીતે સદ્ધર કહેવાય એવો વર્ગ પણ પોતાને જરૂરી વસ્તુઓમાંથી ઘણી ફેરિયાઓ પાસેથી ખરીદે છે.

ફેરિયાઓ ગ્રાહકોને મૂલ્યવાન સેવા આપે છે એ ઉપરાંત એ શહેરમાં વસતા ગરીબ સમુદાયને રોજીરોટીની તક પૂરી પાડે છે. આ ધંધા વિના એ પોતાનો જીવનનિર્વાહ ન કરી શકે. ઔપચારિક ક્ષેત્રમાં જ્યારે નોકરીઓ ઘટતી જાય છે ત્યારે ફેરી કરીને વસ્તુઓનું વેચાણ આજીવિકાની તક પૂરી પાડે છે. એમાં મૂડીરોકાણ ઓછું છે અને એ દ્વારા બજારમાં સરળતાથી પ્રવેશ થઇ શકે છે. વળી મોટા કે નાના, બંને પ્રકારના ઉત્પાદકો છૂટક વેચાણ માટે ફેરિયાઓ ઉપર આધાર રાખી શકે છે.

૧૯૮૫ માં મુંબઇ ફેરિયા સંગઠન વિરુદ્ધ મુંબઇ કોર્પોરેશનની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે પ્રત્યેક શહેરે ફેરિયા માટેના અને એમને માટે પ્રતિબંધિત એવા વિસ્તારો જાહેર કરવા જોઇએ જેથી ફેરિયાઓ પોતાનું કામ નિર્વિઘ્ન કરી શકે. બે વર્ષ બાદ સુપ્રીમ કોર્ટના ચુકાદા પ્રમાણે (સૌદાનસિંહ વિરુદ્ધ નવી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન) ફેરિયાઓનો વેપાર એમનો બંધારણીય અધિકાર છે. એમાં એમ પણ નોંધવામાં આવ્યું કે ''રસ્તા કે શેરીઓ માત્ર આવનજાવન માટે છે, એવી રજૂઆતને આધારે ફેરિયાઓનો વેપાર ધંધો કરવાનો અધિકાર, બંધારણની કલમ ૧૯(૧) જી અનુસાર, નકારી ન શકાય. યોગ્ય રીતે નિયમન કરવામાં આવે તો પરિસ્થિતિની માંગ મુજબ ફૂટપાથ પરના નાના વેપારીઓ સામાન્ય પ્રજા માટે સગવડરૂપ છે. રોજબરોજની જરૂરિયાતો તેઓ પ્રમાણમાં ઓછી કિંમતે વેચે છે.

ફેરિયાઓ શહેરી ગ્રાહકોને મહત્ત્વની સેવા આપે છે એ હકીકત હોવા છતાં, જીવનનિર્વાહની તકો ઊભી કરવામાં એની અગત્યતા હોવા છતાં, અને સુપ્રીમ કોર્ટનો ચુકાદો ફેરિયાઓની તરફેણમાં હોવા છતાં દેશભરમાં ફેરિયાઓ એમનો વેપાર કરવામાં ઘણી હાલાકી ભોગવે છે.

ફેરિયાઓ માટેના વિસ્તારોની અલગ ફાળવણી એ આ સમસ્યાના નિરાકરણની દિશામાં યોગ્ય પ્રારંભ ગણાય. પરંતુ આ સંદર્ભે બે પ્રશ્નો ઊભા થાય છે. ફેરિયાઓ અલગ અલગ સ્થળે જઇ શકે એવી સ્થિતિ આમ જોઇએ તો એમની મોટી સગવડ ગણાય. વિભાગીકરણનું મોટા ભાગનું આયોજન બજારોના કુદરતી વિકાસક્રમને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ જાય છે. દિવસના ચોક્કસ સમયે ફેરિયાઓનું બજાર આમતેમ ફેલાતું રહે છે. કારણ કે જે તે વિસ્તારના ગ્રાહકોની જરૂર સંતોષવા માટે આમ થવું સ્વાભાવિક છે. જ્યારે  જ્યારે ફેરિયાઓ માટે વિસ્તારો નિશ્ચિત કરવામાં આવે છે ત્યારે ત્યારે નથી એમને પૂછવામાં આવતું કે નથી ગ્રાહકોને. એટલે જેમને માટે વ્યવસ્થા કરવામાં આવી હોય તેમની આવશ્યકતાઓ તરફ દુર્લક્ષ સેવાય છે. ફેરિયાઓ, ગ્રાહકો-નાગરિકો, આયોજકો અને મયુનિસિપાલિટી વચ્ચે સંવાદની તાતી જરૂર છે.

એમ લાગે છે કે આપણા ભવ્ય શહેરી આયોજનમાં શ્રમજીવી ગરીબો માટે કશું સ્થાન નથી. વ્યવસ્થિત અને સુઆયોજિત ઔપચારિક અર્થક્ષેત્ર માટે પૂરેપૂરી ચિંતા કરવામાં આવે છે. પરંતુ શ્રમજીવી સમુદાયની જરૂરિયાતોમાં એ પૂરતું ધ્યાન આપતું નથી. કોઇનાયે ભવ્ય આયોજનની ભાગીદારીમાં ગરીબોનું સ્થાન નથી એ હકીકત જ છે.

જમીન અંગેના આપણા ખ્યાલો પણ આ સમસ્યા માટે જવાબદાર છે. શહેરી જમીનની કિંમત અને ચોક્કસ જગ્યાઓ સંદર્ભે આર્થિક લાભની સંભાવનાઓ એ જમીનનો ઉપયોગ કોણે કરવો જોઇએ તેવા મૂળભૂત પ્રશ્નો ઊભા કરે છે. કમનસીબે પલ્લું હંમેશાં નિજી હિત ધરાવતા વગદારોની તરફેણમાં જ નમે છે. જમીનના વપરાશ અંગે શહેરના ઔપચારિક અને અનૌપચારિક એમ બંને ક્ષેત્રો વચ્ચે સમતુલા જળવાવી જોઇએ. આ આપણા દેશની વાસ્તવિકતા છે. બંને ક્ષેત્રો એકમેકનાં પૂરક છે અને બંનેનું શાંતિમય સહઅસ્તિત્વ શક્ય છે. ફેરિયાઓ બજારને જીવંત અને વૈવિધ્યસભર બનાવે છે. આયોજન કરનારા, જો ફેરિયાઓને વિશ્વાસમાં લઇ સ્થળ અથવા સ્થળાંતર, નવા બજારની રચના વગેરે નક્કી કરે તો એમને ખરેખર લાભ થાય. ફેરિયાઓ આ માટે તૈયાર છે એટલું જ નહીં, બજારના સ્થળની જાળવણી અને સુધારાવધારા માટે આર્થિક રીતે મદદરૂપ થઇ શકે એમ છે. આમ જુઓ તો એમણે લાંચ માટે જે રકમ આપવી પડે છે તેયે કંઇ ઓછી તો નથી જ!

સમૂહ માધ્યમો, મુખ્યત્વે વર્તમાનપત્રો ઘણી વાર મુખ્ય અર્થક્ષેત્રમાં ફેરિયાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા અંગે અસ્પષ્ટ છે. વર્તમાનપત્રોનું આ વલણ બદલાય તો જ જનમાનસનો ફેરિયાઓ પરત્વેનો અભિગમ બદલાય અને સમાજમાં ફેરિયાઓના કામનું મહત્ત્વ નજરે ચડે. આર્થિક, સામાજિક અને ઐતિહાસિક ઉપરાંત માનવશાસ્ત્રની દષ્ટિએ ફેરિયાઓ વિશે ભાગ્યે જ અભ્યાસ થયો છે.

ગુજરાત રાજ્યે એની નીતિ રાષ્ટ્રીય નીતિના મૂળભૂત ઉદ્દેશ મુજબ જ ઘડી છે. તે અનુસાર ''ફેરિયાઓને કાયદેસર દરજ્જો મળે તે માટે સુધારણા અને ફેરફાર પછીના યોગ્ય નિયમો એમને લાગુ પાડવા તથા શહેરી વિકાસ આયોજનમાં એમને એમના વ્યવસાય માટે જગ્યા તથા વિસ્તારો ફાળવવા.'' આ નીતિ પર મુખ્યમંત્રીની મંજૂરીની મ્હોર હજી બાકી છે, જે થયા બાદ ફેરિયાઓને એમનો દરજ્જો ગુજરાત રાજ્યમાં પ્રાપ્ત થશે. અમે અદ્ધર શ્વાસે રાહ જોઇ રહ્યાં છીએ, ત્યાં લગી તો ફેરિયાઓ માટે બે ટોપલાની જગ્યા પણ એક સપનું છે. ■

***(ઈલાબેન ભટ્ટના મૂળ અંગ્રેજી પુસ્તક 'We Are Poor But So Many' (૨૦૦૬)ના હિમાંશી શેલત દ્વારા અનુવાદિત 'ગરીબ, પણ છૈ યે કેટલાં બધાં !' - ભારતના સ્વાશ્રયી નારીસમુદાયની ગાથા (પ્રકાશન ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ ૨૦૦૭) ના એક પ્રકરણ 'ફેરિયા'માંથી સારવીને સાભાર.)***

***(ટોય હાઉસ, પંચશીલ સોસાયટી, ઉસ્માનપુરા, અમદાવાદ)***

# વડોદરાનું શુક્રવારી બજાર : એક જીવંત અર્થતંત્ર

**- ચિરાગ કાયસ્થ**

વડોદરામાં બજારો તો ઘણાં છે - મંગળ બજાર, નવા બજાર, લહેરીપુરા બજાર વગેરે. પરંતુ આજે મારે વાત કરવી છે એક એવા બજારની કે જે એક સમયે જૂના વડોદરાની ઓળખ સમાન હતું અને આજે પોતાનું અસ્તિત્વ બચાવવા માટે વલખાં મારી રહ્યું છે. એ છે વડોદરાનું શુક્રવારી બજાર. એ દર શુક્રવારે ભરાતું હોવાથી આ નામે ઓળખાય છે. આ બજાર છેક સયાજીરાવના સમયમાં વડોદરા શહેર જયારે ચાર દરવાજા પૂરતું સીમિત હતું ત્યારથી આ શુક્રવારી બજાર ભરાય છે.

વડોદરાનો ચાર દરવાજા વિસ્તાર આમ તો ટ્રાફિક અને દુકાનોની ઘરાકી તેમજ બંને બાજુ પાર્કીંગને કારણે ખાસ્સી ચહલપહલવાળો છે. પરંતુ ચાંપાનેર દરવાજાની બહારના વિસ્તારથી લઈને અડાણિયા પુલ, કાલુપરા અને હાથીખાના સુધીના વિસ્તારોમાં શુક્રવારની સવાર જાણે ખૂબ જ અલગ રીતે પડતી. સવારે છ સાત વાગ્યે વેપારીઓ ધીરે ધીરે આવતા થાય. આ વેપારીઓનો માલ સામાન મોટે ભાગે હાથલારીઓ અને પગરીક્ષા પર લવાતો. આથી પગરીક્ષાવાળા ગરીબ લોકોને રોજગારી મળતી. બજારમાં મોટે ભાગે ભંગાર, જૂના સ્પેરપાર્ટસ, કપડાં, વાસણો, ઘરવપરાશની ચીજોની લારીઓ ઊભી રહેતી. બજારના ગ્રાહકોમાં મોટે ભાગે વડોદરા ગ્રામ્ય જિલ્લાના આદિવાસી લોકો, શહેરી ગરીબ અને મધ્યમવર્ગ તેમજ ભંગારમાંથી વસ્તુઓ ખરીદનારાઓનો સમાવેશ થતો હતો. ભંગારવાળા વેપારીઓ આખું અઠવાડિયું ફેરી મારીને લોકો પાસેથી જૂની વસ્તુઓ સાવ ઓછા ભાવે ખરીદતા, અને ખરીદેલા ભંગારમાંથી સારી વસ્તુઓ કાઢી રીપેર કરીને થોડા વધુ ભાવે વેચતા. તેવું જ કપડાં વેચનારી બહેનો કરતી. લોકોનાં જૂનાં કપડાં ખરીદીને અને તે જૂનાં કપડાંને ધોઇ, રફુ કરીને, ઇસ્ત્રી કરીને રૂા. ૫ થી રૂા. ૩૦ ના સસ્તા દરે વેચતી અને પોતાનું ગુજરાન ચલાવતી. તો સામે ઓછી આવક ધરાવતા ગરીબ ગ્રાહકોને પણ ખૂબ જ ઓછા ભાવે કપડાં અને અન્ય વસ્તુઓ મળી રહેતી. તેથી તેમને પણ ફાયદો થતો. આમ બંને બાજુ ફાયદો થતો હોવાથી વડોદરામાં મોલ કલ્ચર આવવા છતાં ય શુક્રવારી બજારમાં ખૂબ જ ભીડ રહેતી હતી. આ બજારમાં વેચનાર અને ખરીદનાર બંને ગરીબ અને નીચલો મધ્યમ વર્ગ હતો. સાથે જ, ઉપલા વર્ગ કે કલાકારો માટે પણ આ બજાર પુરાણી, એન્ટીક અને કલાકારીગરીની ચીજ-વસ્તુઓ મેળવવા માટેનો બહુ સારો સ્રોત હતો.

હાલમાં તો તોડફોડ અને પ્રતિબંધને જ જાણે વિકાસ માની લેવાયો છે. આમ પણ પોલીસ એવું કારણ આપતી હતી કે ટ્રાફિકને અડચણ થાય છે. પરંતુ ટ્રાફિક તો હુજરાત ટેકરા, કોયલી ફળિયા, હાથીખાનાના રસ્તે નીકળી જતો હતો. પણ મૂળ વાત કદાચ હપ્તો ન મળતો હોય કે ઓછો મળતો હોય એમ બને. છતાંય જેમ તેમ પોલીસની બીક સાથે બજાર ચાલતું રહ્યું. પણ જ્યારથી અમદાવાદ, દિલ્હી અને અન્ય સ્થળે બજારોમાં બૉંબ-વિસ્ફોટો થયા ત્યારથી પોલીસને બહુ સારું અને સૌને શીરાની જેમ ગળે ઊતરી જાય તેવું કારણ મળી ગયું, અને બૉંબ મૂકનારા આતંકવાદીઓ પકડીને કાર્યવાહી કરવાની જગ્યાએ બજાર જ બંધ કરાવીને જાણે 'ન રહેગી બાંસ ન બજેગી બાંસૂરી' જેવી કાર્યવાહી કરવામાં આવી અને બજાર ભરવાનો પ્રયત્ન કરનારાઓને જેલભેગા કરવામાં આવ્યા. બજાર ન ભરાય એને માટે પોલીસનો કાફલો ઉતારવામાં આવ્યો. ઘર્ષણમાં આ લોકોને ઈજા થયાની પણ ખબર મળી છે. આમ, અત્યારે તો બજારના ગણ્યા ગાંઠયા લોકો સુરસાગર અને ન્યાયમંદિર પર બેસે છે. પણ ત્યાં ગ્રાહકો આવતા નથી કારણ કે તેમને બજારમાં જ જવાની આદત છે. આ મુદ્દે તેમણે ગાંધીનગર ગૃહ પર ધરણાં પણ કર્યાં. પણ કોઇ જ પરિણામ દેખાતું નથી. તેમણે પોસ્ટરોમાં લખ્યું હતું કે જ્યાં બૉંબ વિસ્ફોટો થયા છે તે બજારો પણ ધમધમતાં થઇ ગયાં છે તો 'જયાં બૉંબ વિસ્ફોટો થયા જ નથી ત્યાં શા માટે બજાર બંધ કરાવો છો?' બજારના નાના ગજાના વેપારીઓ મોટે ભાગે અભણ અને બાપ-દાદાના વખતથી આ જ ધંધો કરતા હોવાથી તેઓ બીજી રોજગારી તરફ વળી શકતા નથી અને વધુ ગરીબીમાં ધકેલાઇ રહ્યા છે અને બેકારીના ખપ્પરમાં હોમાઇ રહ્યા છે. બજાર સાથે સાથે બીજી પણ દુકાનો જેવી કે ચા, પાન, પડિકીના ગલ્લાવાળા, લોકો માટે બપોરે જમવાનું, શાક-રોટલી વેચતી બહેનો, પાણીનાં પાઉચવાળા વગેરેની પણ રોજગારી છિનવાઇ ગઇ છે.

થોડાં વર્ષો પહેલાં હું પણ આ જીવંત અર્થતંત્રનો એક ભાગ હતો. નાનો હતો ત્યારે હું શુક્રવારી બજારમાં પાણીનાં પાઉચ અને પ્લાસ્ટિકની કટલરી આયટમો વેચતો હતો અને આજે જ્યારે પાછો વળીને જોઉં છું ત્યારે હૃદયમાંથી આર્તનાદ નીકળી પડે છે કે શું આ એ વિકાસ છે કે જેને આપણે સંમિલિત વિકાસ (Inclusive Development) કહીએ છીએ? લોકોને રોજગારી આપવાની વાત તો દૂર રહી, ઊલટાની તેમણે પોતે ઊભી કરેલી રોજગારીની તકો છીનવી લઈને આપણે કેવી રીતે વિકાસ કરી શકીશું? અને જો આપણે આમ જ બૉંબ વિસ્ફોટો અને ત્રાસવાદીઓની બીકથી બજારો બંધ કરાવીશું તો એ તો ત્રાસવાદીઓની જ મોટી જીત લેખાશે, કેમકે તેઓ તો હુમલા કરી આપણું જનજીવન અને અર્થતંત્રને ખોરવવા જ તો માગે છે! ■ ***(C/o, આર્ચ, વડોદરા)***

# ધારાવીની ધરતી પરથી 'સ્લમડોગ મિલિયોનેર'

વૃષ્ટિ પારેખ

'સ્લમડોગ મિલિયોનેર' મેદાન મારી ગયું – એક-બે નહીં, આઠ ઓસ્કર લઇ ગયું! ભારત માટે ઇતિહાસ સર્જાયો અને ભારતીય ફિલ્મ ઉદ્યોગે જાણે કે કરવટ બદલી! જોકે ઘણા ભારતીયોને ઓછું આવી ગયું કે આ પિક્ચર પણ બનાવ્યું તો ઇંગ્લિશ ડાયરેક્ટર - પ્રોડ્યુસરે જ ને? એમાં ''તેં શી કરી કારીગરી?'' એ કાંઇ બોલીવુડની પેદાશ નથી. એ વાત સાચી, પણ એ બન્યું છે ભારતની ધરતી પર, ભારતની કથાવસ્તુ પર અને ભારતના જ નાના-મોટા કલાકારો અને કારીગરો દ્વારા. બીજી વાત એ છે કે અંગ્રેજી સિવાયની કોઇપણ ભાષામાં બનેલી ફિલ્મ ઓસ્કારમાં સામાન્ય કેટેગરીમાં પ્રવેશ મેળવી જ ન શકે, એ માત્ર 'ફોરેન લેંગ્વેજ' કેટેગરીમાં જ પ્રવેશ મેળવી શકે. એટલે ભારતીય ભાષાઓમાં બનેલી ફિલ્મ માટે ઓસ્કાર પ્રવેશની બહુ મોટી મર્યાદા રહે. એટલે તો 'રોજા'થી લઇને અત્યંત ઉત્કૃષ્ટ સંગીત આપનાર એ.આર.રહેમાનના સંગીતને એ કોઈ માટે એવોર્ડ ના મળ્યો અને આ ફિલ્મમાં રહેમાન માટે સાવ સામાન્ય કહી શકાય એવા સંગીત માટે 'મૌલિક સંગીત' કેટેગરીમાં ઓસ્કાર મળ્યો. અને એટલે જ આ ઓસ્કાર મળ્યો ત્યારે ગુલઝારના મોંમાંથી શબ્દો સરી પડ્યા ને કે ''રહેમાનને હિન્દી ગીત માટે ઓસ્કાર મળશે એની મને કલ્પના નહોતી!''

જોકે અહીં એક કડવી હકીકત પણ આપણે સ્વીકારવી રહી કે વૈશ્વિક સ્પર્ધામાં ટકવા માટે દુનિયાભરની કેટલીય કલાત્મક, સુક્ષ્મ અને subtle કથાનક અને અભિવ્યક્તિ ધરાવતી કલાકૃતિઓની સામે બોલીવુડે એ સ્તરની અને એ પ્રકારની ફિલ્મ આપવી પડે. એનો અર્થ એ થાય કે ટિકિટબારી પર નજર રાખીને મોટાભાગના દર્શકોને મનભાવંત ફોર્મ્યુલા ફિલ્મના ઢાંચામાં થોકબંધ ગીતો (ભલે ગમે એટલાં સારાં હોય)માં કાપ લાવવો પડે. બાકી, 'લગાન' ખરેખર મેદાન મારી જાય, એ કોટિનું હતું એમ કહેવું જ પડે. વળી, બોલીવુડ કદાચ એવું પિક્ચર આપે ત્યારે પણ ઓસ્કારમાં મોકલવા માટેની પસંદગી સમિતિનું રાજકારણ ભાગ ભજવી જાય એવું પણ બન્યું છે. બાકી, 'પરિણીતા' કે 'બ્લેક'ને બદલે 'પહેલી'ને ઓસ્કારમાં મોકલવામાં આવે ત્યારે એના પર ચોકડી મુકાઇ જશે એનો અહેસાસ પહેલેથી જ કોને નહોતો? 'લગે રહો મુન્નાભાઇ' કે 'તારેં જમીં પર' ને પણ તાજગીપૂર્ણ અને કલાત્મક ફિલ્મ કહી શકાય. અલબત્ત, એ સ્વીકારવું પડે કે ભારતીય ફિલ્મોમાં નઝાકત, સુક્ષ્મતા, subtlyની, અલબત્ત, સત્યજિત રે કે ઋષિકેશ મુખર્જી જેવાઓને બાદ કરતાં, કમી તો રહે જ છે. સત્યજિત રેને લાઇફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડથી તો સન્માનિત કરાયા જ ને?

બાકી, ઘણાને (અમિતાભ બચ્ચન વગેરેને) એ પણ લાગી આવ્યું છે કે ભારતમાં માત્ર ગરીબી કે ઝૂંપડપટ્ટી વગેરે જ નથી, તો એને આ રીતે બતાવવાથી ભારતને માટે નીચાજોણું થયું છે. બીજા ઘણા એ દલીલ પણ કરે છે કે ભારતની ગરીબી, ઝૂંપડપટ્ટી વગેરે પર આપણે ત્યાં પણ ઘણાં પિક્ચરો ઊતર્યાં જ છે ને! અહીં પાયાનો મુદ્દો એ છે કે આ પિક્ચરમાં ગરીબીનું ચિત્રણ ગરીબી કે ઝૂંપડપટ્ટીની જિંદગી બતાવવા માટે કે એની પ્રશસ્તિ કરવા માટે (eulogise) કે એનું રોમેન્ટિક ચિત્રણ કરવા માટે માત્ર નથી. પરંતુ, કેટકેટલી odds - હાડમારીઓ હોવા છતાં લોકો જિંદગી જીવવાની જે મથામણો કરે છે, એને એ બહાર લાવે છે. અને એમાંથી કોઇ કરોડપતિ પણ બની શકે છે. એનો સંદેશ જિંદગી જીવવાની મથામણોનો છે, હાડમારીઓ વચ્ચે આશાનો છે. જોકે એમાં વાસ્તવિકતા કેટલી છે એ જુદો મુદ્દો છે. ખાસ કોઇ ભણતર કે બહારી અનુભવ exposure વગર કરોડપતિ બનવા માટે જરૂરી તમામ સવાલોના જવાબો આપી શકવાની જે કથા નિરૂપવામાં આવી છે એની સામે પ્રશ્નચિહ્નો જરૂર ઊભા થઇ શકે. અલબત્ત, સાવ અછડતી રીતે જોઇ લીધું હોય (દા.ત. રામની ધનુષ્યધારી મૂર્તિ) કે સાંભળી લીધું હોય (દા.ત. રિવોલ્વરની બનાવટનું નામ) એને વર્ષો પછી જુદા જ પરિપ્રેક્ષ્યમાં યાદ કરવા અને correlate કરવા માટે જરૂરી તર્કશક્તિ, નિરીક્ષણ શક્તિ અને બુદ્ધિશકિત માત્ર ખૂબ ભણેલી કે પૈસાપાત્ર વ્યક્તિનો જ ઇજારો નથી, પરંતુ કોઇપણ બાળક કે વ્યક્તિ, ભલે પછી એ ઝૂંપડપટ્ટીમાં જન્મીને કેમ ન મોટી થઇ હોય, કોઇમાં પણ એ હોઇ શકે છે - એ એનો સંદેશ છે. વ્યક્તિની ક્ષમતાની અગાધતાનો એમાં સંદેશ છે. માણસ માત્ર માટેની આશાનું કિરણ અહીં પડેલું છે.

આ કલાકૃતિ કેવી છે, એને ઓસ્કાર મળવાપાત્ર હતો કે નહીં, એ ભારતીય ફિલ્મ ગણાય કે નહીં, કે એમાં ગરીબી નિરૂપીને ભારતનું નીચાજોણું કર્યું છે કે નહીં - વગેરે બાબતોને છોડીએ. ખરી દૃષ્ટિએ કલાકૃતિના

માધ્યમ દ્વારા જે વાત અહીં બહાર આવે છે એને વાસ્તવિક જીવનમાં કેવી રીતે જોવામાં આવે છે અને કેવી રીતે જોવી જરૂરી છે એની ચર્ચા અગત્યની છે.

### ધારાવી : શહેરી વસ્તીના રહેઠાણ માટેનું મોડેલ

ઓસ્કાર સમારંભના પખવાડિયા પહેલાં ફિલ્મના દિગ્દર્શક બોઇલે એક શો (The Tonight Show)માં મુંબઈની ઝૂંપડપટ્ટીઓની મુલાકાતને વર્ણવેલી અને જણાવેલું કે એની ફિલ્મનાં પાત્રોની જેમ ત્યાંના લોકો ખૂબ મહેનત અને મથામણો કરે છે. બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સે એક ચેરિટિ કોન્ફરન્સમાં ઝૂંપડપટ્ટીઓની રિડિઝાઈન કરવામાં સ્થાનિક લોકોને સંયોજવા પર ભાર મૂકેલો, એ ખૂબ સૂચક છે. એમણે કહેલું કે 'સ્લમડોગ'માં જે ઝૂંપડપટ્ટીની વાત છે એ ધારાવી, વિકસિત દેશોની વધતી જતી શહેરી વસ્તીના રહેઠાણ માટેનું મોડેલ પૂરું પાડે છે, જે પશ્ચિમના મોડેલ કરતાં ઘણું ચડિયાતું છે. પ્રિન્સ ચાર્લ્સે કહેલું કે ધબકતી ધારાવી વિશ્વની વધતી જતી શહેરી વસ્તી માટેના પર્યાવરણીય અને સામાજિક દૃષ્ટિએ ટકાઉ સેટલમેન્ટનો નમૂનો પૂરો પાડે છે, એમ ધ ગાર્ડિયને નોંધેલું. સ્થાનિક કાચો માલ (raw material), ચાલીને પહોંચી શકાય એવો પાડોશ અને આવાસ તેમજ રોજગાર બન્નેને એકીસાથે સમાવી લેતી ધારાવીની એ ડિઝાઈનમાં જે રહેલું છે એનો વેરહાઉસ જેવા, ચહેરા વિનાના સ્લેબ બ્લોકસનાં બનેલાં પશ્ચિમમાં ગરીબો માટેનાં મકાનોમાં સદંતર અભાવ છે એમ એમણે ઉમેરેલું.

### ધારાવીનું ધબકતું અર્થતંત્ર

ધારાવીના લોકો અર્થઉપાર્જન માટે કેટલી વિવિધ પ્રવૃત્તિઓમાં પરોવાયેલા છે એનો ચિતાર જોવા જેવો છે. મેટલ શીટ્સ કે પ્લાસ્ટિકથી ઢંકાયેલાં ઘરો ધરાવતી ધારાવી દૂરથી કચરાના વિશાળ મેદાન જેવું દેખાય, પણ આ દેખીતી ગંદકી વચ્ચે ઘરોમાં જ નાની-નાની ૧૦,૦૦૦ થી વધુ ફેક્ટરીઓ ચાલી રહેલી છે અને વિવિધ ઉદ્યોગો ફૂલ્યા-ફાલ્યા છે, જેમાં પ્લાસ્ટિક કે માટીનાં વાસણો, બ્લુજિન્સ કે ચામડાંની બનાવટો જેવી કેટલીય ચીજવસ્તુઓનું ઉત્પાદન થાય છે. ધારાવીનું અંદાજિત વાર્ષિક ઉત્પાદન રૂા. ૩૦૦૦ કરોડ (૬૬.૫ કરોડ યુએસ ડોલર) જેટલું થાય છે. 'વોશિંગટન પોસ્ટ'ના એક પત્રકાર જહોન લેકેસ્ટર લખે છે : ''ધારાવીના ઉદ્યોગો ભૌગોલિક રીતે ગોઠવાયેલા છે. એક ગલીમાં જુદી જુદી ચીજ-વસ્તુઓનું રિસાયકલીંગ થાય છે. કોઈ ગોડાઉનમાં માણસો જૂનાં કોમ્પ્યુટરોનાં કી-બોર્ડ છૂટાં પાડે છે, તો બાજુના ગોડાઉનમાં મોંથી પગ સુધી ભૂરા રંગે રંગાયેલા માણસો વપરાયેલી બોલપેનોની પ્લાસ્ટિક નળીઓ છૂટી પાડે છે, જેને ઓગાળીને ફરી વપરાશમાં લઈ શકાય. થોડે દૂર કારીગરો પોલિસ્ટર રેઝિનના ખાલી પીપડાઓમાંથી વધેલું રેઝિન મેળવવા પ્રયત્ન કરતા હોય છે. બીજી બાજુ ગાળીને ફેરવપરાશ કરવા માટે પ્લાસ્ટિક બોટલોના ઢગલા પડ્યા હોય છે, જેમાંથી કેટલીક ઈંગ્લેંડ વગેરે દેશોમાંથી પણ આવેલી હોય છે. તો બીજી ગલીમાં લુહારની ભઠી છે, જેના કારીગરો ચામડાના પટ્ટા પરના સ્ટીલનાં બક્કલો બનાવતા હોય છે. ગમે એટલી બદનામ થઈ ગયેલી હોય, તેમ છતાં જોઈએ તો ધારાવી એક પ્રસ્થાપિત સમુદાય જેવી લાગે છે. કયાંક ડોકટર કે ડેન્ટિસ્ટનાં પાટિયાં લટકતાં જોવા મળે છે, તો કયાંક હજામ ઘરની બહાર ઊંચી ખુરશી પર બેઠેલા ઘરાકના વાળ કાપતો હોય છે. તો બાજુમાં ઈસ્ત્રીવાળો જૂની ઈસ્ત્રીથી કપડાંને ઈસ્ત્રી કરતો હોય છે. પ્લાસ્ટિક ઓગાળીને એમાંથી રમકડાં બનાવવાની ફેકટરીના મુસ્લીમ માલિકના કહેવા મુજબ ત્રણ દાયકા પહેલાં એના બાપુજીએ આ ધંધો ચાલુ કરેલો. દેશભરમાંથી એક કે બે પેઢી પહેલાથી આવીને લોકો અહીં વસેલા છે. ગુજરાતના કુંભારો તો ૧૯૩૦ના દાયકાથી ત્યાં વસેલા છે. એક બાબત બહુ સ્પષ્ટ રીતે ઊપસી આવે છે — ધારાવીમાં કોઈ માંગણા ભિખારી, આજીજી કરીને ધરાર ચીજ-વસ્તુઓ ફટકારી મારનાર કે ખિસ્સાકાતરુ જોવા નથી મળતા. એનું કારણ છે - સૌ પોતપોતાની ઉત્પાદકીય પ્રવૃત્તિઓમાં ગળાડૂબ હોય છે, અને ઘણા પાસે ખિસ્સામાં પૈસા પણ છે. હા, ત્યાં જુદી જુદી ખાવાની વસ્તુઓ વેચતી દુકાનો પણ આવેલી છે, તો સાથે જ બોલીવુડની ફિલ્મો બતાવતાં વિડીયો પાર્લર પણ આવેલાં છે''.

સવાલ એ છે - શું આ બધું દેશના અર્થતંત્રનો એક ધબકતો, અગત્યનો હિસ્સો નથી ?

'સ્લમડોગ મિલિયોનેર'ના ઓસ્કાર એવોર્ડો માટે આપણી સરકાર અને સિવિલ સોસાયટી છાતી ફુલાવી રહી છે, ત્યારે મારો એક જ સવાલ છેઃ વધતી જતી શહેરી વસ્તીએ સેંકડો આડખીલીઓની વચ્ચે ઊભાં કરેલાં રહેઠાણો / ધંધારોજગારો, જેનું આલેખન કરતી ફિલ્મ માટે આપણે ગર્વ લઈએ છીએ, તેમને જ હાંકી કાઢવા મથીએ છીએ - બે ઘડી થંભીને ફેરવિચાર કરીશું ? ધારાવી કે બીજી ઝૂંપડપટ્ટીઓને શહેર પરના ધબ્બા તરીકે જોઇશું કે એમાં ધબકતા અર્થતંત્રને અને ધબકતી માનવચેતનાને જોઇશું ? ધારાવીને ધરાશાયી કરી દઇને ઊંચી ઊંચી ઈમારતો ચણીને એમાં ૨૨૫ ચો.ફૂ.નો એક એક ફ્લેટ આપી દેવાથી કે ઝૂંપડપટ્ટીઓને હટાવી દેવાથી એ ધબકતા અર્થતંત્રને ગળાટૂંપો નહીં દેવાઈ જાય ? ■

# આ પણ શહેરનો જ ભાગ છે, દોસ્તો

*- તૃપ્તિ પારેખ*

વડોદરાની શુક્રવારી બજાર હોય, અમદાવાદના માણેકચોકના ફેરિયાઓ હોય કે મુંબઇની ધારાવી હોય -આ બધામાં બે બાબતો અહમ્ રીતે ઊભરી આવે છે : તેઓ સૌ ધબકતા અર્થતંત્રના જીવંત ભાગ છે અને શહેરોના અર્થતંત્રમાં બહુ મોટું પ્રદાન કરે છે અને શહેરીજનોને નાની-મોટી સેવા પૂરી પાડવામાં બહુ મોટું યોગદાન દે છે; તેમ છતાં શહેરીજનો તેમજ સરકારો- મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે તેઓ આડખીલીઓ અને ગંદકી સમાન હોઇ ત્યાંથી હટાવવાપાત્ર છે. હવે, હકીકત તો એ છે કે આ બજારો કે રહેઠાણો- ઝૂંપડપટ્ટીઓ વિકસતાં શહેરોમાં ધીમે ધીમે શહેરીજનોની જરૂરિયાતો પ્રમાણે કોઇપણ જાતના પ્લાનિંગ કે આયોજન વગર, ઓર્ગેનિક રીતે ઊભાં થતાં આવેલાં હોય છે. એટલે જરૂરી એ છે કે આ પ્રમાણે ધીમે ધીમે, જરૂરિયાત મુજબ ઊભાં થયેલાં આ બજારો, ફેરિયાઓના ઊભા રહેવાનાં સ્થળો કે રહેઠાણો, જો એનાથી ટ્રાફિક અવરોધાતો ન હોય તો, એમને કાયદેસરતા આપતા જવી જોઇએ. એટલે કે શહેરી આયોજનમાં એના માટેના પ્લાનિંગની પણ કોઇ જરૂર નથી. હકીકત તો એ છે કે શહેરી ઝોનિંગ કે પ્લાનિંગની પણ આમ તો જરૂર નથી.

તેમ છતાં, એ બાબત તો આજે પવિત્ર ગાય જેવી બની ગઇ છે કે શહેરોનો વિકાસ તો આયોજનપૂર્વક જ થવો જોઇએ. અને પ્લાનિંગ કરવામાં આવે તો જ શહેરની વસ્તીની સમસ્યા હલ થઇ શકે અને શહેરનો સુચારુ વિકાસ થઇ શકે. ત્યારે એ બાબત ભૂલી જવાય છે કે શહેરોમાં કઇ વસ્તુઓ- સેવાઓની માંગ કયાં, કેવી, કેટલી ઊભી થશે અને કયા લોકો કયાંથી આવીને અહીં વસશે તથા એ માંગ પૂરી કરશે- વગેરે બાબતોની વર્તમાન પરિસ્થિતિનું આકલન પણ જ્યારે કોઇનું ન હોઇ શકે એવા સંજોગોમાં ભવિષ્યનાં ૫-૧૦-૫૦ વર્ષોમાં એની સ્થિતિ, સંજોગો કેવા હશે એનો અંદાજ આજનો ટાઉન પ્લાનર કઇ રીતે કાઢી શકશે? એટલે જરૂરિયાત-માંગ (સેવા આપનાર અને લેનાર બન્નેની)ના આધાર પર ખડી થતી જતી વ્યવસ્થાને કાયદેસરતા બક્ષતા જવી એ જ એનો સારામાં સારો ઉપાય છે. હા, એમાં જેને ચાતરી ન શકાય એવા અમુક માર્ગદર્શક નિયંત્રક સિદ્ધાંતો હોઇ શકે, દા.ત. આવાં ઊભાં થતાં સ્થળો ટ્રાફિકને કે પાણીના કુદરતી પ્રવાહોને અવરોધતાં ન હોવાં જોઇએ કે રસ્તા પર દબાણ કરતાં ના હોવાં જોઇએ. અલબત્ત, એમાં અમુક સવાલો પેદા થઇ શકે. દા.ત. વર્ષોથી ઊભાં થયેલાં આવાં સ્થળો અને વધતી વસ્તી - વધતા ટ્રાફિકને કારણે રસ્તા પહોળા કરવાની ઊભી થયેલી જરૂરિયાત - આ બે વૈકલ્પિક જરૂરિયાતો વચ્ચેથી તોડ કાઢવો જરૂરી બની જાય છે. એ વખતે પણ શહેરોનું સૌદર્ય કે સ્ટેટસ વગેરે બાબતોને બદલે કયા વિસ્તારમાં શું વધુ જરૂરી છે અથવા રાખવા જેવું છે એના આધારે વસ્તુલક્ષી માર્ગદર્શક સિદ્ધાંતોએ જ ભાગ ભજવવાનો હોય. એવા વસ્તુલક્ષી આકલન પછી જરૂર જણાયે જો એમને ત્યાંથી ઉઠાડવા પડે એમ હોય તો પણ એમને માટેની વૈકલ્પિક વ્યવસ્થા અંગેની પણ નીતિ હોવી જોઇએ. મૂળ મુદ્દો એ છે કે શહેરમાં રહેઠાણ કે ઔદ્યોગિક સંકુલ કે બાગ-બગીચા જેવી શહેરના સમગ્ર વિસ્તારને વિભાજિત કરતી ઝોનિંગ નીતિ, આયોજન અને બિલ્ડીંગ બાયલોઝ વગેરેને બદલે કોર્પોરેશનોની મૂળભૂત જવાબદારી અને ફરજ તમામ શહેરીજનોને પાયાની સવલતો - પાણી, ગટર, ઇલેક્ટ્રીસીટી, રસ્તા પૂરી પાડવાની જ હોવી જોઇએ અને પ્લાનિંગ પણ એનું જ કરવું જોઇએ અને એ સિવાય બીજા કોઇ પ્લાનિંગની જરૂર નથી. JNNURM નીચે પણ આવાં ગેરકાદેસર કહેવાતાં સ્થળો - બજારો, ઝૂંપડપટ્ટીઓ વગેરેને વૈકલ્પિક સ્થળે ખસેડવાને બદલે કે એ જ સ્થળે ઊંચા આવાસોમાં અમુક અમુક ચોરસ ફુટ મકાનો આપવાને બદલે એમને કાયદેસરના અધિકારો અને પાયાની સવલતો આપવામાં આવે એ જ જરૂરી છે.

ચેન્નાઇમાં JNNURM નીચે તાજેતરમાં જ એક અવનવો પ્રયોગ થયો. ચેન્નાઇ શહેરનું આયોજન તો જોકે કરવાનું જ હતું, પણ એમાં એક નવી, સારી બાબત ઉમેરાઇ. શહેરના આવા 'ગેરકાયદેસર' ધંધા/ રહેઠાણો ધરાવતી ૨૦૦ જેટલી વ્યક્તિઓનાં શહેરી આયોજન માટે સલાહ-સૂચનો લેવામાં આવ્યાં. એમણે ઘણાં અગત્યનાં સૂચનો કર્યાં, જેમાંનું સૌથી પહેલું અને અહમ્ સૂચન હતું કે ઝૂંપડપટ્ટીઓ હટાવવા પર તત્કાલ રોક લગાવવામાં આવે અને શહેરી ગરીબો માટે ફાળવાયેલાં નાણાં શહેરોની બહાર એમને માટેનાં મકાનો બાંધવાને બદલે એમને પાયાની સેવાઓ, સગવડો અને એમની હાલની રહેઠાણ-ધંધા રોજગારની જગ્યાઓ પર એમને કાયદેસરના અધિકારો (tenure) આપવામાં વાપરવામાં આવે. એ ઉપરાંત, શહેરમાં એમના ધંધા-બજારો માટેની જગ્યાઓ સુનિશ્ચિત કરવામાં આવે અને ત્યાં એમને માટે પીવાના પાણીની અને સંડાસ જેવી પાયાની સેવાઓ કે ઘોડિયાઘર માટેની જગ્યાઓ પણ આપવામાં આવે. આપણે ઇચ્છીએ કે ચેન્નાઇ શહેર આ સૂચનો અપનાવીને એ અંગે ઠોસ પગલાં લેશે અને બીજાં શહેરો પણ એને અનુસરશે. પ્લાનિંગ જરૂરી જ છે એમ માનનારાઓ પણ શહેરના અર્થતંત્રને ધબકતું રાખનારા આ લોકોની જરૂરિયાતોને અને સૂચનોને ધ્યાનમાં રાખે. તેઓ પણ આ જ શહેરના ભાગ છે કે નહીં ? ■

# લોકસભાના ઉમેદવારો નાગરિકોને જવાબદાર બને.

**ચૂંટાયેલા પ્રતિનિધિઓની નાગરિકો પ્રત્યેની જવાબદારીના સૂચિત ''નીતિ-નિયમો'' સંસદમાં પસાર કરાવશે તે અંગે ઉમેદવારો અને પક્ષો ખાતરી આપે.**

**પ્રત્યેક કામના સ્થળે નોકરી કરનાર માટે ''નીતિ-નિયમો'' હોય છે. લોક પ્રતિનિધિ માટે નવા ''નીતિ-નિયમો'' નક્કી કરવાનો સમય પાકી ગયો છે.**

***- રોહિત પ્રજાપતિ અને તૃપ્તિ શાહ***

છ દાયકા વટાવી ચૂકેલી ભારતની મૂડીવાદી લોકશાહીમાં મતદારોએ અલગ અલગ રાજકીય પક્ષોમાં વિશ્વાસ મૂક્યો અને તેમને વારાફરતી અજમાવી પણ જોયા. પરંતુ અપવાદ વગર તમામ પક્ષોએ અને તેમની સંયુક્ત સરકારોએ મતદારોને ફક્ત નિરાશ જ નથી કર્યા, 'જનવિરોધી' નીતિ આડેધડ અપનાવી લોકોની બેહાલ જિંદગીને વધુ કઠિન અને ન જીવી શકાય તેવી બનાવી દીધી છે.

એ હકીકત છે કે લોકોને એ ખાતરી થઇ ગઇ છે કે મોટાભાગના તમામ પક્ષો, પછી ભલે તેમની વચ્ચે બીજા મતભેદો હોય, પરંતુ તે બધા જ ખુલ્લમ ખુલ્લા ભ્રષ્ટાચારી અને સમાન્ય જનતાના વિરોધી છે તથા સત્તાધારી પૈસાદાર વર્ગના હુકમનું જ પાલન કરે છે.

આ દેશમાં ૩૦ થી ૬૦ ટકા લોકો ક્યારેય મતદાનમાં ભાગ લેતા નથી. તેમાંથી કેટલાક એવા છે જે રાજકારણ પ્રત્યે સૂગ ધરાવે છે અને માને છે કે તેમને રાજકારણ સાથે કોઇ લેવાદેવા નથી. અથવા તો લોકશાહીમાં જ વિશ્વાસ ધરાવતા નથી અને સરમુખત્યારશાહી કે લશ્કરરાજની વાતો કરે છે. પરંતુ બાકીનો મોટો ભાગ એવો છે કે રાજકીય રીતે જાગૃત છે અને છતાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકતો નથી કારણ કે તેમના મત વિસ્તારમાં કોઇપણ ઉમેદવાર તેમના હિતનું પ્રતિનિધિત્વ કરતો નથી. આ જૂથ હાલની મોજૂદ સંસદીય લોકશાહી કરતાં વધારે અસરકારક લોકશાહી રાજકીય પદ્ધતિની શોધમાં છે. જ્યાં સુધી મતપત્રક દ્વારા મતદાન થતું હતું ત્યાં સુધી આવા કેટલાક મતદારો મતપત્રકમાં કંઇક લખીને કે પછી બધા ઉમેદવારો પર ચોકડી મારીને પોતાનો વિરોધ વ્યક્ત કરતાં હતાં. પરંતુ ઇલકટ્રોનિક વોટિંગ મશીને તે શક્યતા પણ છીનવી લીધી છે.

જો કોઇ ઉમેદવાર કે પક્ષ સાથે સહમત થતા હોવ તો તેને મત આપી શકો પરંતુ જ્યારે આપણને લાગે કે આપણા મત વિસ્તારનો કોઇ પણ ઉમેદવાર કે પક્ષ આપણા વિચારોનું પ્રતિબિંબ ધરાવતો નથી કે આપણા સંઘર્ષોને વાચા આપવા તૈયાર જ નથી ત્યારે આપણે શું કરીએ? આપણે શ્રમજીવીઓને આપણા પોતાના એક રાજકીય પક્ષની ચોક્કસ જરૂર છે. એક એવો રાજકીય પક્ષ કે જે લોકશાહી સિદ્ધાંતોના પાયા પર રચાયેલ હોય અને લોકોને જવાબદાર હોય. પરંતુ આવો રાજકીય પક્ષ અસ્તિત્વમાં ન આવે ત્યાં સુધી આપણા મતાધિકારનો ઉપયોગ કેવી રીતે કરવો? બધા ઉમેદવારોમાંથી જે ઓછો ખરાબ અને ભ્રષ્ટ હોય (lesser evil) તેને મત આપ્યા કરવાથી આપણે આપણા જીવન મરણના સંઘર્ષોને આગળ લઈ જઈ શકી એ છીએ ખરા? જવાબ છે, ''ના''.

ખરેખર તો ચૂંટણીમાં લોકોનાં મંતવ્યોનુ સાચું પ્રતિનિધિત્વ રજૂ થાય તેવી પરિસ્થિતિના નિર્માણ માટે એક રસ્તો ''તમામ ઉમેદવારોના વિરોધમાં (Vote Against All Candidates- VAAC)'' મત આપવાનું બટન દાખલ કરવાનો છે. જેથી મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે અને બધા જ ઉમેદવારોને પોતે જાકારો આપે છે તે વાત પણ જાહેર કરી શકે. આમ 'VAAC' ના અધિકાર માટે એટલે કે બધા જ ઉમેદવારોની વિરુદ્ધમાં પોતાનો મત આપવો અને તેની ગણતરી થાય તેવી માંગણી કરવા માટેની ઝુંબેશ ચલાવવાનો સમય આવી ગયો છે.

અને તેની સાથે જ આવતી કાલના સંસદ સભ્યો બનવા મેદાને પડેલા આજના ઉમેદવારો પાસે ઘણી બધી બાબતો અંગે સ્પષ્ટતાઓ માંગવાની જરૂર છે. જેમ કે ''તમામ હાથને કામ'',''તમામને રહેઠાણ, શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવા'',''વ્યાજબી કિંમતે જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ'',''ચૂંટાયેલ ઉમેદવારને પાછા બોલાવવાનો અધિકાર'', ''તમામ ઉમેદવારોની વિરુદ્ધમાં મત આવાનો અધિકાર'' વગેરે જેવી પાયાની માંગણીઓનુ માત્ર નારા તરીકે ઉછાળવાને બદલે તેનો નક્કર રીતે અમલ કરવા તેઓ શું કરશે તે અંગેની વાત અમે હવે પછી કરવાના

છે. પરંતુ તે કરતા પહેલાં આજે સૌથી પહેલાં તો તેમની પ્રતિનિધિ તરીકેની કામગીરી માટેની મૂળભૂત શરતો નક્કી કરવાની જરૂર છે. પશ્ન છે કે લોકસભા, રાજ્યસભા કે વિધાનસભામાં ચૂંટાતા સભ્યોનો દરજ્જો શો છે? તેઓ મધ્યયુગી સામંતો -ઉમેરાયો છે, પ્રજાના ''સેવકો'' છે કે પછી લોકશાહી દેશમાં પોતાના મતવિસ્તારના નાગરિકો વતી લોકોનો અવાજ રજૂ કરનાર પ્રતિનિધિઓ છે?

મધ્યયુગી સામંતો, ઉમરાવો, રાજા-મહારાજાઓ પોતાની મુનસુફી પ્રમાણે વર્તતા. રાજા પ્રજાભિમુખ હોય તો લોકોની સુખાકારી માટે કામ કરે કે ન પણ કરે તો પ્રજા તેને તેમ કરવાની ફરજ પાડી શકતી નહીં. આમ તો હાલના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ તેમની જેમ જ વર્તી રહ્યા છે. પરંતુ સાચી લોકશાહીમાં તેવું ન જ હોવું જોઇએ, કારણ કે લોકશાહીમાં પ્રતિનિધિ પોતાના મતવિસ્તારના નાગરિકો વતી સંસદ કે વિધાનસભામાં જાય છે. જો તે નાગરિકોનો અવાજ રજૂ ન કરી શકે તો નાગરિકોને તેને પાછો બોલાવવાનો અધિકાર પણ હોવો જોઇએ. નાગરિકોના પ્રતિનિધિ તરીકે તેમને સામાન્ય નાગરિકો ન ભોગવી શકે તેવી કોઇપણ સગવડ ભોગવવા માટે લોકોના કરવેરામાંથી ભરાતી સરકારી તિજોરીનાં નાણાં વેડફવાનો અધિકાર તો ન જ હોય શકે. આજે ગરીબમાં ગરીબ વ્યક્તિ જે સીધા આવકવેરા નથી આપતા તે પણ મીઠા કે અનાજ જેવી પાયાની જરૂરિયાત ખરીદે ત્યારે આડકતરા વેરા ભરે જ છે. આ પૈસામાંથી પોતાની સગવડો માટે, જાત જાતના ભથ્થાઓ માટે અને સુરક્ષા માટે કેટલા પૈસા ખર્ચવાનો હક્ક તેમના ચૂટાયેલા પ્રતિનિધિઓને હોઇ શકે? 'THE SALARY, ALLOWANCES AND PENSION OF MEMBERS OF PARLIAMENT ACT, 1954' મુજબ સંસદ સભ્યો રેલ્વે તેમજ વિમાનમાં મફત મુસાફરી, પેટ્રોલ અલાઉન્સ, ફોન અલાઉન્સ રહેવા-જમવાની સબસિડી, ઉપરાંત સંસદ ચાલે તેટલા દિવસનું ૧,૦૦૦ રૂપિયા દૈનિક ભથ્થું અને વિસ્તારમાં કામો કરવા માટેનાં કવોટા ઉપરાંત ૧૬,૦૦૦ રૂપિયાનો પગાર મળે છે. આ સિવાય પણ ઘણી બધી સગવડો તેઓ ભોગવતા હોય છે અને સંસદ સભ્ય મટી જાય તો પણ આખી જિંદગી રૂપિયા ૮,૦૦૦ પેન્શન તથા અન્ય ઘણી સગવડો તેમની ચાલુ જ રહે છે. ભારતના સંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં ૯૨ ટકા કરતાં વધારે શ્રમજીવીઓને આનાથી સોમાં ભાગની સગવડો પણ ન મળતી હોય તો તેમના પ્રતિનિધિઓનાં વેતન, ભથ્થાં અને સગવડો કેટલાં હોવાં જોઇએ તે પ્રશ્ન કરવાની જરૂર છે.

ઉપરાંત સંસદ સભ્યો પગાર અને ભથ્થાં મેળવતા હોય તો કોઇ પણ કામના સ્થળ પર કામદાર માટે હોય છે તેમ તેમની કામની શરતો એટલે કે ''નીતિ-નિયમો'' હોવા જરૂરી છે અને શરતભંગ માટે શિસ્તભંગનાં પગલાં પણ ભરાવાં જરૂરી છે. લોકસભા, રાજ્યસભા, વિધાનસભાને વધુ કાર્યક્ષમ અને વ્યવસ્થિત ચલાવવા અને તેના મસમોટા ખર્ચાઓમાં કાપ મૂકી લોકો માટે આ નાંણાં ફાળવી શકાય તે માટે કેટલાંક તત્કાલ પાયાનાં સૂચનો લોકો સમક્ષ મૂકી રહ્યા છીએ અને લોકોને વિવિધ પક્ષો અને ઉમેદવારોને નીચેના સૂચિત ''નીતિ-નિયમો'' બાબતે પ્રશ્નો પૂછવા માટે અપીલ કરીએ છીએ.

૧. તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓને હાલમાં 'THE SALARY, ALLOWANCES AND PENSION OF MEMBERS OF PARLIAMENT ACT, 1954' મુજબ જે સગવડો, સેવા અને ભથ્થાંઓ મળે છે તે બંધ કરી દેવાં. તેને બદલે કુશળ કામદાર માટે જાહેર થતા લઘુત્તમ વેતન કરતાં બમણાં અને મંત્રીઓને ત્રણ ગણાં નાણાં પગાર પેટે ચૂકવવાં.

૨. જે રીતે કામદારોના પ્રોવીડન્ટ ફંડ તેમજ ઇ.એસ.આઇ.ના નાણાં પગારમાંથી કપાય છે તે રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓના પણ કપાય અને કામદારોને મળતા પી.એફ.એકટ અને ઇ.એસ. આઇ. એકટ હેઠળના તમામ લાભો તેમને પણ મળે તેવી જોગવાઇ કરવી.

૩. ચૂંટાયેલા પ્રતિનિધિઓને દર વર્ષે બે જોડી ખાદી કે હેન્ડલુમનાં યુનિફોર્મ આપવામાં આવશે.

જાહેર જનતાના કામ કરવા માટે તેમને વધારાની સગવડો નીચે મુજબ આપવી.

૪. ચૂંટાયેલા પ્રતિનિધિઓ જાહેર હિતનાં કામો કરવામાં મદદરૂપ થવા તેમના વિસ્તારના જ છ કાર્યકરની નિયુક્તિ કરી શકે અને તેમને પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓને ભથ્થા પેટે ચૂકવવામાં આવતાં નાણાં જેટલાં નાણાં પગાર પેટે ચૂકવવામાં આવશે. જો જે તે વિસ્તાર સિવાયના અન્ય લોકોની તેઓ નિયુક્તિ કરે તો તેમનાં ભથ્થાં રાજ્ય તરફથી ચૂકવવામાં આવશે નહીં.

૫. ચૂંટાયેલા પ્રતિનિધિઓને પોતાના વિસ્તારમાં વિસ્તારના લોકોને અનુકૂળ હોય તેવી જગ્યાએ સાદી ઓફિસની સગવડ રાજ્ય આપશે. સરકારી રજાઓ સિવાયના તમામ દિવસોએ આ ઓફિસ ખુલ્લી રહેશે તથા તેમાં પ્રતિનિધિ અને તેના બે પગારદાર કાર્યકરોએ નિયમ અનુસાર હાજરી આપવાની રહેશે.

૬. દરેક ચૂંટાયેલા ઉમેદવારને બી.એસ.એન.એલ.નો મોબાઇલ ફોન આપવામાં આવશે અને તેમના વિસ્તારના લોકો પોતાના બી.એસ.એન.એલ ફોન પરથી પ્રતિનિધિ સાથે ફ્રીમાં વાત કરી શકશે. તેમજ પ્રતિનિધિને ફક્ત લોકોના કામ માટે કરવા પડતા તમામ કોલ ફ્રી મળશે.

૭. જ્યારે સત્ર ચાલુ હોય ત્યારે સત્રમાં અને સત્ર ચાલુ ના હોય ત્યારે વિસ્તારની ઓફિસમાં નક્કી થયા મુજબ ચૂંટાયેલા પ્રતિનિધિએ હાજરી આપવી ફરજિયાત હશે.

૮. દર ત્રણ મહિને પત્રકારોની હાજરીમાં લોકો ચૂંટાયેલા પ્રતિનિધિઓને પોતાના પ્રશ્નો પૂછી શકે તે માટે વિસ્તારમાં પૂરતી જાહેરાત કરી ખાસ આખા દિવસની મિટિંગનું આયોજન કરવાનું રહેશે. મિટિંગમાં થયેલ તમામ ચર્ચાઓ અને નિર્ણયોની વિગતો લખી નોટિસ બોર્ડ પર મુકવી.

૯. તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ જાહેર ટ્રાન્સપોર્ટની એટલે કે બસ, રેલવેની વ્યવસ્થાનો જ ઉપયોગ કરવાનો રહેશે. જેમાં જાહેર હિતોનાં કામો માટેની મુસાફરીનો ખર્ચ જ રાજ્ય ભોગવશે. રાજ્ય સ્લીપર સેકન્ડ કલાસનો જ ખર્ચ ભોગવશે અને જો તેઓ અન્ય વર્ગમાં જાહેર હિતોનાં કામ માટે મુસાફરી કરે તો સેકન્ડ કલાસનો ખર્ચ જ નહીં પરંતુ તમામ ખર્ચો જે તે ચૂંટાયેલા પ્રતિનિધિઓએ જાતે ભોગવવો પડશે.

૧૦. લોકસભા, રાજ્યસભા કે વિધાનસભાના ચૂંટાયેલા તમામ ઉમેદવારોને સત્ર દરમ્યાન રહેવા માટે અલગ કવાર્ટર્સ બદલે વ્યક્તિ રહી શકે તેવી ડોરમેટરીની સાદી વ્યવસ્થા મળશે.

૧૧. તમામ મંત્રીઓ માટે અલગ કવાટર્સને બદલે ૫ મંત્રી રહી શકે તેવી ડોરમેટરીની અન્ય ચૂંટાયેલા પ્રતિનિધિઓને બાજુમાં જ ડોરમેટરીની સાદી વ્યવસ્થા મળશે.

૧૨. ચૂંટાયેલા પ્રતિનિધિઓને મળવા માટે આવતા નાગરિકો અને તેમના કુટુંબીજનો માટે ગેસ્ટ હાઉસ, જેમાં પણ ૧૦ વ્યક્તિ રહી શકે તેવી ડોરમેટરીની સાદી વ્યવસ્થા વાજબી કિંમતે મળશે.

૧૩. સત્ર દરમ્યાન નાસ્તો, બપોરના અને સાંજના જમવાના માટેની સાદા અને શુદ્ધ ભોજનની (જેમાંથી ૨૪૦૦ કેલેરી મળે) તેવી સામૂહિક વ્યવસ્થા વિના મૂલ્યે કરવામાં આવશે.

૧૪. આ પ્રકારની સામૂહિક વ્યવસ્થાને કારણે સુરક્ષા માટે અલગ અલગ વ્યવસ્થા ઊભી કરવાની ઓછી જરૂર પડશે.

૧૫. જે ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકસભા, રાજયસભા કે વિધાનસભામાં વાજબી કારણો સિવાય અને અગાઉથી જણાવીને રજા મંજૂર કરાવ્યા વગર ગેરહાજર રહેશે તો તેમના પગાર અને ભથ્થામાં તે દિવસો પૂરતો જ કપાત નહીં મુકાય પરંતુ આવી એક ગેરહાજરીએ તેમના ત્રણ દિવસનાં ભથ્થા કાપી લેવામાં આવશે.

૧૬. નિયમ કરતાં વધારે સમય સત્રમાં ગેરહાજર રહેનાર ચૂંટાયેલા પ્રતિનિધિઓને આખા વર્ષનું ભથ્થું જ નહીં પરંતુ તેમની આખા વર્ષની તમામ સગવડો પાછી ખેંચી લેવામાં આવશે.

૧૭. ચૂંટાયેલા પ્રતિનિધિઓ જો લોકસભા, રાજયસભા કે વિધાનસભામાં નીતિ નિયમોમાં રહીને પોતાની વાત રજૂ કરવાને બદલે ધાંધલ ધમાલ કે સૂત્રોચારનો સહારો લેશે તો તેમના આ વર્તન માટે તેમનાં તે સત્રનાં મળનાર ભથ્થાઓ તેમને ચૂકવવામાં નહીં આવે અને તેમની પાસેથી ડોરમેટરીમાં તે દિવસો દરમ્યાન રહેવા જમવા માટે ચાર્જ લેવામાં આશશે અને તેમણે લોકોની તેમજ સંસદની લેખિતમાં માફી માંગવાની રહેશે.

૧૮. ચૂંટાયેલા પ્રતિનિધિઓ ત્રણથી વધુ વખત પોતાની વાત રજુ કરવાને બદલે ધાંધલ ધમાલ કે સૂત્રોચારનો સહારો લેશે તો ત્યાર પછી તરત આવનાર તમામ સ્તરની ચૂંટણીમાં ઉમેદવારી કરવાનો અધિકાર તેઓ ગુમાવશે.

૧૯. દર સત્ર વખતે દરેક ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પોતાના વિસ્તારના પ્રશ્નોની લેખિત યાદી રજૂ કરવાની રહેશે અને આ પ્રશ્નોને હલ કરવા તેમનાં ઠોસ સૂચનો પણ લેખિતમાં જણાવવાના રહેશે. આ માહિતી દરેક ચૂંટાયેલા પ્રતિનિધિએ પોતાના વિસ્તારમાં પોતાની ઓફિસની બહાર મૂકવી ફરજિયાત રહેશે.

૨૦. આ લેખિત રજૂઆતોને આધારે તમામ મુદ્દાઓને આવરી લઇ જે તે હાઉસના અધ્યક્ષે જે તે સત્ર માટે એજન્ડા બનાવવા અને તે વ્યવસ્થિત ચર્ચાય તેવી વ્યવસ્થા ઊભી કરવી જેથી હાઉસમાં

વ્યવસ્થિત ચર્ચાય તેવી વ્યવસ્થા ઊભી કરવી જેથી હાઉસમાં વ્યવસ્થિત ચર્ચા થાય અને ચૂંટાયેલા તમામ ઉમેદવારોની રજૂઆતો બાબતે પણ ચર્ચા યોજાય. આ એજન્ડાઓને આધારે જે તે સત્ર કેટલા દિવસો માટે મળશે તે નક્કી કરવું અને એજન્ડાના મુદ્દાઓ પૂરા ના થાય તો સત્ર જરૂર મુજબ લંબાવવું.

૨૧. હાલમાં ચાલતી ચૂંટાયેલા પ્રતિનિધિઓની ગ્રાન્ટની વ્યવસ્થા પાછી ખેંચી ચૂંટાયેલા પ્રતિનિધિઓના વિસ્તારના પ્રશ્નોની લેખિત રજૂઆતો અને તેનાં સૂચનોને આધારે તેમને વિસ્તારના કામ માટેના નાણાં રાજ્ય ફાળવશે.

૨૨. વિસ્તારમાં અમલમાં મૂકવાની કોઈપણ યોજના કે કામ અંગે લોકસભા, રાજ્યસભા કે વિધાનસભામાં પ્રસ્તાવ મૂકતા પહેલાં પોતાના વિસ્તારમાં પૂરતી જાહેરાત કરી જાહેર સુનાવણીનું આયોજન કરવાનું રહેશે જેમાં વિસ્તારના નાગરિકો અને નાગરિક જૂથો પોતાના અભિપ્રાયો, વાંધાઓ અને સૂચનો રજૂ કરશે. આ જાહેર સુનાવણીનો અહેવાલ તૈયાર થાય તેના આધારે જ તમામ વિસ્તારોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી વિસ્તારોમાં નાણાં વ્યવસ્થિત ફળવવા માટે તંત્ર ગોઠવવામાં આવશે.

૨૩. સત્ર દરમ્યાન દરરોજ સવારે આગલા દિવસે થયેલ કાર્યવાહીની લેખિત માહિતી પત્રકાર પરિષદ બોલાવી સરકારે રજૂ કરવી.

૨૪. દરેક સત્ર વખતે નાગરિકો સત્રને નિહાળી શકે તે માટેની ખાસ વ્યવસ્થા કરવી અને સત્ર જોવા આવનાર નાગરિકો માટે ખાસ બસ કે રેલવેની ઓછા ભાડાએ વ્યવસ્થા કરવી અને રહેવા, જમવા માટેની નજીવી કિંમતે વ્યવસ્થા ગોઠવવી.

૨૫. દર સત્ર વખતે દરેક ચૂંટાયેલા પ્રતિનિધિઓએ બે સત્રની વચ્ચેના સમય દરમ્યાન તેમણે ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે શા કામો કર્યાં તેની વિગતો લેખિતમાં આપવાની રહેશે. આ માહિતી દરેક ચૂંટાયેલા પ્રતિનિધિએ પોતાના વિસ્તારમાં પોતાની ઓફિસની બહાર મૂકવી ફરજિયાત હશે.

૨૬. પોતાની અન્ય આવકની વિગતો દર વર્ષે લોકો સમક્ષ અને સત્રમાં રજૂ કરવી ફરજિયાત રહેશે. તેમણે સંસદ માન્ય ખાસ ઓડિટર પાસે પોતાની આવક જાવકના હિસાબો ઓડિટ કરાવવાના રહેશે.

૨૭. નક્કી થયેલ નિયમોનું પાલન નહીં કરનાર ચૂંટાયેલા પ્રતિનિધિઓનાં ભથ્થાં અને સગવડોમાં ૬૦ ટકાનો કાપ મૂકવામાં આવશે.

૨૮. નિયમોનું પાલન કરવામાં ત્રણ વાર નિષ્ફળ જનાર ચૂંટાયેલા પ્રતિનિધિઓ ત્યાર પછીની તરત આવનાર તમામ સ્તરની ચૂંટણીમાં પોતાની ઉમેદવારી કરવાનો અધિકાર ગુમાવશે.

૨૯. ફરી વાર ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારે પોતે આગળ ઉપર કરેલ કામોની વિગતવાર માહિતી લેખિતમાં સોંગદ ઉપર જાહેર કરવી પડશે. આ માહિતી ખોટી જણાય તો ચૂંટણી પંચ તેમની ઉમેદવારી રદ કરી શકાશે.

૩૦. ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે તેમના વિસ્તાર સિવાયના અન્ય વિસ્તારના વંચિત સમૂહો તથા સામાન્ય નાગરિકોની જીવનની પરિસ્થિતિનો અનુભવ લેવા ફરજિયાત વર્ષે એક વાર ૭ દિવસનો પ્રવાસ (LTC) ગોઠવવામાં આવશે. આ પ્રવાસ દરમ્યાન તેમની રહેવા જમવાની વ્યવસ્થા આ સામાન્ય લોકોનાં ઘરોમાં રાજ્યનાં ખર્ચે કરવામાં આવશે. જેનો લેખિત અહેવાલ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ વિસ્તારના લોકો સમક્ષ તથા સત્ર દરમ્યાન રજૂ કરવાનો રહેશે.

૩૧. જે તે વિસ્તારને સ્પર્શતા મુદ્દાઓ સિવાય સમગ્ર દેશને સ્પર્શતા કે ખાસ વિષયોને લગતા કાયદા કે નિર્ણયો માટે પ્રતિનિધિઓને જાણકારી આપવા વિષય નિષ્ણાતોને બોલાવી તેમની તાલીમનું આયોજન કરવામાં આવશે. આ તાલીમમાં ભાગ લેવો તમામ પ્રતિનિધિઓ માટે ફરજિયાત રહેશે.

ઉપર સૂચવેલ ''નીતિનિયમો'' નાગરિકો અને ચૂંટણીમાં હાલમાં ઊભા રહેલા ઉમેદવારો સાથે ગંભીર ચર્ચા શરૂ કરવાના આશયથી રજૂ કર્યા છે. આમાં હજુ ઘણા સુધારા-વધારાને અવકાશે છે.

ઉપરોક્ત માંગણીઓ આ ચૂંટણી વખતે પક્ષો અને ઉમેદવારો સમક્ષની અમારી માંગણીની ફક્ત આ શરૂઆત જ છે. લોકોની ઠોસ માંગણીઓ બાબતે હવે પછી લખીશું. ■

*(૩૭, પત્રકાર સોસાયટી, તાંદલજા, વડોદરા)*

# ચૂંટણી ટાણે . . .

**વૃપ્તિ પારેખ**

'લગાન' ફિલ્મનો છેલ્લો સીન યાદ છે? અંગ્રેજો અને આમિરખાનના ગામડાની ટીમ વચ્ચે રમાઇ રહેલી ક્રિકેટ મેચમાં અંગ્રેજો દાવ આપી રહ્યા છે અને આમિરખાનની ટીમ દાવ લઇ રહી છે. છેલ્લી ઓવરનો છેલ્લો બોલ બાકી છે અને ૬ રન કરવાના છે. કોઇપણ મેચમાં દિલની ધડકન વધારી દે તેવી ક્ષણો છે. અને અહીં તો પરિસ્થિતિ એવી છે કે જો હાર થાય તો આમિરખાનના ગામના લોકોએ જ નહીં, આજુબાજુ પંથકનાં દુષ્કાળગ્રસ્ત કેટલાંય ગામોના લોકોએ જ્યારે એક વર્ષનું લગાન ભરવું જ મુશ્કેલ હતું તેવા ટાણે ત્રણગણું લગાન આપવું પડે. સૌ ઊંચા જીવે જુએ છે. દાવ લેનાર ઠૂંઠો ખેલાડી અને આમિરખાન દોડીને એક રન તો લઈ લે છે, પણ એ તો છેલ્લો બોલ હતો. ખેલ ખતમ! અંગ્રેજોની ટીમ એકમેકને હાથતાળી દઇ આનંદ વ્યક્ત કરી રહી છે, અને ગામલોકો ત્રણગણું લગાન ભરવું પડશે, તેવી ચિંતામાં પડી જાય છે. તેવે વખતે જ અંગ્રેજ અમ્પાયર મોટેથી બોલતો સંભળાય છે-'નો બોલ', 'નો બોલ'. માનવામાં ન આવે એવું બની જાય છે. અંગ્રેજ ટીમને ગડ નથી બેસતી, પણ અમ્પાયરનું રુલિંગ, અને એ પણ અંગ્રેજ અમ્પાયરનું. ફરીથી એક બોલ નંખાય છે - આમિરખાન સામે. અને તેઓ મેચ જીતી જાય છે.

અંગ્રેજ અમ્પાયરે રમતના નિયમો પકડી રાખ્યા. ક્રિકેટ હોય કે કોઇપણ રમત હોય, એ એના નિયમો પ્રમાણે, ઉસુલો મુતાબિક જ રમાય. એટલે તો રમત સિવાય પણ 'rules of the game'નો મુહાવરો પ્રચલિત છે. એવા નિયમો, જે તોડી ન શકાય, જે sacrosanct હોય, જેને અડકી ન શકાય. નીતિમત્તાનું સામાન્ય જિંદગીમાં અધિષ્ઠાન અથવા તો એનું manifestation આવા 'rules of the game' દ્વારા જ થાય છે.

એટલે વાત છે નિયમ પાલન તરફની નિષ્ઠાની, નીતિમત્તાની. ક્રિકેટ જેવી રમતમાં પણ 'rules of the game'ને વળગી રહેવામાં આવે છે. દેશના રાજકાજ - વહીવટની ધૂરા જેમના હાથમાં આપણે સોંપવાના છીએ, તેઓએ એના 'rules of the game' પાળ્યા છે, પાળી રહ્યા છે અને પાળવાના છે કે નહીં - એ આપણે પાકકું નહીં કરીએ ? સારા રાજકારભારના પાયાના નિયમો છે - દેશના પ્રત્યેક નાગરિકની જિંદગી, ગરિમા અને મિલકતનું રક્ષણ, તમામ નાગરિક સાથે સમાન વ્યવહાર, તમામ નાગરિકોના વ્યક્તિ સ્વાતંત્ર્યનો આદર - ટૂંકમાં, કાયદાના રાજની આણ માથે રાખવી. આ પાયાના સિદ્ધાંતોને અનુરૂપ 'rules of the game' નિયમોનું પાલન કરે છે કે કરશે કે નહીં એ પ્રત્યેક પક્ષ કે એના ઉમેદવાર પાસે પાક્કું કરવું પડે. આપણા રાજકારણીઓ રાજકારભારની આ મહા- રમતના ખેલાડીઓ છે, તેઓ નિયમોને અળગા રાખીને ચાલે ત્યારે આપણે કેમ ચૂપ બેસી રહીએ છીએ?

હમણાં હમણાં ટીવી પર એક જાહેરખબર જોવા મળે છે. જાગોરીડોટકોમની એક વ્યક્તિ મત લેવા આવનાર રાજકારણીને એની લાયકાત પૂછે છે. રાજકારણીના મોઢા પર દેખીતી નવાઇ અને ગુસ્સો લીંપાઇ જાય છે - મારી લાયકાત શા માટે પૂછે છે? ત્યારે પેલી વ્યક્તિ જવાબ આપે છે - કેમ, કોઇપણ સીધીસાદી નોકરી માટે લાયકાત પૂછવામાં આવે છે, તો આ તો દેશને ચલાવવાનું કેટલું મોટું કામ છે! એને માટે લાયકાત તો પૂછવી જ પડે ને? રાજકારણીની 'જો થઇ જાય છે' જાહેરખબર સરસ છે. ચૂંટણી આવી રહી છે, We, the people – આપણે સૌ નાગરિકો બોધપાઠ લઇશું?

કાંઇ નહીં તો રાજકારણીઓ પાસેથી'rules of the game' તરફની નિષ્ઠા અને રાજ ચલાવવાની લાયકાત (qualifications) તો આપણે પૂછીશું ને? એ યાદ રહે કે ન્યાય-જાત કે ધર્મ એ કોઇ લાયકાત નથી. ઉપર જણાવેલા મૂળભૂત સિદ્ધાંતોની સમજણ હોવી અને એની અંતર્ગત નિયમો બનાવતા જવા કે બનેલા નિયમોનું પાલન કરવું એ રાજકારણીની પાયાની લાયકાત છે. ન્યાત-જાત-ધર્મના નામે વૈમનસ્યનું ઝેર ફેલાવતા કે 'બળિયાના બે ભાગ'માં માનતા ભ્રષ્ટ રાજકારણીઓ દેશના નાગરિકોના પાયાના અધિકારોને રક્ષણ આપતો રાજકારભાર કેવી રીતે કરી શકશે ? વર્ષોથી પેઠેલો આ કોહવાટ રાતોરાત દૂર નહીં કરી શકાય એ વાત સાચી, પણ શરૂઆત તો કરીશું ને ?

સાવ સામાન્ય જીવન જીવવામાં પણ જે 'rules of the game' કે લાયકાતોની જરૂર હોય છે, કમસેકમ એટલી બાબતોની પણ દેશના વહીવટ માટે આપણે અપેક્ષા નહીં રાખીએ ? ■

## પુસ્તક પરિચય

# ગુજરાતની અસ્મિતા : મારી નજરે




ડિસેમ્બર ૨૦૦૮માં ગુજરાતી સાહિત્ય પરિષદની ૨૫મી રજત જયંતી જ્ઞાનસત્ર નિમિત્તે કીમ એજ્યુકેશન સોસાયટીએ સરસ પુસ્તક પ્રકાશિત કરીને એક નવલું નજરાણું ગુજરાતને ખોળે ધર્યું છે. 'ગુજરાતની અસ્મિતા : મારી નજરે'નું સંપાદન કર્યું છે શ્રી ઉત્તમભાઇ પરમારે. પુસ્તકમાં સમાજજીવન સાથે નિસબત ધરાવતા ૭૮ લેખક-લેખિકાઓએ પોતપોતાના ખાસ દૃષ્ટિકોણ કે અભ્યાસ પર આધારિત, ગુજરાતનાં જુદાં જુદાં, સારાં-નરસાં પાસાંઓને ઉજાગર કર્યાં છે.

ગુર્જર સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં પ્રદાનથી લઇને સૈકાઓ જૂની ગુજરાતની સીમાઓ પાર દૂર દૂર વિદેશોમાં લાંગરેલી ગુજરાતી વ્યાપારી સંસ્કૃતિ; ગુજરાતના ધર્મ, તત્વચિંતન, જીવનદર્શન, શિલ્પ-સ્થાપત્ય, સાહિત્ય વગેરે પાસાંઓથી માંડીને ગુજરાતના આદિવાસી, દલિત, પારસીઓ, સ્ત્રીઓ વગેરેની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે. ભૂકંપ પછી બેઠા થઇ ગયેલા કચ્છીઓના બારમાસી ખમીરમાં અને પૂર પછી બીજે જ દિવસે કોઇ જ દેખાડા કે બદલાની અપેક્ષા વગર સૂરતની પાદરે પીવાનાં પાણીનાં પાઉચ, દૂધ, ખાવાનું લઇને આવી પહોંચેલા આજુબાજુનાં ગામોના લોકોની સમસંવેદનામાં કે થોડા જ દિવસોમાં ફરી ધમધમતા થઇ ગયેલા સૂરતના રણકારમાં પ્રચ્છન્ન રહેલી ઓળખ અને અસ્મિતા બહાર લાવવામાં આવી છે.

ક. મા. મુનશીની ગુજરાતની 'અસ્મિતા'માં રહેલો દ્વન્દ્વ - મુંજાલ મહેતાની 'મઢૂલી' એટલે કે પ્રાદેશિકતાવાદ - પ્રાંતવાદ (parochialism) કે કીર્તિદેવની પૂરા આર્યાવર્ત સાથેની નિસબત એટલે કે વ્યાપકતા - નર્મદની 'પછી હોય ગમે તે જાત, તેની તેની છે ગુજરાત' કે ઉમાશંકર જોશીની 'આ તે કેવો ગુજરાતી, જે હો કેવળ ગુજરાતી ?'ની વ્યાપકતા - વચ્ચેનો દ્વન્દ્વ પુસ્તકમાં કેન્દ્રસ્થાને છે, જે ઘણા લેખોમાં ઉદ્વેગની ભાવના સાથે ટપકે છે, ખાસ કરીને તાજેતરનાં વર્ષોના સંદર્ભમાં.

નરસિંહ મહેતાથી લઇને અખો-ધીરો-દાદુથી લઇને ભાલણ - શામળ, પ્રેમાનંદ, નર્મદ કે ગોવર્ધનરામથી લઇને, નાન્હાલાલ - પન્નાલાલ, મેઘાણી કે મુનશી (અલબત્ત, આઝાદી પછીની યુવા પેઢીને ગાંધીના આદર્શો અને સમાજસેવાનું ઘેલું લગાડનાર, મુનશીના જ સમકાલીન ર.વ. દેસાઇનો ઉલ્લેખ છેલ્લે છેલ્લે એક લેખમાં મળ્યો એ સારું લાગ્યું, પણ તળપદી ગુજરાતી ભાષાનું કૌવત બતાવનાર સ્વામી આનંદને કેમ ચૂકી જવાયા એની ગેડ બેસતી નથી.) જેવા અનેકાનેક સંવેદનશીલ સાહિત્યકારોની કૃતિઓમાં ડોકાતું ગુજરાત કે ગાંધી - સરદાર, રવિશંકર મહારાજ - ઇન્દુચાચા, જુગતરામ - ગિજુભાઇ, વસંત - રજબ, હોમી ભાભા - વિક્રમ સારાભાઇ, અને કેટલીય નામી-અનામી વ્યક્તિનું સિંચણ કરનાર ભોમકા ગુજરાત - જે ઉમાશંકરના શબ્દોમાં 'નર્મદની ગુજરાત દોહ્યલી રે જીવવી, ગાંધીની ગુજરાત કપરી જીરવવી . . . ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત, મળતાં મળી ગઇ મોંઘેરી ગુજરાત' - માંથી નીતરતું ગૌરવ જાણે પ્રાંતવાદ-પ્રદેશવાદ કે કોમવાદની નાની મઢૂલીમાં ધરબાઇ ગયું હોવાની વેદના ટપકે છે. 'વતનની ધૂળથી માથું ભરી લઉં, આદિલ, અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે' કહેનાર કવિ અને ગઝલકાર આદિલ મનસુરીનું કવિ હૃદય ચિત્કાર કરી બેસે છે : 'છે ઇમારત પડું પડું, આદિલ, મૂળ આધાર ખસે છે, રોકો'. એ અસ્મિતા 'ભસ્મિતા' બની ગઇ છે ત્યારે, ઉમાશંકરે પૂછેલો 'ગાંધીના પગલે તું ચાલીશ ને ગજરાત?' સવાલ પુસ્તકમાં ઘૂંટાઇ રહ્યો છે.

અસ્મિતા એ નથી મઢૂલીનો સંકુચિત અને સાંકડો પ્રાંતવાદ-ભાષાવાદ-કોમવાદ કે નથી મિથ્યાભિમાન. અને એમાંય જ્યારે એ બન્ને ભેગાં થઇ જાય, ત્યારે તો એ અસ્મિતા ખસૂસ નથી રહેતી. ઘણા લેખોમાં આ અસ્મિતા ખોયાની વેદના છે, પણ સાથે જ ગુજરાતનાં કેટલાંય પાસાંઓ, ખૂબીઓ અને વ્યક્તિઓનો જે ચિતાર પાને પાને છતો થયા કરે છે એ, ૨૦૦૨ પહેલાંનું ગુજરાતી હોવાનું જે ગૌરવ હતું એ ગુજરાતની ગાથાની ફરી પાછી જાણે યાદ દેવડાવી જાય છે, એ ગૌરવ પાછું જાણે તાજું કરાવી જાય છે. આજે આ મોંઘેરી ગુજરાતના મહામૂલા વિવિધ વારસાને ઉજાગર કરીને પુસ્તક આપણને જાણે કહી રહ્યું છે, જોજો, મોંઘેરી ગુજરાતને ફરી ખોઇ ના બેસીએ. ■

***- તૃપ્તિ પારેખ***

*Among the traditions we must count as the most important is what we may call the 'moral framework' (corresponding to the institutional 'legal framework') of a society. This incorporates the society's traditional sense of justice or fairness, or the degree of moral sensitivity it has reached. This moral framework serves as the basis which makes it possible to reach a fair or equitable compromise between conflcting interests where this is necessary. It is, of course, itself not unchangeable, but it changes comparatively slowly. Nothing is more dangerous than the destruction of this traditional framework. (Its destruction was consciously aimed at by Nazism.) In the end its destruction will lead to cynicism and nihilism, i.e. to the disregard and the dissolution of all human values.*

***Karl Popper (1963)***

*Freedom of thought, and free discussion, are ultimate Liberal values which do not really need any further justification. Nevertheless, they can also be justified pragmatically in terms of the part they play in the search for truth.*

*Truth is not manifest; and it is not easy to come by. The search for truth demands at least*

*(a) imagination*

*(b) trial and error*

*(c) the gradual discovery of our prejudices by way of (a), of (b), and of critical discussion.*

***Karl Popper (1963)***

RNI No. GUJMUL/2007/21517

Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.

- Rabindranath Tagore - Gitanjali

Khoj - Jeevan Ek Avirat Khoj January-February 2009, March-April 2009 Volume 3 Issues 1-2
Editor : Ambrish Mehta
Published and Printed by Ambrish Mehta on behalf of Action Research in Community Health and Development,
E-702, Samrajya Complex, Vadodara - 390002. Printed at Vishal Offset, Sardar Estate, Vadodara